દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 137 ■ વિક્રમ સંવત ૨૦૮૨
અધિક જયેષ્ઠ વદ - ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 June 2026, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર, ૧૧ જૂન ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ઈરાને કિંમત ચૂકવવી પડશેઃ ટ્રમ્પ

**આ સામસામા નવા હુમલાને લીધે યુદ્ધ અટકાવવાની મંત્રણા ભાંગી પડશે**

## ભીષણ યુદ્ધ શરૂઃ હેલિકૉપ્ટર તોડી પાડવા બદલ તહેરાનને દોષી ઠેરવ્યું વૉશિંગ્ટનેઃ બાહરીન, કુવૈત, જોર્ડન સહિતનાં અખાતમાંનાં અમેરિકી લશ્કરી મથકો પર ઈરાનના હુમલા

દુબઈઃ ઇરાન અને અમેરિકા વચ્ચે તકલાદી યુદ્ધવિરામ પછી ફરી જોરદાર લડાઈ ફાટી નીકળી છે. અમેરિકાએ ઇરાન પર તેના હેલિકૉપ્ટર તોડવાનો આક્ષેપ કરીને બુધવારે પરોઢિયે હવાઈહુમલા કર્યા હતા અને આના જવાબમાં ઈરાને બાહરિન, કુવૈત અને જોર્ડન સહિતનાં અમેરિકન લશ્કરી મથકો પર ભયંકર હુમલો કર્યો હતો. આ સામસામા નવા હુમલાને લીધે યુદ્ધ અટકાવવાની મંત્રણા ભાંગી પડશે, એવા સંજોગો ઊભા થયા છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે ઇરાન ડીલની વાતચીત કરવા માટે વધુ લાંબો સમય

(જુઓ પાનું ૨) ▶▶

## ઓમાનના કાંઠે ત્રણ ભારતીય નાવિક ગુમ

નવી દિલ્હીઃ ઓમાનના દરિયાકાંઠે મર્ચન્ટ ટૅન્કર પર કરવામાં આવેલા મિસાઈલ હુમલાને ભારતે બુધવારે ચિંતાજનક ગણાવી વખોડી કાઢ્યો હતો. મર્ચન્ટ ટૅન્કર પરના ૨૪ ભારતીય ક્રૂ મેમ્બરમાંના ૨૧ને ઉગારી લીધા હતા તો ત્રણ ભારતીય ક્રૂ મેમ્બર હજુ પણ ગુમ હોવાનું વિદેશી મંત્રાલયે કહ્યું હતું. (એજન્સી)

## અમદાવાદ મેટ્રોનો ફેઝ-ટૂએ મંજૂરઃ પાંચ નવાં સ્ટેશન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં બુધવારે કેન્દ્રીય કેબિનેટની બેઠક મળી હતી જેમાં ૪,૭૦૩ કરોડ રૂપિયાના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી હતી. આ પ્રોજેક્ટ્સમાં અમદાવાદ મેટ્રોના ફેઝ-ટૂએના વિસ્તરણનો સમાવેશ થાય છે, જેને ૨,૧૬૯ કરોડ રૂપિયાના કુલ ખર્ચ સાથે બનાવવાની દરખાસ્ત છે. આ વિસ્તરણ હાલની મેટ્રોને એરપોર્ટ અને આગામી કોમનવેલ્થ ગેમ્સ કોમ્પ્લેક્સ સાથે જોડશે.

અમદાવાદ મેટ્રો પ્રોજેક્ટનો ફેઝ-ટૂએ અંદાજે ૬.૦૩૨ કિલોમીટરનો નવો કોરિડોર હશે, જેનો હેતુ રહેણાક અને વ્યાપારી હબ સહિતના મુખ્ય વિસ્તારોને હાલના અમદાવાદ-

(જુઓ પાનું ૨) ▶▶

## પીઓકેમાં પાકિસ્તાન સૈન્યનું હેલિકૉપ્ટર તૂટી પડ્યું, તમામનાં મોત

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનના કબજાવાળા કાશ્મીર (પીઓકે)માં મુઝફ્ફરાબાદ નજીક પાકિસ્તાનની સેનાનું એમઆઇ-૧૭ હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. જેમાં સવાર તમામ લોકોના મોત નીપજ્યા હતા. આ માહિતી સેનાએ આપી હતી.પાકિસ્તાન સેનાની મીડિયા વિંગ આઇએસપીઆરએ મૃત્યુઆંક આપ્યા વિના જણાવ્યું કે કોઇ પણ જીવિત રહ્યું નથી. આ અકસ્માત ટેક-ઓફ્ફ દરમિયાન ટેક્નિકલ ખામીને કારણે થયો હોવાનું એક નિવેદનમાં જણાવાયું છે. બચાવ અને રિકવરી ટીમો તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી હતી. તેમજ અકસ્માતના સચોટ ટેક્નિકલ કારણની ભાળ મેળવવા માટે તપાસના આદેશ આપવામાં આવ્યા છે. આઇએસપીઆરએ જણાવ્યું કે

(જુઓ પાનું ૨) ▶▶

## સ્થિર સરકારની નિર્ણાયકતાનું મહત્ત્વ જનતા હવે સમજીઃ મોદી

### કૉંગ્રેસના કંગાળ આર્થિક વૃદ્ધિદરને ચાલાકીપૂર્વક હિંદુ ગ્રોથ રેટ નામ અપાયું

નવી દિલ્હીઃ દેશના સૌથી લાંબા સમય માટે વડા પ્રધાન રહીને વિક્રમ કરનાર નરેન્દ્ર મોદીએ બુધવારે કહ્યું હતું કે દેશના લોકો હવે રાજકીય સ્થિરતા અન સ્થિર સરકારની નિર્ણય લેવાની તાકાતને સમજ્યા છે. મોદીએ કહ્યું હતું કે 'વિકસિત ભારત'નું સપનું એ કોઈ વ્યક્તિ કે પક્ષનું નથી, પરંતુ આ દેશના દરેક વ્યક્તિનો સંકલ્પ બની ગયો છે. તેમણે નેશનલ ડેમોક્રેટિક અલાયન્સની સભામાં કહ્યું હતું કે મારે માટે લોકો ભગવાનનું પ્રતિનિધિત્વ કરે છે. દેશના લોકોને રાષ્ટ્રીય સ્તરે રાજકીય સ્થિરતાનું શું મહત્ત્વ છે એ હવે સમજાયું છે. તેમની પરિપક્વતાને લીધે મને આટલું લાંબું શાસન કરવાનો અવસર મળ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે, તેમના શાસન દરમિયાન કંગાળ આર્થિક વૃદ્ધિને ચાલાકીપૂર્વક ''હિંદુ ગ્રોથ રેટ'' નામ આપવામાં આવ્યું હતું, જ્યારે વાસ્તવમાં તેને શાસનના સંપૂર્ણ અભાવને કારણે ''કોંગ્રેસ ગ્રોથ રેટ'' કહેવું જોઈતું હતું.

મોદીએ વધુમાં કહ્યું હતું કે ૨૦૧૪ના અનેક દાયકાઓ પહેલાંનો યુગ અસ્થિરતાનો હતો, પરંતુ લોકો હવે સ્થિર સરકારનાં કાર્યોને જોઈ રહ્યા છે અને સરકારની નિર્ણય લેવાની શક્તિની સરાહના કરી રહ્યા છે. મોદીએ જણાવ્યું

(જુઓ પાનું ૨) ▶▶



**ઝાલમુડીનો જાદુઃ** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે નવી દિલ્હી ખાતે યોજાયેલી એનડીએની બેઠક દરમિયાન પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન શુભેન્દુ અધિકારી દ્વારા પીરસવામાં આવેલી ઝાલમુડી આરોગી હતી. વડા પ્રધાને સોશ્યલ મીડિયા પર એક વીડિયો શેર કરતાં કહ્યું કે આજે એનડીએ બેઠકમાં એનડીએના સાથી નેતાઓ સાથે ઝાલમુડીનો આનંદ લઇ રહ્યો છું. (એજન્સી)

## ટીએમસીના બળવાખોર સાંસદોમાં યુસુફ પઠાણ, શત્રુઘ્ન, સાયોની ઘોષ

### તૃણમૂલના બળવાખોર ૧૯ સાંસદોના નામ બહાર આવ્યાઃ રાજ્યસભાનાં સભ્ય સાંસદ સુષ્મિતા દેવનું પણ રાજીનામું

નવી દિલ્હીઃ તૃણમૂલ કોંગ્રેસમાં બળવાની વહેતી થયેલી અટકળો વચ્ચે ૧૯ સાંસદની યાદી બહાર આવી છે જેમાં શત્રુઘ્ન સિંહા અને યુસુફ પઠાણના નામનો પણ સમાવેશ થાય છે. દરમ્યાન, તૃણમૂલ કોંગ્રેસના સાંસદ સુષ્મિતા દેવે બુધવારે પાર્ટી અને રાજ્યસભામાંથી રાજીનામું આપી દીધું હતું. મમતા બેનરજીના નેતૃત્વ હેઠળના પક્ષને વધુ ઝટકો લાગ્યો છે. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ પક્ષ આંતરિક સંકટનો સામનો કરી રહ્યો છે.

રાજ્યસભાના અધ્યક્ષ સી. પી. રાધાકૃષ્ણને સાંસદ તરીકેનું દેવનું રાજીનામનું સ્વીકારી લીધું છે.

આ સાંસદોએ અલગ જૂથ રચવાના સમર્થનમાં સહી કરી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ

(જુઓ પાનું ૨) ▶▶

## કૉંગ્રેસમાં ભળી જાવઃ સોનિયાએ આપી મમતા બેનરજીને ઑફર

### જોકે ટીએમસી આવી શક્યતાઓ સાફ નકારી કાઢે છે

નવી દિલ્હીઃ પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં કારમી હાર બાદ મમતા બેનરજીના પક્ષ તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)માંથી એક પછી એક નેતા રાજીનામાં આપી રહ્યા

(જુઓ પાનું ૨) ▶▶

## ટૅરિફ રિફન્ડઃ ટ્રમ્પ સરકાર પાસે જવાબ માગ્યો અમેરિકી કોર્ટે

ન્યૂ યૉર્કઃ અમેરિકામાં પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની ટૅરિફ નીતિ હવે તેમના માટે એક મોટો કાનૂની અને આર્થિક પડકાર ઊભો કરતી જોવા મળી રહી છે. મંગળવારે એક ફેડરલ જજે અમેરિકાના કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન (સીબીપી)ના અધિકારીને સરકારની એ પ્રક્રિયા વિશે સવાલ કર્યો હતે જે હેઠળ એ અબજો ડોલર ટૅરિફ આયાતકારોને પરત કરવામાં આવશે. આ ટૅરિફ સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો નહોતો ત્યારે અમેરિકાએ એ આયાતકારો પાસેથી લીધો હતો. તે સમયે ટ્રમ્પે મોટાભાગના દેશોમાંથી આવતા માલસામાન પર ગેરકાયદેસર રીતે ઊંચી ડ્યૂટી લાદી હતી.

કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડના જજ રિચર્ડ ઈટને કહ્યું હતું કે તેઓ એવી જાણકારી સાંભળવા માંગે છે જે તેમને એ નક્કી કરવામાં મદદ કરશે કે શું સરકારે ટૅરિફ રિફન્ડ કરવા માટે પોતાની સિસ્ટમને ઝડપી અને વ્યાપક બનાવવાનો આદેશ આપવામાં આવે કે નહીં.

ઇટને રિફન્ડ ક્લેમની પ્રક્રિયા કરવા માટે સીબીપી દ્વારા વિકસાવવામાં આવેલી ઓનલાઇન સિસ્ટમની પ્રશંસા કરી અને કહ્યું કે તે સારી રીતે કામ કરી રહી છે અને તેમનું

(જુઓ પાનું ૨) ▶▶

## નરેન્દ્ર મોદી પર અભિનંદન-વર્ષા

બ્રસેલ્સઃ યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સૂલા વૉન ડેર લૅયન, ઈટલીના વડા પ્રધાન જ્યૉર્જિયા મૅલૉની અને દેશવિદેશના અનેક રાજકીય નેતાઓએ દેશના ચૂંટાયેલા વડા પ્રધાન તરીકે સતત સૌથી લાંબો સમય સેવા કરવા બદલ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદન આપ્યા હતા.

મોદીને અભિનંદન આપનારા અન્ય રાજકીય મહાનુભવોમાં માલદીવ્સના પ્રમુખ મોહંમદ

(જુઓ પાનું ૨) ▶▶

## ઇન્કમ ટૅક્સમાં રાહત છે રામરાજ્યની ઝાંખીઃ ૧૨ વર્ષની સિદ્ધિઓ ગણાવી સરકારે

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે એક વિશેષ બુકલેટ બહાર પાડી છે જેમાં નરેન્દ્ર મોદીના સૌથી લાંબા સમય સુધી વડાપ્રધાન તરીકેના કાર્યકાળની સિદ્ધિઓ વર્ણવામાં આવી છે. સરકારનું કહેવું છે કે છેલ્લા ૧૨ વર્ષમાં આવકવેરાના બોજમાં ઘટાડો રામરાજ્યની ઝલક બતાવે છે. જીએસટી, ફેસલેસ ટેક્સેશન અને ડિજિટલ ઇન્ડિયા જેવા સુધારાઓએ સરકારી વ્યવસ્થામાં જનતાનો વિશ્વાસ વધાર્યો છે. આ સુધારાઓ ભારતને પાંચ ટ્રિલ્યિન ડોલરની અર્થતંત્ર બનાવવામાં મદદ કરશે.

પુસ્તિકા અનુસાર, કરદાતાઓના વિશ્વાસમાં વધારો થવાથી રસ્તાઓ, હોસ્પિટલો અને માળખાગત સુવિધાઓમાં રોકાણ વધ્યું છે. મોદી સરકારે ૨૦૧૪ થી ચાર વખત નોંધપાત્ર કર રાહત આપી છે. છેલ્લા ૧૨ વર્ષમાં વાર્ષિક કરમુક્ત આવક

(જુઓ પાનું ૨) ▶▶

## શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સામે જાતીય દુરાચારનો ખોટો કેસ કરેલોઃ ફરિયાદીએ કબૂલ્યું

મથુરા (ઉત્તર પ્રદેશ): જ્યોતિમઠ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી સામે જાતિય કનડગતનો કેસ નોંધાવનાર આશુતોષ બ્રહ્મચારીએ એવી કબૂલાત કરી છે કે મેં મથુરાના દેવા આશ્રમના મહંત રામચંદ્ર દાસના દબાણ હેઠળ ખોટો કેસ કર્યો હતો.

મંગળવારે બ્રહ્મચારીએ સોશ્યલ મીડિયા પર એક વીડિયો જારી કરીને કહ્યું હતું કે દાસે મને ગેરમાર્ગે દોરીને અને મારા પર દબાણ લાવીને મને શંકરાચાર્ય વિરુદ્ધ બનાવટી ફરિયાદ કરવા પ્રેર્યો હતો. તેણે મને પાયમાલ કરી નાખ્યો. મારી કનડગત કરાઈ હતી અને મારા પર દબાણ લાવવામાં આવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે મારી પાસ વોટ્સએપ ચેટનો રેકર્ડ છે જેમાં દાસ કહે છે કે શંકરાચાર્ય સામે કેવી રીતે કેસ નોંધાવવો. રામચંદ્ર જગદ્ગુરુ રામભદ્રાચાર્ય દિવ્યાંગ યુનિવર્સિટીના ચાન્સેલર દાસ જગદ્ગુરુ રામભદ્રાચાર્યના લાંબા ગાળાના નિકટના સાથીદાર અને અનુગામી છે. બ્રહ્મચારી પણ રામભદ્રાચાર્યના જૂના સહયોગી છે. બ્રહ્મચારીએ દાસને પાખંડી અને કપટી ગણાવીને કહ્યું હતું કે મેં મથુરા પોલીસના સિનિયર સુપરિન્ટેડન્ટને ફરિયાદ કરી છે કે દાસે બનાવટી વસિયતનામું કરીને દેવા આશ્રમનો ગેરકાયદે કબજો લીધો હતો. જો પોલીસ કાર્યવાહી નહીં કરે તો હું અદાલતમાં જઈશ.

બ્રહ્મચારીએ દાસ પર તેમના ગુરુ રામભદ્રાચાર્યની હત્યા કરવાનું કાવતરું કરવાનો આક્ષેપ કર્યો હતો. જો મારા ગુરુની હત્યા થશે તો આ માટે દાસ જવાબદાર હશે. બ્રહ્મચારીના વીડિયો અંગે સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીના પ્રતિનિધિ કે રામચંદ્ર દાસે કોઈ ટિપ્પણી કરી નહોતી. (એજન્સી) ■

## કોલકાતાના સરકારી મકાનમાં આગ લાગી કે લગાડાઈ?

કોલકાતાઃ નવ માળની સરકારી ઇમારતમાં બુધવારે સવારે કાર્યાલય શરૂ થવાના સમયે ભીષણ આગ લાગી હતી અને ૧૭ ફાયર ટેન્ડરે આગને કાબૂમાં લીધી હતી.

આ ઇમારત દક્ષિણ ૨૪ પરગણા જિલ્લા પરિષદની ઓફિસમાં આવેલી હતી.સૂત્રોએ જણાવ્યું હતું કે જિલ્લા પરિષદની માર્ગ અને પરિવહન સ્થાયી સમિતિના અધ્યક્ષ ટીએમસી નેતા જહાંગીર ખાનની ઓફિસ ઇમારતના ત્રીજા માળે હતી. ભાજપે આરોપ લગાવ્યો છે કે આગ લગાડવામાં આવી હતી.વિધાનસભા ચૂંટણી દરમિયાન પોતાને 'પુષ્પા' ગણાવનારા ખાનની સોમવારે ખંડણી અને અન્ય આરોપોમાં ધરપકડ કરવામાં આવી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે શહેરના અલીપોર

(જુઓ પાનું ૨) ▶▶

## બેલફાસ્ટમાં એક હત્યાને પગલે ભયંકર ઈમિગ્રન્ટ-વિરોધી હિંસા

પૅરિસઃ બેલફાસ્ટની એક શેરીમાં ૩૦ વર્ષીય સુદાનના એક યુવાને કરેલી હત્યાના પ્રયાસને કારણે સમગ્ર ઉત્તર આયર્લેન્ડમાં ઇમિગ્રન્ટ વિરોધી હિંસક વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા.

પ્રદર્શનકારીઓએ વાહનો અને ઘરોને આગ ચાંપી હતી, જેના ભયાનક દૃશ્યો સોશ્યલ મીડિયા પર વ્યાપકપણે પ્રસારિત થઈ રહ્યા છે.

અહેવાલો અનુસાર, ૪૦ વર્ષની એક વ્યક્તિ પર છરી વડે હુમલો કરવાના આરોપમાં બુધવારે બેલફાસ્ટની એક કોર્ટમાં સુદાનના એક વ્યક્તિની સુનાવણી થવાની છે.

પીડિતની આંખો, ચહેરા અને પીઠ પર ગંભીર ઈજાઓ થઈ હતી અને તેને હોસ્પિટલમાં દાખલ

(જુઓ પાનું ૨) ▶▶

## અમેરિકામાં ઇંધણના ભાવ આસમાને, મોંઘવારી ત્રણ વર્ષની ટોચે

વોશિંગ્ટનઃ અમેરિકામાં ઇંધણના ભાવમાં વધારો થવાથી ગયા મહિને ફુગાવો ત્રણ વર્ષમાં સૌથી વધુ સ્તરે પહોંચ્યો હતો, જે ફેડરલ રિઝર્વ માટે માથાનો દુખાવો અને મધ્યસત્ર ચૂંટણીઓ નજીક આવતા ટ્રમ્પ વહીવટીતંત્ર માટે સંભવિત રાજકીય પડકાર છે.શ્રમ વિભાગે બુધવારે જણાવ્યું હતું કે મે મહિનામાં ગ્રાહક ભાવમાં એક વર્ષ અગાઉની સરખામણીમાં ૪.૨ ટકાનો વધારો થયો છે, જે એપ્રિલમાં ૩.૮ ટકા હતો અને સતત ત્રીજો વધારો છે. એપ્રિલમાં ૦.૬ ટકા અને માર્ચમાં ૦.૯ ટકાનો મોટો વધારો થયા પછી માસિક ધોરણે, ગયા મહિને ભાવમાં ૦.૫ ટકાનો વધારો થયો હતો. ઊર્જા ખર્ચની બહાર, ભાવમાં વધારો એટલો

(જુઓ પાનું ૨) ▶▶

## ભારત-અમેરિકા ઊર્જા સહયોગ ૫૦૦ અબજ ડૉલરને આંબશે

નવી દિલ્હીઃ યુએસ-ઇન્ડિયા બિઝનેસ કાઉન્સિલ (યુએસઆઈબીસી) અને ગ્રાન્ટ થોર્ન્ટન ભારત દ્વારા બહાર પાડવામાં આવેલા અહેવાલ મુજબ, હાઇડ્રોકાર્બનમાં ઊંડો સહયોગ ભારત અને અમેરિકાને ૨૦૩૦ સુધીમાં ૫૦૦ અબજ ડોલરના દ્વિપક્ષી વેપારને વિસ્તૃત કરવાના તેમના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી શકે છે.

ભારત-અમેરિકા ઊર્જા ભાગીદારીને મજબૂત બનાવવીઃ રોકાણ અને સહયોગ દ્વારા હાઇડ્રોકાર્બન તકોને અનલોક કરવી શીર્ષક ધરાવતા અહેવાલમાં જણાવાયું છે કે બંને દેશોના ઊર્જા સંબંધો પરંપરાગત ખરીદનાર-વેચાણકર્તાથી આગળ વધીને વેપાર, રોકાણ, ટેકનોલોજી, માળખાગત સુવિધાઓ અને ઊર્જા સુરક્ષાને સમાવિષ્ટ વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીમાં વિકસિત થઈ રહ્યા છે.અભ્યાસમાં લિક્વિફાઇડ નેચરલ ગેસ (એલએનજી), ક્રૂડ ઓઇલ, લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી), ઇથેન અને પ્રોપેનમાં સહયોગને વિસ્તૃત કરવાની તકો ઓળખવામાં આવી છે, જ્યારે બંને દેશ માટે સપ્લાય ચેઇન અને ઊર્જા સુરક્ષાને મજબૂત બનાવવાની વાત કરવામાં આવી છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં વધતી જતી ઊર્જા માગ અને યુએસ હાઇડ્રોકાર્બન ઉત્પાદનના વિસ્તરણથી ઊર્જા મૂલ્ય શૃંખલામાં સરહદ પાર રોકાણ અને વ્યાપારી જોડાણ માટે તકો ઊભી થાય છે.

## નટરાજનની રાજ્યસભાની ઉમેદવારી નકારીને લોકશાહીની હત્યા કરાયઃ કૉંગ્રેસ

નવી દિલ્હીઃ કૉંગ્રેસે બુધવારે રાજ્યસભાની ચૂંટણી માટે મધ્ય પ્રદેશના ઉમેદવાર મીનાક્ષી નટરાજનના ઉમેદવારી પત્રને નકારવાનો મુદ્દો ચૂંટણી પંચ સમક્ષ ઉઠાવ્યો હતો અને કહ્યું કે આ આદેશ ઘૃણાસ્પદ છે અને તેને તાત્કાલિક રદ કરવો જોઈએ.

નટરાજન સાથે કે. સી. વેણુગોપાલ, જયરામ રમેશ, અભિષેક સિંઘવી સહિત પાર્ટીના ટોચના નેતાઓનું એક પ્રતિનિધિમંડળ કમિશનને મળ્યું હતું અને માગ કરી હતી કે આ નિર્ણય પાછો ખેંચવો જોઈએ.

આ લોકશાહીનું ઉલ્લંઘન છે. અમને હજુ પણ બંધારણીય સંસ્થાઓમાં સંપૂર્ણ વિશ્વાસ છે. તેથી જ અમે આ લડાઈ લડી રહ્યા છીએ, તેવું કોંગ્રેસનું પ્રતિનિધિમંડળ ચૂંટણી પંચના અધિકારીઓને મળ્યા બાદ નટરાજને પત્રકારોને જણાવ્યું હતું.

સોગંદનામામાં માહિતી છુપાવવાના આરોપસર નટરાજનનું નામાંકન નકારવામાં આવ્યા બાદ મધ્ય પ્રદેશમાં ૧૮ જૂનના રોજ રાજ્યસભાની ત્રણ બેઠક માટે યોજનારી ચૂંટણીમાં મંગળવારે નાટકીય વળાંક આવ્યો હતો.

રાજ્યસભા માટેના ચૂંટણી રિટર્નિંગ ઓફિસર અરવિંદ શર્મા દ્વારા જારી કરાયેલા આદેશમાં જણાવાયું હતું કે ઉપલબ્ધ દસ્તાવેજોની તપાસ કર્યા પછી, એવું જાણવા મળ્યું છે કે નટરાજને ઉમેદવારીપત્ર સાથે રજૂ કરાયેલા ફોર્મ ૨૬માં કોર્ટ ફરિયાદનો ઉલ્લેખ ન કરીને અપૂર્ણ સોગંદનામા રજૂ કર્યા હતા.

મધ્ય પ્રદેશ વિધાનસભાના એક અધિકારીએ જણાવ્યું હતું કે ભાજપના ઉમેદવાર મહેશ કેવટે રિટર્નિંગ ઓફિસરને ફરિયાદ નોંધાવી હતી જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે નટરાજને તેમના સોગંદનામામાં તેલંગાણામાં પોતાની વિરુદ્ધ દાખલ થયેલા કેસનો ઉલ્લેખ કર્યો નથી.

અધિકારીના જણાવ્યા અનુસાર, બંને પક્ષની દલીલો સાંભળ્યા પછી, રિટર્નિંગ ઓફિસરે નટરાજનનું નામાંકન નકાર્યું હતું.

પત્રકારોને માહિતી આપતા સિંઘવીએ જણાવ્યું હતું કે, આ પ્રતિનિધિમંડળે ચૂંટણી પંચને વિગતવાર રજૂઆત કરી છે. અમે તેમને કહ્યું છે અને દર્શાવ્યું છે કે, અમારા મતે, શંકાની બહાર અને કોઈપણ વિવાદની બહાર, આરઓ (રિટર્નિંગ ઓફિસર) એ એક વિકૃત આદેશ પસાર કર્યો છે.

નામાંકનના અસ્વીકારને લોકશાહીની હત્યા ગણાવતા, કોંગ્રેસે આરોપ લગાવ્યો હતો કે આ 'મત ચોરી'નો કેસ નથી, પરંતુ 'સીટ ચોરી'નો કેસ છે.

## હોર્મુઝની ખાડીમાં બે અમેરિકી સૈનિકને બચાવનાર ડ્રૉન-બૉટ બનાવનાર કંપની ભારતીયની

વોશિંગ્ટનઃ હોર્મુઝની સામુદ્રધૂની નજીક નિશાન બનાવવામાં આવેલા અમેરિકન લશ્કરના અપાચે હેલિકોપ્ટરમાં સવાર બે ક્રૂ સભ્યોને બચાવવા માટે જે ડ્રૉન બોટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેનું નિર્માણ ટેક્સાસની એક કંપનીએ બનાવી છે. જેના ફાઉન્ડરોમાં ભારતીય-અમેરિકન એન્જિનિયર વૈભવ અલ્ટેકર પણ સામેલ છે.

સૈરોનિક ટેકનોલોજી તરફથી વિકસિત ડ્રોન બોટ કોર્સેયરથી સંચાલિત બચાવ અભિયાન અમેરિકન સશસ્ત્ર દળો તરફથી હાથ ધરવામાં આવેલ આ પ્રકારનું પ્રથમ મિશન હતું. અમેરિકન દળો લાંબા સમયથી આ પ્રકારના ઓપરેશનમાં માનવરહિત વિમાનનો ઉપયોગ કરતા આવ્યા છે.

કેપ્ટન ટિમ હોકિન્સે મંગળવારે જણાવ્યું હતું કે આ એક સ્વ-સંચાલિત દરિયાઈ બોટથી હાથ ધરવામાં આવેલું અમેરિકાનું પ્રથમ બચાવ અભિયાન હતું જેને એક વ્યક્તિ દૂરથી ઓપરેટ કરતો હતો. હોકિન્સના જણાવ્યા મુજબ, ૨૪ ફૂટ લાંબી કોર્સેયર ડીઝલ પર ચાલે છે અને ૩૫ નોટ સુધીની મહત્તમ ગતિ સુધી પહોંચી શકે છે. તેમણે સમજાવ્યું કે આ ડ્રોન બોટ ૧,૦૦૦ પાઉન્ડ સુધીનો ભાર વહન કરવામાં સક્ષમ છે અને એક સમયે ૧,૦૦૦ નોટિકલ માઇલની મુસાફરી કરી શકે છે.

સૈરોનિક ટેકનોલોજીની લિંક્ડઇન પ્રોફાઇલ અનુસાર, તેણે ઓટોમેટિક ચાલે તેવી દરિયાઈ બોટ બનાવવા માટે યુએસ નેવી સાથે ૩૯.૨ કરોડ અમેરિકન ડોલરનો કરાર કર્યો છે.

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મોદીનો રેકોર્ડ, કૉંગ્રેસે દૂધમાંથી પોરા કાઢ્યા

**નરેન્દ્ર** મોદીએ બુધવારે દેશમાં ચૂંટાયેલા વડા પ્રધાન તરીકે દેશમાં સૌથી લાંબો સમય સત્તા પર રહેવાનો જવાહરલાલ નહેરુનો રેકોર્ડ અંતે તોડી નાંખ્યો. મોદીએ ૨૬ મે ૨૦૧૪ના રોજ પહેલી વાર વડા પ્રધાનપદના શપથ લીધા હતા તેથી બુધવારે તેમના વડા પ્રધાન તરીકેના કાર્યકાળના ૪૩૯૯ દિવસ પૂરા થયા. નહેરુ ચૂંટાયેલા વડા પ્રધાન તરીકે સળંગ ૪૩૯૮ દિવસ ગાદી પર રહેલા તેથી મોદી તેમને ઓવરટૅક કરીને આગળ નિકળી ગયા છે.

જવાહરલાલ નહેરુ આમ તો સળંગ ૧૭ વર્ષ સુધી વડા પ્રધાનપદે રહેલા પણ તેમાંથી પહેલાં ૫ વર્ષ ચૂંટણી લડ્યા વિના વડા પ્રધાનપદે રહેલા. ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ દેશ આઝાદ થયા એ પહેલાં જવાહરલાલ નેહરુ ૧૯૪૬માં ૪ ઓગસ્ટે વાઇસરોય વેવલે કૉંગ્રેસ પ્રમુખને દેશ માટે વચગાળાની સરકાર બનાવવા માટે આમંત્રણ આપેલું ને નહેરુ કૉંગ્રેસના પ્રમુખ હતા તેથી દેશ આઝાદ થયો ત્યારે નહેરુ આપોઆપ વડા પ્રધાન બની ગયેલા.

આ પહેલી ટર્મમાં નહેરુ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ થી ૧૩ મે ૧૯૫૨ સુધી કુલ ૧૭૩૨ દિવસ વડા પ્રધાનપદે રહ્યા હતા. ૧૯૫૨માં દેશમાં પ્રથમ સામાન્ય ચૂંટણી થઈ. અને કૉંગ્રેસ સત્તાવાર રીતે ચૂંટાઈને સત્તામાં આવી પછી નહેરુને કૉંગ્રેસના સાંસદોએ પોતાના નેતા તરીકે પસંદ કર્યા તેથી નેહરુ ૧૩ મે ૧૯૫૨ના રોજ પહેલી વાર ચૂંટાયેલા વડા પ્રધાન બન્યા. એ પછી ૨૭ મે ૧૯૬૪ના રોજ ગુજરી ગયા ત્યાં સુધી એટલે સળંગ ૪૩૯૮ દિવસ ચૂંટાયેલા વડા પ્રધાન રહ્યા.

મોદીની સિદ્ધિ મોટી છે કેમ કે ભારત જેવા વિશાળ દેશમાં સળંગ ૧૨ વર્ષ સુધી વડા પ્રધાનપદે રહેવું બહુ મુશ્કેલ છે. ભારતના ઈતિહાસમાં નહેરુ પછી મોદી જ એવા વડા પ્રધાન છે કે જે સળંગ ત્રણ ટર્મ માટે વડા પ્રધાન બન્યા હોય. ઈન્દિરા ૧૫ વર્ષ વડાં પ્રધાનપદે રહ્યાં પણ એ પણ સળંગ ત્રણ ટર્મ માટે તો ચૂંટાયાં નહોતાં.

મોદીની સિદ્ધિની ભાજપ જોશભેર ઉજવણી કરી રહ્યો છે ને દેશભરમાં મોદીના લાંબા આયુષ્ય માટે એનડીએ-ભાજપના નેતા, સાંસદો, કેન્દ્રીય મંત્રીઓ અને કાર્યકરો પણ મંદિરોમાં પૂજા કરી રહ્યા છે, હવન કરી રહ્યા છે ત્યારે કૉંગ્રેસે અવળવાણી ઉચ્ચારી છે અને દૂધમાંથી પોરા કાઢીને વાહિયાત વાતો કરી છે. કૉંગ્રેસનું કહેવું છે કે, મોદી પોતાની જાતે સિદ્ધિ મેળવી હોવાની ડંફાશ મારી રહ્યા છે પણ વાસ્તવમાં આવો કોઈ રેકોર્ડ જ નથી એ જોતાં આ સ્વયંઘોષિત અને શંકાસ્પદ રીતે ઠોકી બેસાડાયેલી સિદ્ધિ છે.

કૉંગ્રેસના પ્રવક્તા જયરામ રમેશે મોદી અને મોદી સરકારે સામે બહુ બધા બળાપા કાઢ્યા છે. રમેશે મોદી ભારતના ગળામાં 'ઘંટીનું પડ' બની ગયા છે ત્યાંથી માંડીને મોદીના કાર્યકાળમાં લોકશાહીની હત્યા થઈ રહી છે, બંધારણીય સંસ્થાઓને કઠપૂતળી બનાવીને તેમનું અવમૂલ્યન કરાવી દેવાયું છે ત્યાં સુધીના આક્ષેપો કર્યા છે. જયરામ રમેશે ઘણું બધું કહ્યું છે ને તેમાં એક વાત સાચી છે કે, નહેરુ સળંગ ત્રણ વાર સ્પષ્ટ બહુમતી સાથે ચૂંટાઈને વડા પ્રધાન બનેલા જ્યારે મોદીને છેલ્લી ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી નહોતી મળી.

આ વાત સાચી છે પણ હાસ્યાસ્પદ છે કેમ કે વડા પ્રધાન તરીકે કાર્યકાળની ગણતરીમાં સ્પષ્ટ બહુમતી વિના ગાદી પર બેસનારનો કાર્યકાળ પણ ગણાય જ છે. કૉંગ્રેસે ટોણો જ મારવો જ હતો તો નહરુ ૧૭ વર્ષ વડા પ્રધાન રહેલા જ્યારે મોદીને હજુ ૧૨ જ વર્ષ થયાં છે એ મુદ્દે મારી શકી હોત. ભાજપ પોતે નક્કી કરેલા માપદંડને આધારે મોદીને દેશના સૌથી મહાન વડા પ્રધાન ગણાવી રહ્યો છે તો કૉંગ્રેસ પોતાના માપદંડને આધારે નહેરુને સૌથી મહાન ગણાવી શકે એ જોતાં આ વાત તાર્કિક પણ લાગે પણ સ્પષ્ટ બહુમતીવાળો મુદ્દો ગળે ઊતરે એવો જ નથી.

કૉંગ્રેસે બીજી જે પણ વાતો કરી છે એ તો સાવ હાસ્યાસ્પદ જ છે ને કેટલીક વાતો તો બુદ્ધિના પ્રદર્શન જેવી જ લાગે. જે પક્ષની સરકારે લોકશાહીનું ગળું ટૂંપી નાખવા માટે કટોકટી લાદી હોય એ પક્ષ લોકશાહીની વાતો કરે તેનાથી વધારે હાસ્યાસ્વદ બીજું શું હોય ? કૉંગ્રેસના નેતાઓએ દર્પણમાં જોવું જોઈએ ને ઈન્દિરા ગાંધીની સત્તાલાલસા સંતોષવા માટે લદાયેલી કટોકટી વખતે લોકશાહીની શું વલે કરાયેલી એ યાદ કરવું જોઈએ. મોદીએ હજુ સુધી તો એવું કોઈ કલંકિત પ્રકરણ લખ્યું નથી.

રમેશે નહેરુના સમયમાં ભારતે કેવાં મહાન કામો કરેલાં તેની કથા પણ કરી છે ને સામે મોદીના શાસનમાં બધું રસાતળ ગયું હોવાનો આક્ષેપ પણ કર્યો છે. નહેરુએ આઝાદી પછી દેશને સબળ નેતૃત્વ પૂરું પાડીને દેશના વિકાસનો પાયો નાંખેલો તેથી તેમને જશ આપવામાં કશું ખોટું નથી પણ મોદી સરકારના ૧૨ વર્ષના શાસનમાં કશું થયું જ નથી એમ કહેવું પણ યોગ્ય નથી.

મોદી સરકાર આર્થિક મોરચે નિષ્ફળ છે પણ જમ્મુ અને કાશ્મીરને ખાસ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ની નાબૂદી સહિતના ઘણા નિર્ભિક રાજકીય નિર્ણયો લીધા છે તેમાં બેમત નથી. કૉંગ્રેસે મુસ્લિમ તુષ્ટિકરણના ભાગરૂપે ટ્રિપલ તલાક જેવા મુસ્લિમ સ્ત્રીઓને હવસનું રમકડું બનાવી દેતી બકવાસ પ્રથાઓ સામે આંખ આડા કાન કરેલા. મોદી સરકારે આ પ્રથાને નાબૂદ કરતો કાયદો બનાવીને મુસ્લિમ સ્ત્રીઓ પણ આ દેશમાં સમાન અધિકારો ભોગવે છે તેનો અહેસાસ કરાવીને બહુ મોટું કામ કર્યું છે. મોદીના શાસનમાં સામાન્ય લોકોને ફાયદો કરાવે એવી આયુષ્યમાન ભારત સહિતની સંખ્યાબંધ કલ્યાણ યોજનાઓ અમલી બની છે. મધ્યમ વર્ગને ઘરનું ઘર બનાવવામાં મદદ માટે વ્યાજ સબસિડી અને ખુલ્લામાં શૌચ બંધ કરાવવા માટે ઘરે શૌચલયો માટે સહાય આપવા સહિતના મહત્ત્વના નિર્ણયો પણ સળંગ ૪૩૯૯ દિવસ વડા પ્રધાનપદે રહેવાના કાર્યકાળ દરમિયાન લેવાયા જ છે.

આ તો થોડાક યાદ આવ્યા એ નિર્ણયોની વાત કરી પણ બીજા ઘણા નિર્ણયો એવા છે કે જેના કારણે સામાન્ય લોકોને ફાયદો થયો હોય. મોદી સરકારે દેશનું ઈન્ફ્રાસ્ટ્રક્ટર સુધારવા માટે પણ ઘણાં મોટાં પગલાં ભર્યાં છે એ જોતાં ૧૨ વર્ષના શાસનમાં મોદીએ દેશનું ધનોતપનોત કાઢી નાંખ્યું એવી ટીકા કરવી યોગ્ય નથી. આવી ટીકા ખરેખર તો દેશના જનાદેશનું અપમાન કહેવાય. કૉંગ્રેસે આ અપમાનથી દૂર રહેવું જોઈએ.

મોદી સરકાર જે કંઈ કરે એ સાચું જ કરે ને સારું જ કરે એવા ડાબલા ચડાવીને ગમારની જેમ વખાણ કર્યા કરવાની અંધભક્તિ લોકશાહીમાં ના ચાલે. મોદી સરકારની ખોટી નીતિ કે કોઈ ખોટા નિર્ણયની ટીકા કરો તેમાં કંઈ ખોટું નથી. લોકશાહી દેશમાં સૌને એ અધિકાર છે. કૉંગ્રેસ તો દેશનો મુખ્ય વિપક્ષ છે તેથી કૉંગ્રેસ પણ એવી ટીકા કરી શકે પણ ટીકા પણ હકારાત્મક હોવી જોઈએ. બાકી મોદી કે ભાજપ કંઈ પણ કરે કે કહે તેનો વિરોધ કરવા કૂદી પડો તેમાં ભૂંડા લાગો છો. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મ ઋતુ, ગુરુવાર, તા. ૧૧-૬-૨૦૨૬,
કમલા એકાદશી

- ભારતીય દિનાંક ૨૧, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અધિક જયેષ્ઠ વદ-૧૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અધિક જયેષ્ઠ, તિથિ વદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૧લો હોરમજદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧લો હોરમજદ, માહે ૧૨મો સ્પેન્દામદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૪મો દીન માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૬મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- નક્ષત્ર રેવતી સવારે ક. ૦૮-૧૫ સુધી, પછી અશ્વિની
- ચંદ્ર મીનમાં સવારે ક. ૦૮-૧૫ સુધી, પછી મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ), મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૩, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૩, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સવારે ક. ૦૮-૪૨, રાત્રે ક. ૨૦-૦૮
- ઓટઃ બપોરે ક. ૧૪-૨૫, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૪૭ (તા. ૧૨)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, અધિક જયેષ્ઠ કૃષ્ણ - એકાદશી. કમલા એકાદશી (સાકર), પારસી ૧૧મો બેહમન માસારંભ, પંચક સમાપ્તિ સવારે ક. ૦૮-૧૫. સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષ વાહન, દેડકો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ બુધ-ગુરુ કેતુ દેવતાનું પૂજન, પૂષાદેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક દેવતાનું પૂજન, નવાં વસ્રો, આભૂષણ, વાહન, નિત્ય થતાં દસ્તાવેજ દુકાન-વેપાર-નોકરીના કામકાજ, બી વાવવું, ખેતીવાડી, પશુ લે-વેંચ, શ્રી વિષ્ણુ લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન. એકાદશી વ્રત ઉપાવાસ, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, તુલસી પૂજન.
- પુરુષોત્તમ માસ મહિમાઃ આજની એકાદશી કમલા એકાદશીને નામે પણ ઓળખાય છે. એકાદશીમાં પ્રાતઃ નિત્ય કર્મ પતાવી ગોમય, મૃત્તિકા તથા આંબળાના ચૂર્ણથી સ્નાન કરવું. તીર્થ સ્નાનનો પણ મહિમા છે. શુદ્ધ વસ્રો પહેરી વિષ્ણુપૂજા કરવી, રાધાકૃષ્ણની મૂર્તિ તથા શિવપાર્વતીની મૂર્તિનું પૂજન કરવું. ઉત્તમ ધૂપ, દીપ, નૈવેદ્ય અર્પણ કરવા. દેવોનો ભક્તિ સંગીતથી ઉત્સવ કરવો. ઉપવાસ અથવા દૂધ લઈને ફલાહાર કરવો. રાત્રિના ચારે પ્રહરમાં શ્રીફળ, બીજોરું તથા નારંગીના અર્ધ્ય પ્રદાન પૂર્વક પૂજન કરવું. રાત્રિનું જાગરણ કરવું. અધિક માસના છેલ્લા દિવસો નજીક આવતાં સાધનાનો વેગ વધારવો જોઈએ, જેથી આ આખા મહિનાનો આધ્યાત્મિક લાભ પૂર્ણ પણે મળી શકે.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ પૈસાનો વેડફાટ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ કુટુંબમાં જવાબદારી આવી પડે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ. બુધ પુનર્વસુ પ્રવેશ, શુક્ર પુષ્ય પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-મેષ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કર્ક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# હલાલ રોજી અને સત્યનું આચરણઃ દુઆ તકદીરની બાઝી બદલી શકવા સમર્થ

**સંસારિક** જીવનમાં આપણે જ્યારે કોઈ વ્યક્તિ પાસેથી એવી અપેક્ષા રાખીએ છીએ કે તે આપણું કામ કરી આપે, ત્યારે તેના ગમા-અણગમાઓને આપણે ખાસ મહત્ત્વ આપીએ છીએ. એના માન-મોભાને જાળવીએ છીએ, એને રાજી રાખવાનો પ્રયાસ કરીએ છીએ અને એની સમક્ષ વાણી-વર્તનને શિષ્ટાચાર તથા સંયમની સાંકળો વડે અંકુશમાં રાખીએ છીએ. આપણે સમજીએ છીએ કે એ સિવાયના સંજોગોમાં આપણી અપેક્ષા પૂરી થઈ શકતી નથી. દુઆ કબૂલ થાય એ માટે બારગાહે ઈલાહીમાં પણ ઓછામાં ઓછું આવું વર્તન જરૂરી છે. અલ્લાહ ફરમાવે છે કે તમે મારાથી માગો, હું તમને આપીશ. આ કથનની સાર્થકતા ત્યારે જ પુરવાર થશે, જ્યારે અલ્લાહ સાથે એની ફરમાંબરદારી બાબતે જે વાયદો કર્યો છે તેને પૂરો કરવાની આપણે અવિરત કોશિશ કરીશું. એણે પ્રતિબંધિત ઠેરવેલાં કૃત્યોથી અળગા રહીને ભલાઈનું તત્ત્વ ધરાવતાં કૃત્યો કરવામાં જ વફાદારી સમજીશું.

કપરા સમયમાં અગાઉથી જ ઓળખતા હોઈએ તેમ જ જેની સાથે મૈત્રીભર્યા સંબંધો ધરાવતા હોઈએ એવી વ્યક્તિ પાસેથી જ આપણે સહકારની આશા રાખીએ છીએ. નમાજ દ્વારા અલ્લાહ સાથે એવી પણ વિશેષ આત્મિયતાભર્યા સંબંધો બંધાઈ શકે છે. નમાજ અને બીજી ફરજિયાત ઈબાદતો મૂળ તો અલ્લાહ સાથે રોજિંદા મુલાકાતોના અવસર પૂરા પાડે છે, જેના પરિણામે દરેક વાજબી માગણીઓ પરિપૂર્ણ થવાના સંજોગોનું અલ્લાહ નિર્માણ કરે છે.

આપણે જે વ્યક્તિ પાસેથી મદદની અપેક્ષા રાખીએ છીએ, એની સલાહને માથે ચઢાવીએ છીએ. એણે ચીંધેલું કામ કાળજીપૂર્વક કરી આપીએ છીએ. એને આપેલા વચનને પાળવા ભરપૂર પ્રયત્ન કરીએ છીએ. ટૂંકમાં એ કે એને ગમતાં નાનાં-મોટાં કામો દ્વારા એની સેવા કરીએ છીએ. એજ પ્રમાણે બારગાહે ઈલાહીમાં જેની સેવાઓ વધારે હોય છે તેની દુઆઓ સત્ત્વરે કબૂલ થાય છે. જોકે એ માટે હલાલ રોજી અને સત્યનું આચરણ પણ આવશ્યક છે.

પોતાના કુટુંબીજનો કે સગા-સ્નેહીઓ એકત્રિત થઈને સમૂહગત દુઆનું પ્રયોજન કરે તો એ વધારે લાભદાયી સાબિત થઈ શકે છે. દુઆ કબૂલ ન થવાની શક્યતાઓ નહીંવત્ છે. વળી, એનાથી બંધુત્વની ભાવના અને પ્રેમભાવ વધે છે. જે સંસારિક જીવનમાં પરસ્પર મદદરૂપ થવામાં નિમિત્ત બને છે. દુઆમાં સ્વાર્થવૃત્તિ અને સંકુચિત મનોવૃત્તિનું પ્રદર્શન કરવું જોઈએ નહીં. બીજાઓનું ભલું થાય એ માટે પણ અલ્લાહને અરજ ગુજારવી જોઈએ. ખાસ કરીને આલિમો, વડીલો, બીમારો, કેદીઓ મુસાફરો તથા મૃત્યુ પામેલા લોકોના લાભાર્થે ગળગળા સાદે યાચના કરવી જોઈએ. આ બાબત દુઆને જલદી કબૂલ કરાવનારી છે.

એ વાતનો ખાસ ખ્યાલ રાખવો છે અમુક ચોક્કસ વખતોમાં કરવામાં આવતી દુઆ અવશ્ય કબૂલ થાય છે. કલામે પાકની તિલાવત કરતી વેળાએ, અઝનના સમયે તથા વાજિબ નમાજોની અદાયગીના અંતે નિયમિત સ્વરૂપે વધુથી વધુ પ્રમાણમાં દુઆ કરવા ઈસ્લામી શિક્ષણ આગ્રહ કરે છે. અડધી રાતથી લઈને નમાજે સુબ્હ સુધીનો સમય દુઆ કબૂલ થવાનો ઉત્તમ સમય લેખાય છે. પ્રત્યેક મુસ્લિમે દિવસમાં ઓછામાં ઓછી ત્રણ વાર તો દુઆ કરવી જ જોઈએ. આ ઉપરાંત જુમ્મા (શુક્રવાર)ના દિવસે તથા માહે રમઝાનુલ મુબારકમાં વિશેષ પ્રમાણમાં દુઆ કરતા રહેવું જોઈએ. મુશળદાર વરસાદ વરસી રહ્યો હોય, વાવાઝોડું ફૂંકાઈ રહ્યું હોય, અફરાતફરીનું વાતાવરણ હોય અને નિર્દોષોને મોતને ઘાટ ઉતારવામાં આવતા હોય એવા વખતે કરવામાં આવતી દુઆને અલ્લાહ કદી રદ કરતો નથી.

દુઆ કરતાં પહેલાં પોતાના ગુનાઓનો એકરાર કરવો, લાચારી જાહેર કરવી, પ્રાયશ્ચિત્ત કરવું, કોઈનો હક નીકળતો હોય તો ચૂકવી આપવો, ચૂકવવાની સ્થિતિ ન હોય તો હાલત સુધરતા ચૂકવી દઈશ એવી નિયત કરવી અને એ માટે અલ્લાહ પાસેથી સદ્‌બુદ્ધિ અને શક્તિ મળી રહે તે માટે દુઆ કરવી. હાજતમંદો અને મિસ્કીનોને સહાય કરવામાં પાછીપાની ન કરવી, કારણ કે આ લોકો અલ્લાહના દરબારમાં છડીદાર અને લાડીલા બંધ છે. એમને રાજી કરવાથી અલ્લાહ રાજી થાય છે અને દુઆઓને કબૂલ કરે છે. (સંપૂર્ણ)

**પ્રેરણાસ્ત્રોતઃ**

દીન અને દુનિયાનાં કામોમાં બરાબર પુરુષાર્થ કરતા રહો. આ પણ એક ઈબાદતનું કામ છે.

સાપ્તાહિક સંદેશઃ

લબ પર હો તેરા નામ, તો ક્યા ઔર મતલબ હો
અય સલ્લેઅલ્લાહ! એતો દવા ભી હય, દુઆ ભી,
મંય તુમ સે વો કહેતા હું, જો કહના હય ખુદા સે
જબ તુમ મેરી સુન લોગે, તો સુન લેગા ખુદા ભી. ■

વડા પ્રધાનપદે રહેવાનો વિક્રમઃ

# સર્વસમાવેશક વિકાસના મશાલચી મોદીઃ કેબિનેટ

નવી દિલ્હીઃ કેન્દ્રના પ્રધાનમંડળે બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત'ના વિઝનની સરાહના કરતો ખરડો પસાર કર્યો હતો. દેશના સૌથી લાંબા સમય માટે વડા પ્રધાન બનવા બદલ મોદીને અભિનંદન આપતા રાષ્ટ્રીય સુરક્ષા, સર્વસમાવેશક વિકાસ અને સામાજિક ન્યાય માટે તેમના નેતૃત્વની સરાહના કરી હતી.

મોદીની આગેવાની હેઠળ ભરાયેલી બેઠકમાં બહાલ થયેલા ઠરાવમાં પ્રધાનમંડળે ચૂંટાયેલા વડા પ્રધાન તરીકે જવાહરલાલ નહેરુના ૪,૩૯૮ દિવસ વડા પ્રધાન રહેવાના વિક્રમ તોડવા બદલ તેમને અભિનંદન આપ્યા હતા. પ્રધાનમંડળે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે તેમની આગેવાનીમાં ભારત સ્વાવલંબી, સુરક્ષિત અને સમૃદ્ધ દેશ તરીકે નવી ઊંચાઈઓ સર કરશે. (એજન્સી)

# ભારતનું ગૌરવ ફરી સ્થપાયુંઃ અમિત શાહ

નવી દિલ્હી કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહે બુધવારે કહ્યું હતું કે વડા પ્રધાન મોદીના બાર વર્ષના શાસનમાં ભારતનું ગૌરવ ફરી સ્થાપિત કરવામાં આવ્યું અને દેશને બંધનમાંથી બહાર કાઢ્યો છે.

વડા પ્રધાનને સૌથી લાંબી સેવા કરનાર વડા પ્રધાન બનવા બદલ શાહે મોદીને અભિનંદન આપ્યા હતા. શાહે કહ્યું હતું કે નવીન ભારતે વૈશ્વિક મંચ પર પોતાની ઓળખાણ બનાવે છે અને વિશ્વ શક્તિશાળી નવા ભારતને જોઈ રહ્યું છે. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

### ઈરાને

લઈ રહ્યો છે અને હવે તેને કિમત ચુકવવી પડશે. ટ્રમ્પે આ કમેન્ટ તેમના સોશ્યલ મીડિયા અકાઉન્ટ ટ્રુથ સોશ્યલ પર કરી હતી. આને તહેરાન માટે શું અર્થ કાઢવો એ હજી સમજાતું નથી. બુધવારે પણ ઇરાન અને ઇઝરાયલે યુદ્ધવિરામ છતાં એકમેક પર હુમલા કાર્ય હતા. ઇરાને બાહરનિમાં અમેરિકાના નૌકાદળના કાફલા પર અને કુવૈતમાં અમેરિકાનાં મથક પર હુમલા કર્યા હતા. ઇરાને જોર્ડન પર પણ હુમલો કર્યો હોત અને જોર્ડને દાવો કર્યો હતો કે તેણે ઇરાને અમેરિકા મથક પર છોડેલા પાંચ મિસાઈલને આંતરી લીધી હતી. ઇઝરાયલ અને અમેરિકાએ ઇરાન પર ૨૮ ફેબ્રુઆરીએ હુમલા કરવાથી વૈશ્વિક અર્થતંત્ર હચમચી ગયું છે. ઈંધણના ભાવ વધી ગયા હતા અને આને પગલે ફૂડ સહિત પાયાની વસ્તુઓ મોંઘી થઈ હતી. યુદ્ધ પહેલાંના તેલના ભાવની તુલનામાં ભાવ પચીસ ટકા વધ્યા છે. આંતરરાષ્ટ્રીય માપદંડ સમા બ્રેન્ટ ક્રૂડ ઑઈલનો ભાવ બેરલદીઠ ૯૧ અમેરિકન ડૉલર થયો છે. અધિકારીઓ એપ્રિલના યુદ્ધવિરામને કાયમનો બનાવવામાં નિષ્ફળ ગયા હતા.અમેરિકાના ફાઈટર જેટ અને નૈકાદળે ઇરાનના ટાપુ કેશમ અને બંદર અબ્બાસ પર હુમલો કર્યો હતો. અમેરિકાએ ઍર ડિફેન્સ, ગ્રાઉન્ડ કંટ્રોલ સ્ટેશન અને નિગરાની કરતા રડારો પર હુમલો કર્યો હતો. ઇરાનના વિદેશપ્રધાન અબ્બાસ અરાઘચીએ કહ્યું હતું કે ઈરાનના દળો દરેક હુમલા કે જોખમનો જવાબ આપશે દરમિયાન યમનના એડનના અખાતમાં એક નાની હોડી અને કાર્ગો શિપ પરના ગાર્ડ વચ્ચે સામસામો ગોળીબાર કર્યો હતો.

### બેલફાસ્ટમાં

કરવામાં આવ્યો હતો.આ હુમલો ઉત્તર બેલફાસ્ટમાં થયો હતો અને કેમેરામાં કેદ થયો હતો. આ હુમલાની ગ્રાફિક ક્લિપ સોશ્યલ મીડિયા પર સામે આવી હતી, જેના કારણે વ્યાપક આક્રોશ ફેલાયો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી સુદાનનો છે જે ૨૦૨૩માં આયર્લેન્ડ પ્રજાસત્તાકથી ઉત્તર આયર્લેન્ડમાં પ્રવેશ્યો હતો અને તેને દેશમાં પાંચ વર્ષ માટે આશ્રય આપવામાં આવ્યો હતો.આ ઘટના પછી, બેલફાસ્ટમાં માસ્ક પહેરેલા માણસોના ટોળાએ એવા ઘરોને આગ લગાવી દીધી હતી જ્યાં તેઓ ઇમિગ્રન્ટ્સ હોવાનું માનતા હતા. તેમણે અનેક વાહનો અને કચરાપેટીઓને પણ આગ લગાવી દીધી હતી. સમાચાર એજન્સી એસોસિએટેડ પ્રેસના અહેવાલ મુજબ, ઉશ્કેરાયેલા પ્રદર્શનકારીઓએ બેલફાસ્ટની એક બસને આગ લગાવી હતી અને પોલીસ પર પથ્થરમારો કર્યો હતો.

### પીઓકેમાં

સંરક્ષણ દળોના વડા અને આર્મી ચીફ ફીલ્ડ માર્શલ અસીમ મુનીર અને સેનાના બધા રૅન્ક અધિકારીઓએ જાનહાનિ અંગે ઊંડો શોક વ્યક્ત કર્યો છે. તેમજ પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

### ટીએમસીના

છે. મમતા બેનરજીની મુશ્કેલીઓ સતત વધી રહી છે કેમ કે વિધાનસભ્યો બાદ હવે મોટી સંખ્યામાં સાંસદોએ પણ બળવો કર્યો છે. ૧૯ બળવાખોર સાંસદની યાદી સામે આવી છે જેમાં અભિનેતા-રાજનેતા શત્રુઘ્ન સિંહા અને ભૂતપૂર્વ ક્રિકેટર યુસુફ પઠાણનો પણ સમાવેશ થાય છે. તૃણમૂલ કોંગ્રેસના અગ્રણી નેતા સાયોની ઘોષ બળવાખોર જૂથમાં જોડાયા હોવાના અહેવાલ છે. આ ઘટના પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન મમતા બેનરજી માટે મોટો ફટકો સાબિત થશે. તેઓ રાજ્યની ચૂંટણીમાં હાર બાદ પોતાના પક્ષને સંગઠિત રાખવા માટે સંઘર્ષ કરી રહ્યા છે.બળવાખોર સાંસદોમાં કાકોલી ઘોષ, જગદીશચંદ્ર બસુનિયા, ખલીલુર રહેમાન, યુસુફ પઠાણ, અબૂ તાહિર ખાન, પાર્થ ભૌમિક, બાપી હલદાર, સાયોની ઘોષ, માલા રૉય, મિતાલી બાગ, દીપક અધિકારી, કાલીપદ સોરેન, જૂન માલિયા, અરુપ ચક્રવર્તી, ડૉ. શર્મિલા સરકાર, શત્રુઘ્ન સિંહા, અસિતકુમાર માલ, શતાબ્દી રૉય અને રચના બેનરજીનો સમાવેશ થાય છે. લોકસભામાં ટીએમસીના ૨૮ સાંસદ છે અને જો તેમાંથી ૧૯ સાંસદે બળવો કર્યો હોવાનો દાવો સાચો સાબિત થાય તો ટીએમસી માટે એ મોટો રાજકીય ઝટકો હશે. એક અહેવાલ મુજબ આ સાંસદોએ સહી કરેલો એક પત્ર લોકસભાના સ્પીકરને સુપરત કર્યો છે.

### અમદાવાદ મેટ્રોના

ગાંધીનગર કોરિડોર સાથે સાંકળવાનો છે. તેમાં પાંચ નવાં સ્ટેશનનો સમાવેશ થશે. કોરિડોરમાં સ્ટેશનોનાં નામ - આશ્રમ રોડ, કોટેશ્વર પ્રાચીન મંદિર, સાબરમતી રિવર, સરદાર નગર અને ઍરપોર્ટનો સમાવેશ થાય છે. આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ પૂર્ણ થતાંની સાથે જ અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેનું મેટ્રો રેલ નેટવર્ક વિસ્તરીને કુલ ૭૭.૬૩ કિલોમીટર પર પહોંચી જશે. આ પ્રોજેક્ટના બાંધકામની કામગીરી દરમિયાન ૨૦૦૦ નોકરીઓ ઊભી થવાની અપેક્ષા છે. તેમજ ઓપરેશન તથા મેન્ટેનન્સ દરમિયાન ૫૦૦ લોકો કામ કરે તેવી શક્યતા છે. આ પ્રોજેક્ટ માટે આઈડીસી (બાંધકામ દરમિયાન વ્યાજ) સહિતનો કુલ પૂર્ણતા ખર્ચ ૨,૧૬૮.૦૪ કરોડ રૂપિયા થશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

### નરેન્દ્ર મોદી પર

મુઈઝ્ઝુ, દક્ષિણ કોરિયાના પ્રમુખ લી જૅ મ્યુન્ગ, મલેશિયાના વડા પ્રધાન અનવર ઈબ્રાહિમ, ભૂતાનના વડા પ્રધાન ત્શેરિંગ ટૉબ્ગે, શ્રીલંકાના પ્રમુખ અરુણાકુમારા દિશાનાયકે, ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ વડા પ્રધાન સ્કૉટ મૉરિસન, અમેરિકા, નેપાળ અને મોંગોલિયા સહિતના અન્ય દેશના રાજકીય નેતાઓનો પણ સમાવેશ થાય છે. દેશના અગ્રણી ઉદ્યોગપતિઓએ પણ મોદીને અભિનંદન આપ્યા હતા. વર્ષ ૨૦૧૪માં વડા પ્રધાન તરીકેનો હોદ્દો ગ્રહણ કરનાર મોદીએ બુધવારે વડા પ્રધાનપદ પર સતત ૪,૩૯૯ દિવસ કાર્યરત રહી દેશના સૌપ્રથમ ચૂંટાયેલા વડા પ્રધાન જવાહરલાલ નહેરુને પાછળ રાખી દઈ આ સીમાચિહ્નરૂપ સિધ્ધિ મેળવી હતી. વર્ષ ૧૯૫૨માં દેશના ચૂંટાયેલા વડા પ્રધાન તરીકેનો હોદ્દો ગ્રહણ કરનાર જવાહરલાલ નહેરુ આ હોદ્દા પર સતત ૪,૩૯૮ દિવસ રહ્યા હતા. (એજન્સી)

### ઇન્કમ ટૅક્સની

મર્યાદા છ વખત વધારવામાં આવી છે. આ મર્યાદા મૂળ બે લાખ રૂપિયા હતી અને હવે ૧૨.૭૫ લાખ રૂપિયા થઈ ગઈ છે. આ સમયગાળા દરમિયાન કરદાતાઓની સંખ્યા પણ ૫.૨૬ કરોડથી વધીને ૧૨.૧૩ કરોડ પર પહોંચી ગઈ છે. સરકારે દાવો કર્યો હતો કે જ્યારે તેની આવકમાં વધારો થયો છે, ત્યારે નાણાં તિજોરીમાં જમા રહ્યા નથી. તે પૈસા વિકાસના કામો મારફતે નાગરિકો પાસે પહોંચી ગયા છે. આવકવેરા રિફન્ડ હવે પહેલા કરતા વધુ ઝડપથી મળી રહ્યા છે. આનાથી રોકડની ઉપલબ્ધતામાં વધારો થયો છે. પુસ્તિકામાં જણાવાયું છે કે કરના બોજમાં ઘટાડો થવાથી લોકોનો વિશ્વાસ વધ્યો છે. લોકો જુએ છે કે તેમના પૈસા દેશના ભવિષ્યના નિર્માણ માટે ઉપયોગમાં લેવાઈ રહ્યા છે. આ સુશાસન અને રામરાજ્યનો સંદેશ છે.

### અમેરિકામાં

નાટકીય નહોતો, જે એ સંકેત છે કે ફુગાવો હજુ સુધી સમગ્ર અર્થતંત્રમાં ફેલાયો નથી. જો ઈરાન યુદ્ધ સમાપ્ત થાય અને તેલ અને ગેસના ભાવમાં ઘટાડો થાય, તો મુખ્ય ફુગાવો ઠંડો પડવાનું શરૂ થઈ શકે છે. આ મહિને ઇંધણના ભાવમાં ઘટાડો થયો છે.

### કોલકાતાના

વિસ્તારમાં આવેલી ઇમારતના ત્રીજા માળે સવારે ૯.૫૦ વાગ્યાની આસપાસ લાગેલી આગમાં કોઈને ઈજા થઈ નથી. બાદમાં આગ ઇમારતના અન્ય ભાગોમાં ફેલાઈ ગઈ હતી.કેન્દ્રીય પ્રધાન સુકાંત મજુમદારે આરોપ લગાવ્યો હતો કે તોડફોડની શક્યતા છે અને દાવો કર્યો હતો કે પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ થઈ શકે છે. તેમણે ઘટનાની સંપૂર્ણ તપાસની માંગ કરી હતી.ભાજપના નેતા રાકેશ સિંહે પણ માગ કરી હતી કે આગમાં તૃણમૂલ કોંગ્રેસના નેતાઓની સંભવિત ભૂમિકાની તપાસ કરવામાં આવે.ભાજપના નેતાઓના આરોપો પર તૃણમૂલ કોંગ્રેસ તરફથી તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

### ટૅરિફ રિફન્ડ

માનવું છે કે સરકાર બંધારણીય સત્તા વિના એકત્રિત કરેલા તમામ આયાત કરના નાણાં પરત કરવા માગે છે. પરંતુ તેમણે કહ્યું કે ન્યાય વિભાગની એ અપીલથી પ્રક્રિયા અટકવાનો ખતરો છે જેમાં એજન્સીને એ તમામ કંપનીઓને ટૅરિફ પરત કરવાનો આદેશ અપાયો હતો જેમણે ટૅરિફની ચૂકવણી કરી હતી ફક્ત એ કંપનીઓને જ નહીં કે જેણે કેસ કર્યો છે.

### કૉંગ્રેસમાં

પાર્ટીમાંથી રાજીનામાં આપી દીધાં છે અને બીજા ૮૦ માંથી ૫૮ ધારાસભ્યોએ એક નવું જૂથ બનાવી લીધું છે. તેવા સમયે કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીએ મમતા બેનરજીને તેમના પક્ષને કોંગ્રેસના વિલીન કરવાની ઓફર કરી છે. અલબત્ત, ટીએમસીએ આવી કોઇ શક્યતા હોવાનું નકારી કાઢ્યું હતું અને જણાવ્યું હતું કે, પક્ષ કોંગ્રેસ સાથે જોડાણ કરવા બાબતે ખૂલ્લું મન ધરાવે છે.

### સ્થિર સરકારની

હતું કે એનડીએ શાસનની સૌથી મોટી સફળતા એ છે કે તેણે દેશને કૉંગ્રેસના 'ઝેરી છટકા'માંથી બહાર કાઢ્યો. ૨૦૧૪માં એનડીએનો વિજય થયો ત્યારે મેં કહ્યું હતું કે આ આમ આદમીની નવી આશાનું પ્રભાત છે. કૉંગ્રેસની દગાખોરી બાદ લોકો અમારામાં આત્મવિશ્વાસ બતાડી રહ્યા છે. એનડીએ કુટુંબ તરીકે આપણે લોકોના આપણામાં વ્યક્ત કરેલો વિશ્વાસ સુદૃઢ કર્યો છે. ■

અમદાવાદ એર ક્રેશઃ

# સ્વર્ગીય વિજય રૂપાણીનાં દીકરીનાં પત્રના જવાબમાં એર ઈન્ડિયાએ કરી સ્પષ્ટતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વર્ષ ૨૦૨૫માં થયેલા એર ઈન્ડિયાના પ્લેન ક્રેશને આવતીકાલે એક વર્ષ પૂર્ણ થશે. આ અત્યંત ગોઝારા અકસ્માતમાં ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીનું પણ નિધન થયું હતું. ત્યારે રૂપાણીનાં દીકરી રાધિકા મિશ્રાએ ટાટા સન્સ અને એર ઈન્ડિયા ચેરપર્સન એન.ચંદ્રશેખરને ઈમેલ લખ્યો હતો, જેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે તપાસ પૂરી થયા પહેલા જ એરલાઇન્સ પીડિત પરિવારોને અંતિમ સેટલમેન્ટ સાઈન કરવા માટે દબાણ કરી રહી છે.

મીડિયા અહેવાલો અનુસાર તેમનાં આક્ષેપ બાદ એરલાઈન્સે સ્પષ્ટતા કરી હતી કે , અકસ્માતનો ભોગ બનેલા પરિવારો પર વળતર સ્વીકારવા માટે કોઈ દબાણ કરવામાં આવી રહ્યું નથી કે કોઈ ડેડલાઈન નક્કી કરવામાં આવી નથી. પરિવારો ઈચ્છે તો અંતિમ તપાસ અહેવાલ બહાર ન આવે ત્યાં સુધી રાહ જોઈ શકે છે.

મીડિયા અહેવાલ અનુસાર તેમણે જણાવ્યું હતું કે અમે સન્માનપૂર્વક સ્પષ્ટ કરવા માગીએ છીએ કે કોઈ પણ પરિવાર પર કોઈ સમયમર્યાદામાં વળતર સ્વીકારવાનું દબાણ કરવામાં આવ્યું નથી.

જે પરિવારો તપાસ સમિતિનો રિપોર્ટ ન આવે ત્યાં સુધી રાહ જોવા માંગે છે, તેઓ તેમ કરવા માટે સંપૂર્ણ સ્વતંત્ર છે. અમુક પરિવારો અહેવાલ પહેલા વળતર ઈચ્છતા હતા, તેથી આ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. તેમણે અમુક પ્રક્રિયાઓ નિયમોને આધિન હોવાનું જણાવ્યું હતું અને ભવિષ્યમાં કોઈ કાનૂની પ્રશ્નો ઊભા ન થાય તે માટે પ્રક્રિયાઓ અનુસરવામાં આવી હોવાની સ્પષ્ટતા કરી હતી. ■

# વડા પ્રધાનના સુશાસનના ૧૨ વર્ષ પૂર્ણ થવા બદલ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે પત્ર લખી પાઠવ્યા અભિનંદન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતના વડા પ્રધાન તરીકે નરેન્દ્ર મોદીના કાર્યકાળના ૧૨ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થવાના અવસરે ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના તમામ નાગરિકો વતી તેમને અભિનંદન પાઠવ્યા છે. મુખ્ય પ્રધાને પત્ર લખીને આ ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ પોતાની શુભેચ્છાઓ વ્યક્ત કરી છે. તેમ જ દેશના સર્વાંગી વિકાસ, સુશાસન અને લોકકલ્યાણ માટે તેમના સતત યોગદાનની પ્રશંસા કરી છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે પોતાના પત્રમાં જણાવ્યું છે કે, વડા પ્રધાનશ્રીનો ૧૨ વર્ષનો કાર્યકાળ વિશ્વભરમાં ભારત અને ભારતીયોનું ગૌરવ વધારનાર રહ્યો છે. તેમના નેતૃત્વમાં સર્જિકલ સ્ટ્રાઇક, એર સ્ટ્રાઇક અને ઓપરેશન સિંદૂર જેવાં કડક પગલાઓ થકી ભારતે આતંકવાદને જડબાતોડ જવાબ આપ્યો છે. વડા પ્રધાનશ્રીએ આપેલો 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'નો કાર્યમંત્ર આજે રાષ્ટ્રીય સંકલ્પ બન્યો છે. વિકાસની અભૂતપૂર્વ સ્પીડ અને સ્કેલ જોઇને આજે દેશમાં જન-જન બોલી રહ્યાં છે કે 'મોદી હૈ તો મુમકીન હૈ'. વડા પ્રધાનશ્રીના નેતૃત્વમાં કલ્યાણકારી યોજનાઓને સેચ્યુરેશન એપ્રોચ સાથે જન-જન સુધી પહોંચાડવામાં આવી છે. દેશમાં પહેલી વખત 'ઇઝ ઑફ લિવિંગ'ની સંકલ્પના સાકાર થઈ છે.

મુખ્ય પ્રધાને ગુજરાતને વડા પ્રધાનના દ્રષ્ટિવંત નેતૃત્વને જે લાભ મળ્યો છે, તેનો પણ ઉલ્લેખ કર્યો છે. તેમણે જણાવ્યું છે કે, વડા પ્રધાનશ્રી તરીકેનું દાયિત્વ સંભાળતાની સાથે જ ગુજરાતને ડબલ એન્જિન સરકારનું બળ મળ્યું છે. વડા પ્રધાનશ્રીએ ગુજરાતને આ ૧૨ વર્ષ દરમિયાન અનેક ઐતિહાસિક ભેટ આપી છે. વડા પ્રધાન બન્યાના માત્ર ૧૭ જ દિવસમાં નર્મદા યોજના આડેના અવરોધો દૂર કરી ગેટ મૂકવાની પરવાનગી, વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઑફ યુનિટી, સાબરમતી રિવરફ્રન્ટ, ગિફ્ટ સિટી, કચ્છમાં સૌથી મોટો હાઇબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક, મોઢેરા સોલાર વિલેજ, સાણંદ ખાતે સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સ, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ વગેરે જેવી ભેટ થકી ગુજરાત વિકાસના નવા આયામો સર કરી રહ્યું છે.

લોથલ મેરિટાઇમ હેરિટેડ કોમ્પ્લેક્સ, સોમનાથ સ્વાભિમાન પર્વ, દ્વારકા, સોમનાથ, અંબાજી કોરિડોર, પાવાગઢ મહાકાળી ધામનો પુનઃવિકાસ અને વડનગર આર્કિયોલોજિકલ મ્યુઝિયમ થકી ગુજરાતમાં 'વિકાસ ભી, વિરાસત ભી'નો મંત્ર ચરિતાર્થ થયો છે.

તેમણે પત્રમાં જણાવ્યું છે કે દેશ આજે જ્યારે 'વિકસિત ભારત ૨૦૪૭'ના મહાસંકલ્પ સાથે આગળ વધી રહ્યો છે, ત્યારે વડા પ્રધાનશ્રીના દિશા દર્શનમાં ગુજરાત પણ વિકસિત ગુજરાતના લક્ષ્યને સાકાર કરવા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. વડા પ્રધાનશ્રીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ભારત વિશ્વગુરૂ બનવાનો સંકલ્પ સિદ્ધ કરે તેવી ભાવના સાથે મુખ્ય પ્રધાને સહુ ગુજરાતીઓ વતી ૧૨ વર્ષના સફળ સુશાસન માટે વડા પ્રધાનશ્રીને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. ■

# સીએમઓ, એએમસી અને આરએસએસ કાર્યાલયને બૉમ્બથી ઉડાડવાની ધમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ગાંધીનગર અને અમદાવાદમાં ફરી ધમકીભર્યા ઈમેલ આવ્યા હતા. મુખ્ય પ્રધાન કાર્યાલય (સીએમઓ), અમદાવાદ મહાનગરપાલિકા કચેરી અને અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની કચેરીને બૉમ્બથી ઉડાડી દેવાની ધમકી આપતો ઈમેલ કરવામાં આવ્યો હતો. ઈમેલ્સ અલગ અલગ ઈમેલ આઈડી પરથી આવ્યા હતા, જેમાં મુખ્ય પ્રધાન ઑફિસને બપોરે ૧.૧૧ વાગ્યે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ઑફિસને બપોરે ૩.૧૧ વાગ્યે અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની કચેરીને સાંજે ૫.૧૧ વાગ્યે ઉડાવી દેવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ ધમકી બાદ પોલીસ વિભાગ સહિતની એજન્સીએ તાબડતોબ તપાસ શરૂ કરી હતી. મનપાની ઓફિસ ખાલી કરાવવામાં આવી હતી. આ સાથે શહેરમાં જાહેર સ્થળોએ સુરક્ષા વધારી દેવામાં આવી હતી, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. આ સાથે સાયબર ક્રાઈમ સેલ પણ હરકતમાં આવ્યું હતું અને જે ઈમેલ આઇડી પરથી આ ધમકીભર્યા મેસેજ મોકલવામાં આવ્યા છે, તેને ટ્રેસ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. અગાઉ પણ ગુજરાતમાં આવા ધમકીભર્યા મેસેજ આવ્યા હતા. જોકે દર વખતની જેમ આ વખતે પણ કોઈ શંકાસ્પદ સામગ્રી મળી ન હતી. ■

# ગિફ્ટ સિટી નજીકની ૧૯૦ કરોડની જમીન હડપ કરવાના કેસમાં એફઆઈઆર નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગિફ્ટ સિટી પાસે ૧૮ વિઘા જમીનને ખોટા દસ્તાવેજો બનાવી ટ્રાન્સફર કરી નાખાવાના કેસમાં એફઆઈઆર નોંધવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. આ જમીન એનઆરઆઈ ખેડૂતની છે અને તેમની જાણ બહાર આ થયું હોવાથી ગુજરાત હાઈ કોર્ટના હસ્તક્ષેપ બાદ નવી એફઆઈઆર નોંધવામાં આવી હતી. સૂત્રોએ આપેલી માહિતી અનુસાર આરોપી કૌશિક વઘાસિયા અને તેના સાથીઓ સામેની એફઆઈઆર કલેક્ટરની આગેવાની હેઠળની ક્રાઈસિસ ઈન્ટરવેન્શન ટીમ (સીઆઈટી) અને લેન્ડ ગ્રેબિંગ વિજિલન્સ કમિટી દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસના તારણો પર આધારિત છે. ડભોડા પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

આ જમીન રતનપુર ગામમાં આવેલી છે અને તે ખેડા જિલ્લાના રામપુરા ગામના ૭૪ વર્ષીય પ્રભુદાસ પટેલની છે. આ જમીન ૨૦૦૭માં વિદેશમાં રહેતા પટેલે રજિસ્ટર્ડ સેલ્સ ડીડ દ્વારા ખરીદી હતી. મહેસૂલ રેકોર્ડ વર્ષોથી તેમની માલિકી સતત દર્શાવે છે.

ફરિયાદ મુજબ, વઘાસિયાએ કથિત રીતે પટેલની બનાવટી સહી કરી હતી અને નકલી પાવર ઓફ એટર્ની તૈયાર કરી હતી, જે પાછળથી નોટરાઈઝ કરવામાં આવી હતી અને પટેલની સંમતિ કે જાણકારી વિના તેમના નામે વેચાણ દસ્તાવેજ કરાવવા માટે ઉપયોગમાં લેવામાં આવ્યો હતો. એજન્સી એવો પણ આરોપ લગાવ્યો છે કે પટેલ જીવંત હોવા છતાં અને જમીનની કાયદેસર માલિકી ધરાવતો હોવા છતાં ખોટું સોગંદનામું તૈયાર કરવામાં આવ્યું હતું અને નોટરાઈઝ કરવામાં આવ્યું હતું.

પટેલે આ મિલકતની મુલાકાત લીધી ત્યારે તેમને આ આ કથિત છેતરપિંડીની જાણ થઈ હતી. તેમણે પોતાની મિલકત પર વઘાસિયાના નામનું સાઈનબોર્ડ જોયું હતું.

૨૦૨૪ માં, પટેલ અને તેમના સહયોગી રાકેશ ગોહિલે કલેક્ટરની આગેવાની હેઠળની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમનો સંપર્ક કર્યો હતો, જેમાં દસ્તાવેજો બનાવટી બનાવવા અને જમીન હડપ કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. ફરિયાદ બાદ, વઘાસિયાની ધરપકડ કરવામાં આવી હતી, અને બનાવટી કેસમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ■

# ગાંધીધામમાંથી ₹ ૪૩.૯૩ કરોડના આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ નેટવર્કનો પર્દાફાશઃ શ્રીલંકા સુધી લિંક, ચાર આરોપી ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાત સરકાર દ્વારા રાજ્યભરમાં ચલાવવામાં આવી રહેલા ઓપરેશન મ્યુલ હંટ ૨.૦ અંતર્ગત પૂર્વ કચ્છ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશને ગાંધીધામ સંકુલમાંથી ઓપરેટ થતા કરોડો રૂપિયાના બેંક એકાઉન્ટ ભાડે આપવાના મોટા આંતરરાષ્ટ્રીય કૌભાંડનો પર્દાફાશ થયો છે.

પોલીસે આ રેકેટમાં સામેલ ચાર આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે કૌભાંડના મુખ્ય સૂત્રધારો સહિત અન્ય ચાર શખ્સોને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યાં છે. પ્રાથમિક તપાસમાં ગરીબ અને જરૂરિયાતમંદ લોકોના નામે ખોલાવાયેલા ૧૦૫ 'મ્યુલ એકાઉન્ટ્સ' એટલે કે, ભાડૂતી ખાતામાંથી રૂ. ૪૩.૯૩ કરોડથી વધુની શંકાસ્પદ નાણાકીય હેરફેર સામે આવતાં ભારે ખળભળાટ મચી ગયો છે. સરહદી રેન્જ ભુજના આઈજી ચિરાગ કોરડીયા તથા પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા હાથ ધરાયેલા આ ઓપરેશનની વિગતો મુજબ, આરોપીઓ ગરીબ, મજૂર અને આર્થિક રીતે નબળા લોકોને થોડા કમિશન કે આર્થિક લાભની લાલચ આપી તેમના અસલી દસ્તાવેજો મેળવી લેતા હતા. ત્યારબાદ આ દસ્તાવેજોના આધારે વિવિધ સરકારી અને ખાનગી બેંકોમાં બચત તથા કરંટ ખાતાઓ ખોલાવવામાં આવતા હતા. ખાતું ખૂલ્યા બાદ તેની ગુપ્ત બેંકિંગ કીટ, એટીએમ કાર્ડ, ચેકબુક, રજિસ્ટર્ડ સિમકાર્ડ, ઈ-મેઈલ આઈડી અને નેટબેંકિંગના પાસવર્ડ કુરિયર અને વોટ્સએપ મારફતે છેક શ્રીલંકામાં રહેલા સાયબર માફિયાઓ સુધી પહોંચાડવામાં આવતા હતા.

પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે, આ આંતરરાષ્ટ્રીય નેટવર્ક છેલ્લા પાંચ-છ મહિનાથી સક્રિય હતું અને આ ૧૦૫ બેંક ખાતાઓમાં કુલ રૂા. ૪૩,૯૩,૮૦,૧૧૩ (આશરે ૪૪ કરોડ રૂપિયા) જમા થયા હતા. આ નાણાં દેશભરના નિર્દોષ નાગરિકો સાથે ઓનલાઇન ઇન્વેસ્ટમેન્ટ ફ્રોડ, પાર્ટ ટાઈમ જોબ ફ્રોડ, કોલર આઈડી ફ્રોડ, ફેક યોનો એપ્લિકેશન, વોટ્સએપ એપીકે હેકિંગ, નકલી ક્લોથિંગ વેબસાઈટ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત ઇન્વેસ્ટમેન્ટ ફ્રોડ જેવા અત્યાધુનિક ડિજિટલ ગુનાઓ આચરીને પડાવવામાં આવ્યા હતા. ભારત સરકારના નેશનલ સાયબર ક્રાઈમ સમન્વય પોર્ટલ પર આ ખાતાઓ વિરુદ્ધ દેશભરમાંથી કુલ ૯૦ જેટલી સત્તાવાર ફરિયાદો નોંધાઈ ચૂકી છે. આ કૌભાંડમાં ગુજરાત અન્ય ૧૨ કરતા વધુ રાજ્યમાં ફેલાયેલું હોવાનું બહાર આવ્યું છે.

સાયબર પોલીસે હ્યુમન સોર્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે દિવ્યરાજસિંહ અનિરુદ્ધસિંહ રાણા, જયનીત ભરત કાર (કન્નર), ચિરાગસિંહ બલવંતસિંહ ઝાલા અને શબ્બીર અકબર લુહાર (લોધા) નામના ચાર આરોપીઓને ઝડપી પાડી, તેમની પાસેથી ૭ મોબાઈલ ફોન કબ્જે કર્યા છે. આ તમામ સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ અને આઈ.ટી. એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરાયો છે. જ્યારે આ રેકેટના મુખ્ય ભેજાબાજ ગણાતા કિંગ ડેવિડ ઉર્ફે કનૈયાલાલ ઠક્કર, દીપક ઠક્કર, જયરાજસિંહ જીતેન્દ્રસિંહ રાણા અને રાજભા ગાંડુજી વાઘેલા હજુ પોલીસ પકડથી દૂર હોઈ તેમને શોધવા કવાયત તેજ કરાઈ છે. ■

# ગુજરાતમાં મેમાં વાહનોનું વેચાણ ૧.૫૮ લાખને પાર, કારનું વેચાણ પચીસ ટકા વધ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલાં વાહનોના વેચાણના તાજેતરના આંકડા અનુસાર, મે ૨૦૨૬માં ગુજરાતના વાહન બજારમાં જોરદાર તેજી જોવા મળી છે. મે મહિનામાં વાહનોનું વેચાણ ૧.૫૮ લાખ યુનિટને પાર પહોંચી ગયું છે, જે વાર્ષિક ધોરણે ૧૮.૧૬ ટકા નો મજબૂત ઉછાળો દર્શાવે છે.

પેસેન્જર વ્હીકલ્સ (મુસાફર વાહનો) માટે પણ આ મહિનો ઘણો ફાયદાકારક રહ્યો છે. કારના વેચાણમાં ૨૫.૮૧ ટકા નો મોટો વધારો થયો છે અને તે ૩૨,૦૧૮ યુનિટ પર પહોંચી ગયું છે.

અહેવાલો અનુસાર રાજ્યના રસ્તાઓ પર ટુ-વ્હીલર્સનો દબદબો યથાવત રહ્યો છે. મે ૨૦૨૫માં ૯૩,૯૯૨ યુનિટ્સનું વેચાણ થયું હતું, જે મે ૨૦૨૬માં ૧૬.૦૪ ટકા વધીને ૧.૦૯ લાખ યુનિટ્સથી વધુ થઈ ગયું છે. ઓટોમોબાઈલ ક્ષેત્રના નિષ્ણાતોના મતે, ઉનાળાની કાળઝાળ ગરમી હોવા છતાં શોરૂમમાં ગ્રાહકોની ભીડ જોવા મળી હતી. આ વધારા પાછળ મુસાફરી માટે વાહનોની મજબૂત માગ, ગ્રામીણ વિસ્તારોમાં લોકોની આવક અને ખર્ચમાં સુધારો તેમજ આકર્ષક ફાઇનાન્સ (લોન) સ્કીમ્સ મુખ્ય કારણો રહ્યાં છે.

મે મહિનામાં થ્રી-વ્હીલર્સનું પ્રદર્શન સૌથી શાનદાર રહ્યું છે. છેવાડાના વિસ્તારો સુધી મુસાફરોની અવરજવર અને નાના માલસામાનની હેરફેર માટે વધતી માગને કારણે, થ્રી-વ્હીલર્સનું વેચાણ ૨૭.૧૧ ટકા ના ઉછાળા સાથે ૭,૫૧૫ યુનિટ પર પહોંચી ગયું છે. ■

# રાજકોટની પી.ડી.યુ. હૉસ્પિટલના પેથોલોજી ટેન્ડરમાં કરોડોની ગંભીર અનિયમિતતાનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ફરીવાર રાજકોટની વધુ એક હોસ્પિટલ વિવાદોમાં આવી છે. શહેરની પંડિત દીનદયાળ ઉપાધ્યાય (પી.ડી.યુ.) સિવિલ હોસ્પિટલ ખાતેની પેથોલોજી લેબ સેવાઓની ટેન્ડર ફાળવણીમાં ગંભીર અનિયમિતતાઓ અને નિયમોના ઉલ્લંઘનનો સનસનાટીભર્યો આક્ષેપ થયો છે. આ આક્ષેપ કૉંગ્રેસના નેતા અને આરટીઆઈ એક્ટિવિસ્ટ સંજય લાખાણી અને કૃષ્ણદત્ત રાવલ દ્વારા કરવામાં આવ્યો છે. તેમણે આ અંગે આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરિયા તેમ જ ગાંધીનગરના આરોગ્ય વિભાગના અધિક નિયામકને લેખિત ફરિયાદ મોકલી હોવાનું જણાવ્યું હતું.

તેમની ફરિયાદ અનુસાર હોસ્પિટલમાં દાખલ થતા દરદીઓનો ખર્ચ ભલે સરકાર ભોગવતી હોય, પરંતુ ઓપીડી સેવાઓ માટે આવતા દરદીઓએ પોતાના ખિસ્સામાંથી નાણાં ચૂકવવાં પડે છે. હાલમાં જે ટેન્ડર અનુસાર કામ થઈ રહ્યું છે તે ઊંચા ભાવવાળું હોવાથી ગરીબ અને શ્રમિક દરદીઓએ સારવાર માટે આર્થિક બોજ સહન કરવો પડે છે.

તેમણે ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે ચાર બીડરોમાંથી 'ડો. ભટ્ટ પેથોલોજી લેબોરેટરી' અને 'ડેલ્ટા ડાયગ્નોસ્ટિક લેબોરેટરી' સ્વતંત્ર નથી. ડેલ્ટા એ ડો. ભટ્ટ લેબની સબસિડીયરી હોવાની અને તેના રિપોર્ટ ડો. ભટ્ટના લેટરહેડ પર જ આવતા હોવાની આશંકા છે, જે કોમ્પિટિશન એક્ટ-૨૦૦૨ હેઠળ 'બીડ-રિગિંગ'નો ગુનો બને છે.

તેમણે એવો આક્ષેપ પણ કર્યો હતો કે મૂળ એક વર્ષનો કરાર પૂર્ણ થઈ ગયો હોવા છતાં ડો. ભટ્ટ લેબ પાસેથી સેવાઓ ચાલુ રખાઈ છે, જે જનરલ ફાયનાન્સિયલ રૂલ્સનું ઉલ્લંઘન છે, તેવો આક્ષેપ પણ તેમણે કર્યો હતો.

આરટીઆઈ કાર્યકરોએ માગ કરી હતી કે આ સમગ્ર મામલાની સ્વતંત્ર સમિતિ દ્વારા તાત્કાલિક તપાસ થાય, બંને લેબના એમસીએ, જીએસટીઆઈએન અને એનએબીએલ રેકોર્ડ તપાસવામાં આવે અને વર્તમાન ટેન્ડર રદ કરી તાત્કાલિક નવેસરથી પારદર્શક ખુલ્લું ટેન્ડર બહાર પાડવામાં આવે.

આ અંગે પીડીયુનાં સૂત્રો સાથે સંપર્ક થઈ શક્યો ન હતો. ■

# ભરૂચની જામા મસ્જિદના ભોંયરામાંથી જૈન તીર્થંકર મલ્લિનાથ ભગવાનની પ્રતિમા મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભરૂચ શહેરની ઐતિહાસિક જામા મસ્જિદના ભોંયરામાંથી ૧૯મા જૈન તીર્થંકર ભગવાન મલ્લિનાથ અને અન્ય જૈન દેવી-દેવતાઓની પૌરાણિક પ્રતિમાઓ મળી આવી છે. જેના પર સંવત ૧૨૧૩નો ઉલ્લેખ કરાયાનું પણ કહેવામાં આવી રહ્યું છે. આ સાથે જ હિન્દુ અને જૈન સંગઠનોનો દાવાને બળ મળ્યું છે.

સંતસમાજે દાવો કર્યો હતો કે, આ સ્થળ જૈન સમરી વિહાર અને શ્રી ચક્રધર સ્વામીનું જન્મ સ્થળ હતું. છેલ્લા છ મહિનાથી સંતો અને વિવિધ સંગઠનો દ્વારા આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે. આ વિવાદ વધતાં આખરે પુરાતત્ત્વ વિભાગે મસ્જિદનાં વર્ષોથી બંધ ભોંયરાનો દરવાજો ખોલીને તપાસ કરતા અંદાજે ૭૦૦ વર્ષથી બંધ એવા ભોંયરામાંથી ૧૯મા જૈન તીર્થંકર ભગવાન મલ્લિનાથ અને અન્ય જૈન દેવી-દેવતાઓની પૌરાણિક પ્રતિમાઓ મળી આવી છે. જેના પર સંવત ૧૨૧૩નો ઉલ્લેખ કરાયાનું પણ કહેવામાં આવી રહ્યું છે. આ સમગ્ર કામગીરીનો પુરાતત્ત્વ વિભાગ દ્વારા વીડિયો રિપોર્ટ તૈયાર કરીને ઉચ્ચ સ્તરે મોકલવામાં આવ્યો હોવાનું પણ કહેવામાં આવી રહ્યું છે. પૌરાણિક પ્રતિમાઓ મળી આવ્યા બાદ તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં ભરીને મસ્જિદ પરિસરમાંથી બિનઅધિકૃત દબાણો દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ સાથે જ સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે ભોંયરા તરફ જતો એક મુખ્ય દરવાજો હાલ પૂરતો કાયમ માટે બંધ કરી દેવાયો છે. ■

# ભરૂચમાં સસરાએ પુત્રવધૂ અને વેવાણની ઘરમાં ઘૂસીને હત્યા કરતા ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભરૂચ શહેરના વહોરાવાડ અને કોઠી વિસ્તારમાં ધોળા દિવસે બે લોકોની હત્યા થતાં સમગ્ર શહેરમાં ખળભળાટ મચી ગયો હતો. ભરૂચના કોઠી વિસ્તારના ડો. યુસુફ ઝનોરવાલાના પિતા ઝૈનુલ અબ્બાસે પોતાની પુત્રવધૂ અલિફીયા ઝનોરવાલા અને તેની માતા શહેનાઝબેન નમકવાલા પર ધારદાર ચપ્પુ વડે હુમલો કરીને બન્નેને મોતને ઘાટ ઉતારી દીધા હતા. જે બાદ હુમલાખોર ઝૈનુલે પણ પોતાના પર છરી વડે હુમલો કરીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાની જાણ થતાં ભરૂચ પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. હજુ સુધી હુમલો કરવા પાછળનું કારણ જાણી શકાયું નથી. હાલ તો પોલીસે ગુનો નોંધીને ઘટના સ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજ મેળવવા સાથે પરિવારજનોનાં નિવેદનો નોંધવા સહિત આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આપઘાતનો પ્રયાસ કરનાર સસરા ઝૈનુલ અબ્બાસની હાલત નાજુક હોવાથી તેમને લોહીલુહાણ હાલતમાં ભરૂચની સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જ્યાં તેમની હાલત વધારે ગંભીર જણાતા આઈસીયુમાં શિફ્ટ કરવામાં આવ્યા છે. ■

# કેસર કેરીની સિઝન આ વર્ષે લાંબી ચાલી, બમ્પર વેચાણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના હવામાનમાં ઑક્ટોબર મહિનાથી વારંવાર પલટો આવતો રહેતો હોવાથી અન્ય પાકો સાથે કેસર કેરીના પાકને પણ નુકસાન જશે તેવી ભીતિ સેવાતી હતી. આ સાથે આંબામાં મોર ફૂટવાનું પણ મોડું શરૂ થયું હતું, પરંતુ ખેડૂતોની મહેનત રંગ લાવી છે અને આ વખતે કેસર કેરીનો સારો એવો માલ ઊતર્યો હોવાથી તમામ અટકળો ખોટી પડી છે. આ સાથે આ વર્ષે બે અલગ અલગ ફેસમાં મોર ફૂટવાની પ્રક્રિયા થઈ હોવાથી કેરી પણ લાંબો સમય બજારમાં આવી છે.

રાજ્યમાં તાલાલા કેસર કેરીનું હબ ગણાય છે. તાલાલામાં ગત વર્ષના ૪૪ દિવસ સામે આ વખતે સિઝન ૫૦ કરતાં વધુ દિવસ ચાલી છે. ૨૦૨૫ના ૪.૫ લાખ બોક્સની સરખામણીએ અત્યાર સુધીમાં ૭.૫ લાખ બોક્સ વેચાયાં છે. રેકોર્ડ બ્રેક પાક સાથે ખેડૂતો કેરી વિક્રેતાઓ માટે આ વર્ષ સારું રહ્યું છે, તેમ આંકડાઓ અને અહેવાલો જણાવે છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, ગત વર્ષે કેસરની સિઝન ૪૪ દિવસ ચાલી હતી, જેમાં ખેડૂતો ૧૦ કિલો વજન ધરાવતા ૪.૫ લાખ બોક્સ લાવ્યા હતા. આ વર્ષે સિઝનને ૫૦ દિવસ થઈ ચૂક્યા છે અને ૭.૫ લાખ બોક્સ વેચાઈ ગયાં છે. સિઝન હજુ પણ ચાલુ છે અને ૧૫ જૂન સુધી ચાલે તેવી આશા છે. એકંદરે સારા વાતાવરણને કારણે બમ્પર પાક મેળવવામાં મદદ મળી છે.

તાલાલા માર્કેટિંગ યાર્ડના આંકડા મુજબ, આ સીઝનમાં ૧૦ કિલોના બોક્સનો સૌથી વધુ ભાવ રૂ. ૧,૦૬૦ અને સૌથી ઓછો ભાવ રૂ. ૩૬૦ રહ્યો હતો, જ્યારે સરેરાશ ભાવ પ્રતિ બોક્સ રૂ. ૬૦૦ રહ્યો હતો.

જૂનાગઢ માર્કેટિંગ યાર્ડના સૂત્રો મુજબ, માર્ચ મહિનામાં સિઝન શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં તેમને ૬.૯ લાખ બોક્સ કેસર કેરીની આવક થઈ છે. આ આંકડો ૨૦૨૪-૨૫ના ૬.૩૬ લાખ બોક્સ અને ૨૦૨૩-૨૪ના ૬.૦૬ લાખ બોક્સના આંકડાને વટાવી ગયો છે. ■

# અમદાવાદમાં સતત બીજા દિવસે ૪૫૨ લિટર શંકાસ્પદ ઘી મળ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં મંગળવારે ૪૦૦૦ કિલો કરતા વધારે શંકાસ્પદ ગાયનું ઘી મનપાએ પકડી પાડ્યું હતું ત્યારે બીજા દિવસે પણ શંકાસ્પદ ઘી પકડાયું હોવાની માહિતી મળી હતી.

બુધવારે ગાંધીનગર સ્થિત ફ્લાઈંગ સ્ક્વૉડે અમદાવાદ શહેરના કઠવાડા વિસ્તારમાં આવેલી શ્રી માતંગી ડેરી એન્ડ ફૂડ પ્રોડક્ટ્સ ખાતે અચાનક તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ભેળસેળની પ્રબળ શંકા, અત્યંત ઓછો વેચાણ ભાવ, જરૂરી ખરીદ-વેચાણના દસ્તાવેજોની ગેરહાજરી તથા માન્ય ફૂડ લાઈસન્સના અભાવને ધ્યાનમાં રાખી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. ફૂડ સેફ્ટી અધિકારીઓએ સ્થળ પરથી અંદાજિત રૂ. ૨.૮૫ લાખની કિંમતનો ૪૫૨ લિટર શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કર્યો હતો અને સમગ્ર ફેક્ટરીને સીલ કરી દેવામાં આવી હતી. વધુ તપાસમાં જાણવા મળ્યું હતું કે સંચાલકો જરૂરી લાઈસન્સ વિના ઉત્પાદન કરી રહ્યા હતા તેમજ અન્ય ફર્મના નામે ઉત્પાદન કરવામાં આવી રહ્યું હોવાનું પણ સામે આવ્યું હતું.

જપ્ત કરાયેલા ઘીના નમૂનાઓ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. અહેવાલ પ્રાપ્ત થયા બાદ જવાબદારો સામે કાયદાની કડક જોગવાઈઓ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે, તેમ રાજ્ય સરકારે જણાવ્યું હતું. ■

# સુરતમાં છેલ્લી ઘડીએ પોલીસ દેવદૂત બનીને પહોંચી, યુવકને આત્મહત્યા કરતો અટકાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પોલીસની સમયસૂચકતા અને સરાહનીય કામગીરીના કારણે એક વ્યક્તિનો કિંમતી જીવ બચી ગયો છે. એક વ્યક્તિ પોતાનું ઘર બંધ કરીને ઝેરી દવા પીને આત્મહત્યા કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો, પરંતુ ગુજરાત પોલીસે સમયસર પહોંચીને તેનો જીવ બચાવી લીધો હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. ૯ જૂનના રોજ સાંજે ૬:૧૨ વાગ્યાની આસપાસ પોલીસને એક ઇમરજન્સી કોલ મળ્યો હતો. કોલમાં જણાવવામાં આવ્યું કે, સુરતના ખોલવાડ ગામ ખાતે આવેલ સ્ટાર પવિત્ર નગરી એપાર્ટમેન્ટના સાતમા માળે, ફ્લેટ નંબર એ/૭૦૧ માં રહેતા કિરણભાઈ રામજીભાઈ ધામેલિયા માનસિક રીતે ભાંગી પડ્યા છે અને કંટાળીને ઝેરી દવા પી રહ્યા છે. કિરણભાઈએ પોતાનો રૂમ અંદરથી બંધ કરી દીધો હતો. કોલ મળતાની સાથે જ પી.સી.આર વાનના ઇન્ચાર્જ પોલીસ કોન્સ્ટેબલ શૈલેષભાઈ ગોવિંદભાઈ અને પીસીઆર વાનના ડ્રાઈવર તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. એપાર્ટમેન્ટના સાતમા માળે પહોંચીને જોયું તો ફ્લેટનો મુખ્ય દરવાજો અંદરથી મજબૂત રીતે બંધ હતો. દરવાજો તોડવામાં સમય બગડે તેમ હોવાથી પોલીસ કોન્સ્ટેબલ શૈલેષભાઈએ અદ્ભૂત સમયસૂચકતા દાખવી હતી. તેઓ તાત્કાલિક બાજુના ફ્લેટમાં ગયા અને સાતમા માળની ઊંચાઈએ પોતાના જીવની પરવાહ કર્યા વિના પાછળની બારીમાંથી કૂદીને કિરણભાઈના ઘરમાં પ્રવેશ કર્યો હતો. શૈલેષભાઈ અંદર પહોંચ્યા ત્યારે કિરણભાઈએ થોડી ઝેરી દવા પી લીધી હતી અને તેમને ઊલટીઓ શરૂ થઈ ગઈ હતી. ૧૦૮ એમ્બ્યુલન્સને પહોંચવામાં સમય લાગે તેમ હોવાથી, પોલીસે જરાય રાહ જોયા વિના કિરણભાઈને સાતમા માળેથી નીચે ઉતાર્યા અને પોતાની પીસીઆર વાનમાં જ તાત્કાલિક કામરેજ હોસ્પિટલ લઈ ગયા, જ્યાં સમયસર સારવાર મળતા તેમનો જીવ બચી ગયો હતો. મુંબઈ સમાચાર સાથે વાત કરતા પો.કો શૈલેષભાઈએ જણાવ્યું કે, પીસીઆર કોલ મળતાની સાથે જ તેઓ ઘટનાસ્થળે પહોંચી ગયાં હતાં. તે ઘર તો અંદરથી બંધ હતું પરંતુ તેમણે પોતાના જીવના જોખમે બાજુના મકાનમાં પાછળ બારીએથી કિરણભાઈના મકાનમાં પ્રવેશ કર્યો અને દવા પીતા અટકાવ્યા હતા. ■

### ઓપરેશન બ્લુ સ્ટાર ટિપ્પણી પરનો વિવાદ

# ફડણવીસે મહાજનનો બચાવ કર્યો, 'શીખ વિરોધી રમખાણો એક હકીકત'

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે રાજ્યના પ્રધાન ગિરીશ મહાજનનો બચાવ કરતાં તેમની 'ઓપરેશન બ્લુ સ્ટાર એક કાળો દિવસ'ની ટિપ્પણીના વિવાદ અંગે કહ્યું હતું કે તેમની ટિપ્પણીને 'કોંગ્રેસના નેતૃત્વ હેઠળ' ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણોના સંદર્ભમાં સંપૂર્ણ રીતે જોવી જોઈએ. મહાજને ઓપરેશન બ્લુ સ્ટારને 'કાળો દિવસ' ગણાવીને ૧૯૮૪ની સૈન્ય કાર્યવાહીને અફઘાન શાસક અહમદ શાહ અબ્દાલી દ્વારા કરવામાં આવેલા આક્રમણ સાથે સરખાવીને રાજકીય વિવાદ ઊભો કર્યો હતો, જેના કારણે વિપક્ષોએ તેમને બરતરફ કરવાની માગણી કરી હતી.

વિપક્ષે મહાજન પર આતંકવાદીઓના 'મહિમામંડન'નો અને સશસ્ત્ર દળોનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો હતો.

કોંગ્રેસ પક્ષના નેતૃત્વ હેઠળ દિલ્હી, પંજાબ અને સમગ્ર ભારતમાં શીખોનો નરસંહાર એક ઐતિહાસિક હકીકત છે. આ સત્યને કોઈ ભૂલી શકે નહીં, એમ ફડણવીસે નવી દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું.

મહાજનના ભાષણની ટીકાનો ઉલ્લેખ કરતા ફડણવીસે કહ્યું હતું કે, 'જો તમે મહાજનના સમગ્ર નિવેદન પર નજર નાખો, તો આવો પ્રશ્ન ઉદ્ભવશે નહીં. ગિરીશ મહાજન પહેલેથી જ સ્પષ્ટતા કરી ચૂક્યા છે.'

ગયા શનિવારે અમૃતસરમાં દમદમી તક્સાલ મુખ્યાલયમાં ઓપરેશન બ્લુ સ્ટાર વર્ષગાંઠ સમારોહમાં હાજરી આપનારા મહાજન કોઈપણ રાજ્ય સરકારના પ્રથમ પ્રતિનિધિ બન્યા.

ફડણવીસે જણાવ્યું હતું કે ગુરુ તેગ બહાદુરની ૩૦૦મી શહીદ જયંતીની રાષ્ટ્રવ્યાપી ઉજવણી દરમિયાન આમંત્રણ મળ્યા બાદ મહાજન પંજાબ ગયા હતા.

'આખો દેશ ગુરુ તેગ બહાદુરજીની ૩૦૦મી શહીદ જયંતીની ઉજવણી કરી રહ્યો હતો. મહારાષ્ટ્રે આ પ્રસંગે મોટા કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. ■

## કાશ્મીરથી લવાયેલા ત્રણ કરોડના ચરસ સાથે ત્રણની ધરપકડ

થાણે: કાશ્મીર વૅલી સાથે કડી ધરાવતા ડ્રગ તસ્કરીના નેટવર્કનો પર્દાફાશ કરી થાણે ક્રાઈમ બ્રાન્ચે ત્રણ કરોડથી વધુના ડ્રગ્સ સાથે ત્રણ આરોપીની ધરપકડ કરી હતી.

ડીસીપી અમરસિંહ જાધવે જણાવ્યું હતું કે ડ્રગ વિરોધી ઝુંબેશના ભાગ રૂપે આ કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસની ટીમે આઠ મેના ગુજરાતના અંકલેશ્વરમાં રહેતા ફિરોઝ અબ્દુલ ખાન (૫૨)ને મુંબ્રા નજીક આંતર્યો હતો. તાબામાં લેવાયેલા ખાન પાસેથી ૩.૦૨ કરોડ રૂપિયાનું ચરસ અને ૧૨,૯૮૪ ટ્રામાડોલ કેપ્સ્યૂલ્સ જપ્ત કરવામાં આવી હતી. ખાનની પૂછપરછ પછી જમ્મુ-કાશ્મીરના અનંતનાગ અને કુપવાડા જિલ્લામાંથી વધુ બે આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. ફિરોઝ ખાનને અગાઉ બે કેસમાં કોર્ટે કસૂરવાર ઠેરવ્યો હતો. જેલમાં સજા ભોગવી તે બહાર આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં એવું જણાયું હતું. (પીટીઆઈ) ■

## 'કેટલાક લોકોને તૈયાર ભાણે બધું મળી રહે છે'

### એનસીપીના સ્થાપના દિને ભુજબળ દાઢમાં બોલ્યા

મુંબઈ: રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી)ના સ્થાપના દિન નિમિત્તે મુંબઈ સ્થિત પક્ષના કાર્યાલય પર ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. જોકે, આ આનંદમય ઉજવણી દરમિયાન વરિષ્ઠ નેતા છગન ભુજબળના મનમાં ઘોળાતી વાતો ફરી એકવાર બહાર આવતા રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો. ભુજબળે પોતાના ભાષણમાં પક્ષની સ્થાપનાની જૂની સ્મૃતિઓ તાજી કરી પક્ષના આંતરિક નેતૃત્વ અને નિર્ણય લેવાની પ્રક્રિયા પર સીધું નિશાન સાધ્યું હતું.

રાજ્યસભા પેટાચૂંટણી માટે છગન ભુજબળના નામની ચર્ચા ચાલી રહી હતી. છગન ભુજબળે રાજ્યસભામાં ગયા પછી ભત્રીજા સમીર ભુજબળને રાજ્ય પ્રધાન મંડળમાં સ્થાન આપવાની માગ કરી હોવાના અહેવાલ વહેતા થયા હતા. જોકે, પક્ષના નેતૃત્વએ આ શરત સ્વીકારી ન હતી. ત્યારબાદ એવી ચર્ચા થઈ હતી કે ભુજબળ નાખુશ હતા. બુધવારે એનસીપીના સ્થાપના દિન નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં ભૂજબળએ હૈયાવરાળ કાઢી હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

ભુજબળ પક્ષના શરૂઆતના દિવસોના સંઘર્ષને યાદ કરતાં ભાવુક તો થયા પણ સાથે આક્રમક પણ બની ગયા. તેમણે કહ્યું કે 'સમીર અને પંકજ (ભુજબળ) એ પક્ષની રચના દરમિયાન ખૂબ જ મહેનત કરી હતી. તે સમયે બંને રાત્રે શિવાજી પાર્કની પાળી પર સૂઈ જતા અને સવારે રસ્તાની સામે બાજુએ આવેલા મેયરના બંગલામાં જતા હતા.' આ સંઘર્ષનું વર્ણન કરતી વખતે તેમણે હાલમાં મહેનત કર્યા વિના પદ મેળવી રહેલા લોકો પર નિશાન સાધ્યું હતું.

તેમણે દલીલ કરી હતી કે 'દરેક વ્યક્તિ સખત મહેનત કરે છે, પરંતુ કેટલાક લોકો સખત મહેનત કર્યા વિના પણ આગળ વધી શકે છે; જ્યારે કેટલાક ગરીબ લોકો ફક્ત સખત મહેનત કરતા રહે છે.' તેમના આ નિવેદનથી પક્ષમાં કોણ મહેનત કર્યા વિના મેવા પામ્યું એની ચર્ચા શરૂ થઈ ગઈ છે. ■

નવમાં પાનાનું ચાલુ

### મુખ્ય પ્રધાન-મેયરની

કક્ષાના ગૃહ પ્રધાન (અર્બન) યોગેશ કદમે જણાવ્યું હતું કે પાલિકાના મુખ્યાલયમાં તપાસ કરાઇ હતી, પણ કોઇ વાંધાજનક કે જોખમી વસ્તુ મળી નહોતી. ઇમેઇલ ડાર્ક વૅબ અને વીપીએન મારફત મોકલવામાં આવ્યા હતા અને આ પ્રકરણે તપાસ ચાલી રહી છે. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ઇમેઇલમાં મુખ્ય પ્રધાન અને મેયરની ઓફિસ, પાલિકાની કચેરીઓ અને બીએસઇ બિલ્ડિંગમાં બોમ્બબ્લાસ્ટની ધમકી આપવામાં આવી હતી અને ઇમેઇલમાં ખાલિસ્તાનનો ઉલ્લેખ કરાયો હતો.

ઇમેઇલમાં સમાન મુદ્દા હતા અને તેમાં દાવો કરવામાં આવ્યો હતો કે મુંબઈમાં મેયરની ઓફિસમાં બપોરના ૧.૧૧ વાગ્યે બોમ્બબ્લાસ્ટ કરવા માટે વિસ્ફોટકો ભરેલી કારનો ઉપયોગ કરવામાં આવશે. ચોક્કસ સમયે મુખ્ય પ્રધાન કાર્યાલય, પાલિકાની ઓફિસો તથા બીએસઇ બિલ્ડિંગમાં પણ બ્લાસ્ટ કરવાની ધમકી આપવામાં આવી હતી.

પુણેમાં પાલિકાની મુખ્ય ઓફિસ અને મેયરની ઓફિસને પણ બોમ્બબ્લાસ્ટની ધમકીના ઇમેઇલ પ્રાપ્ત થયા હતા, જેને પગલે આખી વહીવટી ઇમારતને ખાલી કરાવવામાં આવી હતી અને બોમ્બ સ્કવોડ દ્વારા સઘન તપાસ કરાઇ હતી. ઇમેઇલ ખાલિસ્તાન નેશનલ આર્મી તરીકે ઓળખાવતા એક જૂથ દ્વારા મોકલવામાં આવ્યા હોવાનું બતાવવામાં આવ્યું હતું અને પુણે પાલિકાના મેયરની ઓફિસમાં બપોરે ૧.૧૧ વાગ્યે, વિધાન ભવનમાં બપોરે ૩.૧૧ વાગ્યે અને નાગપુરમાં આરએસએસના મુખ્યાલયમાં બપોરે ૩.૧૧ વાગ્યે શ્રેણીબદ્ધ આઇઇડી બ્લાસ્ટની ધમકી આપવામાં આવી હતી.

આરએસએસ દ્વારા ૧૯૮૪ના ઑપરેશન બ્લુસ્ટાર અને વૂડરોઝને ટેકો આપવામાં આવ્યો હતો અને તેથી ભાજપ તથા આરએસએસનો અંત લાવવા સાથે બદલો લેવાનો દાવો કેટલાક ઇમેઇલમાં કરવામાં આવ્યો હતો.

ધમકીભર્યા ઇમેઇલને પગલે પુણે પાલિકાના પરિસરમાં આગામી આદેશ સુધી પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. મુંબઈ અને પુણેમાં પાલિકા મુખ્યાલય તેમ જ મેયરની ઓફિસોમાં સુરક્ષા વધારી દેવામાં આવી હતી. (પીટીઆઇ) ■

### ઓરેન્જ ગેટથી

ટેક્નિકલ ઇમારત બનાવવામાં આવનાર છે. ગિરગામ ચોપાટી ખાતે કોઈપણ બાંધકામ કાર્ય માટે ઉચ્ચ-સ્તરીય સમિતિની પૂર્વ મંજૂરી ફરજિયાત છે. આ સંદર્ભે, આઠમી જૂન, સોમવારના રોજ મ્યુનિસિપલ કોર્પોરેશનના મુખ્યાલય ખાતે ઉચ્ચ-સ્તરીય સમિતિના ચેરમેન રફીક દાદા અને એડિશનલ મ્યુનિસિપલ કમિશનર ડો. અશ્વિની જોશીની હાજરીમાં એક બેઠક યોજાઈ હતી. મંગળવારે એક ઉચ્ચ સ્તરીય સમિતિએ આ ટેક્નિકલ ઇમારત માટે જરૂરી સ્થળનું નિરીક્ષણ કરવા માટે સ્વરાજ્ય ભૂમિ પરિસરની મુલાકાત લીધી. ઉચ્ચ સમિતિ દ્વારા કરવામાં આવેલી ભલામણો અનુસાર, મફતલાલ સ્વિમિંગ પુલ ખાતે સ્થિત બાસ્કેટબોલ કોર્ટના સ્થળે આ ઇમારત બનાવવાની શક્યતા એમએમઆરડીએ દ્વારા ચકાસવામાં આવે તેવું સૂચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ બાબત અંગેનો પ્રસ્તાવ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન અને શહેર કલેક્ટર કાર્યાલયને સુપરત કરવામાં આવશે. આ પ્રોજેક્ટ હેઠળ બે અલગ અલગ ટનલ બનાવવામાં આવી રહી છે, જેમાં મલ્ટી-લેન રોડવે, કટોકટી સુવિધાઓ અને અત્યાધુનિક સુરક્ષા પ્રણાલીઓનો સમાવેશ થાય છે. એકવાર ટનલ કાર્યરત થઈ ગયા પછી,ઓરેન્જ ગેટ અને મરીન ડ્રાઇવ વચ્ચેનો મુસાફરીનો સમય ૨૨-૪૦ મિનિટથી ઘટીને આશરે ૫ મિનિટ થવાની ધારણા છે. આ પ્રોજેક્ટ દક્ષિણ મુંબઈમાં ટ્રાફિક ભીડ ઘટાડવામાં, પૂર્વ-પશ્ચિમ કનેક્ટિવિટીમાં સુધારો કરવામાં અને સમય અને ઇંધણ બંનેની બચત કરવામાં નોંધપાત્ર રીતે મદદ કરશે. ■

### ઈસ્ટર્ન, વેસ્ટર્ન

પડતાં ખાડાને કારણે ઍક્સિડન્ટનું જોખમ વધી જતું હોય છે. ખાડાઓ પુરવા માટે પાલિકા દર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. આ વર્ષે ૬૦.૧૧ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાની છે, જેમાં ઝોન એકથી સાત ઝોનમાં પૂર્વ અને પશ્ચિમ ઉપનગરના રસ્તાઓ પરના ખાડા પુરવા માટે ૧૬ પ્રસ્તાવ મંજૂરી માટે શુક્રવારે સ્થાયી સમિતિમાં આવવાના છે.

સિમેન્ટ-કૉંક્રીટના રસ્તા બનાવ્યા બાદ પણ રસ્તા પરના ખાડા પૂરવા માટે ૬૦ કરોડથી વધુ રકમના પ્રસ્તાવ સામે જોકે વિરોધપક્ષ વાંધો ઉઠાવે એવી શક્યતા છે. જોકે ચોમાસું નજીક હોઈ સત્તાધારી પક્ષ દ્વારા રસ્તાઓને ખાડામુક્ત રાખવા બહુમતીના જોરે તમામ પ્રસ્તાવ મંજૂર કરાવવાના પ્રયાસ હાથ ધરાશે તેવી શક્યતા છે.

સ્થાયીમાં ૧૬ પ્રસ્તાવ આવવાના છે, તેમાં ઈસ્ટર્ન એક્સપ્રેસ પરના ખાડાઓ ભરવા માટે ૧૯.૧૭ કરોડ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર ખાડાઓ પુરવા માટે ૧૮.૮૮ કરોડ રૂપિયા એમ કુલ ૩૮.૦૫ કરોડના બે અલગ-અલગ પ્રસ્તાવ મંજૂરી માટે આવવાના છે. તો ઝોન એકથી સાતમાં નવ મીટરથી ઓછી પહોળાઈ અને વધુ પહોળાઈના રસ્તાઓ પરના ખાડા પૂરવા માટે ૨૨.૦૫ કરોડ ખર્ચવા માટેની ૧૪ પ્રસ્તાવ મંજૂરી માટે આવવાના છે. ■

### રોજની ચાર લાખ

મુસાફરી માટે સમગ્ર શહેરમાં ટેન્કરો દ્વારા રોજના ૫૫૦ મિલિયન લીટર જેટલો પાણી પુરવઠો પહોંચાડવામાં આવે છે ત્યારે મુંબઈના સૌથી મોટા ટર્મિનસ દાદરમાં રોજના ૪૦ ટેન્કર મારફત પાણી પહોંચાડવામાં આવે છે. દરેક ટેન્કરમાં ૧૦ હજાર લીટર પાણીની ક્ષમતા હોય છે. એના સિવાય સ્ટેશનોને દૈનિક ચાર લાખ લિટર પાણીની જરૂરિયાત હોય છે. તે સિવાય દાદર સ્ટેશન માટે ૮ ટેન્કરોના માધ્યમથી રોજના ૪.૮૦ લાખ લિટર પાણી પૂરું પાડવામાં આવે છે.

રેલવે અધિકારીઓના મતે દાદર સ્ટેશનથી દૈનિક લગભગ બે લાખ મુસાફરો પ્રવાસ કરે છે. સ્ટેશન પરિસરમાં કેટલાક કાર્યાલય, દુકાનો, ખાણીપીણીના સ્ટોલ અને સેવા ભવન આવેલા છે. આ સ્ટેશન પર ૧૦૦૦થી વધારે કર્મચારી કામ કરે છે. આ જરૂરિયાને જોતા દૈનિક લગભગ પાંચ લાખ લીટર પાણીની જરૂરિયાત ઊભી થાય છે.

#### અનેક વખત પત્ર લખવામાં આવ્યો પણ જવાબ નહીં

પશ્ચિમ રેલવેએ આ સમસ્યા અંગે ઘણી વાર બીએમસીને પત્ર લખી દાદર સ્ટેશન માટે અલગથી પાઇપલાઈનથી પાણી પહોંચાડવાની માંગ કરી છે. રેલવેએ એવો પણ અનુરોધ કર્યો છે કે દાદર સ્ટેશનના આ પ્રસ્તાવને અન્ય માગથી અલગ સમજીને મંજૂરી આપવામાં આવે. પ્રવાસીઓની સુવિધાઓ અને લાંબાગાળાની સ્થાયી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે પાલિકાએ ઝડપથી પાણી પૂરું પાડવું જોઈએ. ■

### એલિવેટેડ રોડના

૯૦૦ મિલીમીટર વ્યાસની પાણીની મુખ્ય પાઇપલાઇન બંધ કરવાની આવશ્યકતા છે. તેથી આ કામ શુક્રવાર, ૧૨, જૂનના સવારે નવ વાગ્યાથી શનિવાર, ૧૩ જૂનના સવારે નવ વાગ્યા સુધી ચાલશે. તેથી આ ૨૪ કલાક માટે અમુક વિસ્તારમાં પાણી પુરવઠો બંધ રહેશે. આ સમયગાળા દરમ્યાન થાણે પાલિકાની હદમાં આવતા વિસ્તારો જેમાં ઇન્દિરાનગર, સાઠેનગર, આંબેવાડી, દાવલેનગર, સાવરકરનગર, લોકમાન્ય નગર પાડા નંબર બે અને ત્રણ, ચાર, ચૈતીનગર, પરેરાનગર, ઝાંજેનગર, શ્રીનગર, કિસનનગર, શિવટેકડી, શાંતિનગર, કૈલાસનગર, ભટવાડી, વારલીપાડા, રૂપાદેવી પાડા, રામનગર, સી.પી.તલાવ, યેઉર વિસ્તારમાં પાણી પુરવઠો ૨૪ કલાક માટે સંપૂર્ણપણે બંધ રહેશે. નાગરિકોએ પાણી પુરવઠો શરૂ થયા બાદ આગામી બે-ત્રણ દિવસ સુધી પાણી પુરવઠો ઓછા દબાણે રહેશે. તેથી પાણીનો કરકસરથી ઉપયોગ કરવાની અપીલ નાગરિકોને કરવામાં આવી છે. ■

### ગર્ભપાત કરવા

સમય થઈ ગયો હોવાથી ગર્ભપાત શક્ય ન હોવાનો અભિપ્રાય ડૉક્ટરે આપ્યો હતો. આરોપીનાં માતા-પિતા અને સાસુ-સસરા હયાત નથી. વળી, તેનો પતિ ટ્રક ડ્રાઈવર હોવાથી કામ નિમિત્તે બુલઢાણામાં હતો. પરિણામે આરોપી ગર્ભાવસ્થાના છેલ્લા તબક્કામાં હતી ત્યારે મહિના અગાઉ દેખભાળ માટે ભાભી તેની સાથે રહેવા આવી હતી.

ઘટનાના પાંચ દિવસ અગાઉ અશ્વિનીએ બાળકને જન્મ આપ્યો હતો. સોમવારની બપોરે બાળક સાથે ઘરમાં એકલી હતી ત્યારે તેણે બાળકનું ગળું દબાવ્યું હોવાનું કહેવાય છે. પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટના આઠમી જૂનની બપોરે અઢી વાગ્યાથી સાંજે ૫.૪૫ દરમિયાન બની હશે.

સાંજે ભાભી ઘરે આવી ત્યારે બાળક કોઈ હિલચાલ કરતો ન હોવાનું જોયું હતું. તરત જ બાળકને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં તબીબે બાળક મૃત્યુ પામ્યો હોવાનું કહ્યું હતું. તબીબી અધિકારીએ ગળું દબાવવાને કારણે બાળકનું મૃત્યુ થયું હોવાની શક્યતા વ્યક્ત કરી હતી. કહેવાય છે કે ઘરે પહોંચ્યા પછી ભાભીએ આ અંગે પૂછપરછ કરી હતી. વાતચીત દરમિયાન અશ્વિનીએ પોતે કરેલા કૃત્યની કબૂલાત કરી હતી. પોલીસ પૂછપરછમાં પણ આરોપીએ કબૂલ્યું હતું કે પોતે સંભાળ રાખી શકે એમ ન હોવાથી બીજું સંતાન ઇચ્છતી નહોતી. ફરિયાદ અને તપાસ દરમિયાન મળેલા પુરાવાને આધારે પોલીસે હત્યાનો ગુનો નોંધી મહિલાની ધરપકડ કરી હતી. ■

### નહેરુ અને મોદી

સંસદીય લોકશાહીમાં, વડા પ્રધાન એક બંધારણીય પદ છે અને આપણે તેનું સન્માન કરવું જોઈએ. પરંતુ નહેરુ એ નહેરુ જ છે અને ભારતીયો તેમના બલિદાનને ભૂલી શકતા નથી.' પવારે મહારાષ્ટ્રના પ્રધાન અને ભાજપના નેતા ગિરીશ મહાજને ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધી પર શીખો પર અત્યાચાર કરવાનો આરોપ લગાવ્યો હતો તે બદલ મહાજનની ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે આવું નિવેદન અસ્વીકાર્ય છે. ઓપરેશન બ્લુ સ્ટાર ઈન્દિરા ગાંધીનું બલિદાન હતું. શીખોએ સરહદો પર દેશની સુરક્ષા અને ખાદ્ય સુરક્ષા માટે કામ કર્યું છે. કેટલાક લોકોએ અલગ રસ્તો અપનાવ્યો. કેટલીક ઘટનાઓ બની અને ભૂલી શકાતી નથી. ઈન્દિરા ગાંધીએ ક્યારેય દેશની પ્રતિષ્ઠા અને સુરક્ષા સાથે સમાધાન કર્યું નહોતું. મહાજને ઓપરેશન બ્લુ સ્ટારને 'કાળો દિવસ' ગણાવીને અને ૧૯૮૪ની સૈન્ય કાર્યવાહીને અફઘાન શાસક અહમદ શાહ અબ્દાલી દ્વારા કરવામાં આવેલા આક્રમણ સાથે સરખાવીને રાજકીય વિવાદ ઊભો કર્યો હતો, જેને પગલે વિરોધ પક્ષોએ તેમને બરતરફ કરવાની માગણી કરી હતી. ઓપરેશન બ્લુ સ્ટારને શીખ સમુદાયના પવિત્ર તીર્થસ્થાન પર 'લશ્કરી હુમલો' ગણાવતા, મહાજને આરોપ લગાવ્યો કે તત્કાલીન વડા પ્રધાન ઈન્દિરા ગાંધીએ બળજબરીથી પંજાબ અને પવિત્ર સંકુલની અંદર સેના મોકલી હતી. ■

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભંડારીયા (કામળીયાના) નિવાસી પુના લીલાવંતિબેન નાનાલાલ હઠીચંદ શાહના સુપુત્ર મહેન્દ્રભાઈ (ઉં.વ. ૭૯) સોમવાર, તા. ૮-૬-૨૬ના સ્વર્ગવાસ પામ્યા છે. તે પ્રવિણાબેનના પતિ. નેહા, તોરલ, ભક્તિ અને તુષારના પિતાશ્રી. ધર્મેશકુમાર, જમાલકુમાર, વિમલકુમાર, નેહાના સસરા. દીલિપભાઈ, શશીભાઈ, કિશોરભાઈ, કીરીટભાઈ, ચંદ્રાબેન, મીનાબેન, કલ્પનાબેન, રેખાબેનના ભાઈ. સાસરા પક્ષે રમણીકલાલ મોહનલાલ વોરા તણસાવાળાના જમાઈ હાલ નવસારી. સાદડી પ્રથા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાની તુંબડી-ખારઘરના કુ. ભારતી કાનજી છેડા (ઉં.વ. ૬૭) તા. ૯-૬-૨૬ના અરિહંત શરણ પામ્યા છે. લીલબાઈ હંસરાજના પૌત્રી. માતૃશ્રી રતનબેન કાનજી છેડાના સુપુત્રી. સંસાર પક્ષે પ.પૂ. નીલમબાઈ મહાસતી, નેમજી, જવેર, મંજુલા, રૂક્ષ્મણી, પ્રવીણ, જયાના બેન. ચુનડીના દેમીબાઈ કાનજીના દોહીત્રી. પ્રાર્થના રાખેલ નથી. નિ.: નેમજી કાનજી છેડા, ૨૦૧, શિવ કૃપા બિલ્ડિંગ, પ્લોટ નં. ૧૪૦, સેક્ટર-૧૩, રઘુનાથ વિહારની સામે, ખારઘર - ૪૧૦૨૧૦. નવી મુંબઈ.

નવીનાળના પ્રકાશ છેડા (ઉં.વ. ૭૪) તા. ૯ જુનના અવસાન પામેલ છે. વેલબાઈ ખીમજી દેવજી છેડાના પુત્ર. પ્રિયા (પ્રભા)ના પતિ. દિપા, સ્વ. કિન્તુના પિતા. કેસર, પ્રભા, જવેર, ભરતના ભાઈ. નાના ભાડિયાના જિવીબેન પ્રેમજી વાલજી મામણીયાના જમાઈ. એ. દિપા તલક સોની, અનીલ ભુવન, બી ૧૫, જેરબાઇ વાડિયા રોડ, પરેલ મુંબઇ ૪૦૦૦૧૨. પ્રાર્થના સભા રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે.

રામાણીયાના દામજી નેણશી રાંભીયા (ઉં.વ. ૮૨) તા. ૯-૬ના અવસાન પામ્યા છે. રત્નકુક્ષીણી લક્ષ્મીબેન નેણશી દેવજીના સુપુત્ર. કસ્તુરબેનના પતિ. કેતન, પ્રજ્ઞા, હિના, જ્યોતીના પિતા. દિનેશ, વિરચંદ, વલ્લભજી, સં.પ. હિતતિલક વિ.મ., નવાવાસ ઉર્મિલા જેઠાલાલ ઠાકરશી, ગુંદાલા નિર્મળા ભવાનજી રતનશી, બિદડા હંસા બિપીન ભવાનજીના ભાઈ. મો. ખાખર દેવકાબેન હેમરાજ ઉમરશી ગંગરના જમાઈ. ચક્ષુદાન કરેલ છે. પ્રાઃ માટુંગા ક.શ્વે.મૂ. જૈન સંઘ નારાણજી શામજી વાડી (ટા. ૪ થી ૫.૩૦). નિ. દામજી રાંભીયાઃ ૧૪૦૧, રિષભ ટાવર, એસ.બી. માર્ગ, પ્રભાદેવી, મું. ૨૫.

વાંકીના ભરતભાઇ લક્ષ્મીચંદ છેડા (ઉં.વ. ૬૯) તા. ૭-૬-૨૬નાં અવસાન પામેલ છે. લક્ષ્મીબેન લક્ષ્મીચંદના પુત્ર. કુસુમના પતિ. નિખીલ, કુમારપાળ, ખુશ્બુના પિતાશ્રી. સ્વ. હેમચંદભાઇ, સુરેન્દ્રભાઇના ભાઇ. મો. ખાખર સ્વ. વિમળાબેન બચુભાઇ કેશવજી વિકમના જમાઇ. મુંબઇમાં પ્રાર્થના રાખેલ નથી. અમદાવાદમાં તા. ૯-૬-૨૬નાં પ્રાર્થના યોજાયેલ હતી. નિ. નિખીલ શાહ, એ-૩/૧, ઇલાઇટ એપાર્ટમેન્ટ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.

**ઘોઘારી વિશા ઓશવાળ જૈન**

અમરેલી નિવાસી હાલ મસ્જિદ બંદર સ્વ. મંગળાબેન જમનાદાસ ગુલાબચંદ શાહના પુત્ર હેમેન્દ્રભાઈ (ઉં. વ. ૭૨) ૪-૬-૨૬, ગુરુવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે હર્ષાબેનના પતિ. કિરીટભાઈ, સુધાબેન વિનોદકુમાર, જયપ્રકાશભાઈ, સ્વ. જયેશભાઈ અને માલતીબેનના ભાઈ. અંકુર અને બિનલના પિતાશ્રી. સ્વ. આશી અને ઉત્સવકુમારના સસરા. સ્વ. ચંદ્રકાંતભાઈ પ્રાગજીભાઈ શાહ, શિહોરવાળાના જમાઈ તા. ૧૨-૬-૨૬, શુક્રવાર સમય સવારે ૧૦ થી ૧૨ના ભાવયાત્રા રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

પાલીતાણા નિવાસી હાલ કાંદિવલી, સ્વ. રસિકલાલ હીરાચંદ શેઠના પુત્ર જવાહરભાઈ રસિકલાલ શેઠ (ઉં. વ. ૬૮) તોરલબેનના પતિ. રચના તથા જૈનમના પિતા. વિમલભાઈ, જાગૃતીબેન રાજેશકુમાર મહેતા, સોનલબેન પારસકુમાર કામદારના ભાઈ. બીનાના જેઠ. સાસર પક્ષે સ્વ. અનોપચંદ બાબુલાલ શાહ તથા સ્વ. પ્રતાપરાય નાનાલાલ શાહના જમાઈ ૮-૬-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. સાદડી તથા લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. જવાહર રસિકલાલ શેઠ, બી-૧૦૦૩, ક્રેસન્ટ હોરાઈન, અશોક ચક્રવર્તી રોડ, કાંદીવલી (ઈ.)

### મહારાષ્ટ્રમાં ટાવર્સ

આ સિસ્ટમ બે વર્ષમાં રાજ્યભરના મુખ્ય શહેરી કેન્દ્રોમાં વિસ્તૃત કરવામાં આવશે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, મુંબઈમાં માઇક્રો-ઝોનિંગનો ઉપયોગ ૨૦૨૭-૨૮ માટે વાર્ષિક બજાર મૂલ્ય દર શેડ્યૂલ તૈયાર કરતી વખતે કરવામાં આવશે, જેમાં શહેરમાં સર્વે નંબરો અને દરેક વિસ્તારમાં વિકાસની પ્રકૃતિ ધ્યાનમાં લેવામાં આવશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રના શહેરી, ગ્રામીણ અને પ્રભાવશાળી વિસ્તારોમાંથી સચોટ ડેટા એકત્રિત કરવા માટે જીઆઈએસ-આધારિત મેપિંગ પણ હાથ ધરવામાં આવશે.

મહારાષ્ટ્ર સ્ટેમ્પ (બીજો સુધારો) સરકારી બિલ નં. ૯, જે વિધાન પરિષદના ૨૦૨૬ના બજેટ સત્ર દરમિયાન રજૂ કરવામાં આવ્યો હતો, તેના સંદર્ભમાં રાજ્યના સચિવાલય મંત્રાલય ખાતે યોજાયેલી બેઠકમાં આ અંગેની ચર્ચા કરવામાં આવી હતી.

બાવનકુળેએ જણાવ્યું હતું કે આ પહેલ મિલકત મૂલ્યાંકન અને નોંધણી પ્રક્રિયાઓમાં વધુ પારદર્શિતા લાવશે અને વિકાસની વિવિધ શ્રેણીઓમાં વધુ વાસ્તવિક રેડી રેકનર દર સુનિશ્ચિત કરશે. ■

## હિન્દુ મરણ

સ્વ. ખોડાભાઈ વેલાભાઈ ભુવા તા.૦૯-૦૬-૨૦૨૬ને મંગળવારના અવસાન પામેલ છે. બેસણું ૧૧-૦૬-૨૦૨૬ને ગુરુવારે સાંજે ૪થી૬ તેમના નિવાસ સ્થાને હિંમતનગર શીતલ પાર્ક રાજકોટ ભાઈઓ તથા બહેનોનું સાથે રાખેલ છે તેમની પાણી ઢોલ (ઉત્તરક્રિયા) ૨૦-૦૬-૨૦૨૬ને શનિવારના રોજ રાખેલ છે.

**કોળી પટેલ**

ગામ દેસાઈની કોળીવાડ, હાલ મીરા રોડ પાર્વતી (ભીખીબેન) મંગલદાસ રવજીભાઈના પુત્ર કીર્તિભાઈ (ઉં.વ.૭૧) તા.૮/૬/૨૬, સોમવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. દર્શન, પૂર્વી અને રાહુલના પિતાશ્રી. ઈશાના સસરા. સ્વ. હસમુખભાઇ, નરોત્તમભાઇના ભાઈ. નીપા, મીતા, કપિલ, પ્રતીક્ષા, મયુર રાણી અને વિજયના કાકા. પંક્તિ, કાવ્યા, જયાંશી અને હર્ષિનીના દાદા. બેસણું તા. ૧૨/૦૬/૨૬ શુક્રવારે ૩ થી સાંજે ૫ વાગ્યે નિવાસસ્થાને તેમ જ તા. ૧૮.૦૬.૨૬ના ગુરુવારે બારમું અને પુચ્છપાણીનો સમય ૩ થી ૪ વાગ્યે. રે.ઠે. ૪૦૨, એફ વિંગ, ગાયત્રી ધામ, ફેઝ-૨, પ્લેઝન્ટ પાર્ક, કાશીગાંવ મેટ્રો સ્ટેશનની પાસે, મીરા રોડ (પૂર્વ). (લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે)

**ઝાલાવાડી સઈ સુથાર**

ગામ ચોટીલા નિવાસી હાલ વિરાર, પ્રદીપભાઈ વ્રજલાલ ચાવડા (ઉં.વ. ૬૭) તા. ૮-૬-૨૬, સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે દક્ષાબેનના પતિ. રીતેશભાઈ અને કેતનભાઈના પિતા. રેખાબેનના સસરા. સ્વ. મુકેશભાઈ, સ્વ. મનોજભાઈ, નીતાબેન (જયશ્રીબેન) પરેશકુમાર સોલંકી અને રાજેશભાઈના મોટાભાઈ. સ્વ. કાંતિલાલ મોતીલાલ સોલંકીના જમાઈ. બંને પક્ષનું ટેલિફોનિક બેસણું ૧૨-૬-૨૬, શુક્રવારે ૪થી ૬. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

સ્વ. મંજુલાબેન જીવરાજ કાનાબાર (વેરાવળ) સ્વ. દેવકુરબેન રણછોડદાસ ગણાત્રા (રાજકોટ)નો પૌત્ર સ્વ. નીલમબેન બચુભાઈ કાનાબારના સુપુત્ર ચિ. ઉમાકાંત (ઉં.વ. ૬૦) તે પંકજ, સ્વ. પરેશ અને ભૂષણના ભાઈ. ફેનિલ, વિધિ, વૃત્તિ અને ધ્વનિના કાકા તા. ૮-૬-૨૬, સોમવારના મુંબઈ મુકામે શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૧૨-૬-૨૬ના ૪થી ૬. સ્થળઃ શ્રી કાશી વિશ્વનાથ મંદિર, દાદીશેઠ અગિયારી લેન, મુંબઈ-૪૦૦૦૦૨.

**હાલાઈ લોહાણા**

ગામ કુતિયાણા હાલે પનવેલ નિવાસી સ્વ. ગંગાબેન લક્ષ્મીદાસ ચોલેરાના પુત્ર તુલસીદાસભાઈ (ઉં.વ. ૮૫) તે જસુમતીબેનના પતિ તથા અનિલ, સંતોષ અને અ.સૌ. સુનીતાબેન ગિરીશ મીરાણીના પિતાશ્રી. તે માધવજી મકનજી ઠકરાર, હાલે ખપોલીના જમાઈ. તે અ.સૌ. શિલ્પાબેન અને અ.સૌ. વૈશાલીબેનના સસરા, તેમજ સની, જીલ, માર્મિકના દાદા. તે ડૉ. મીત મીરાણીના નાના.

**હાલાઇ લોહાણા**

મુળ ગામ પોરબંદર હાલ પરેલ, ગં.સ્વ. રમીલાબેન (ઉં.વ. ૮૯) તે સ્વ. પ્રતાપરાય પરસોતમદાસ માનતોરાના ધર્મપત્ની. સ્વ. જનકભાઈ, વિરેન, દિનેશ, આતિશ, સ્વ. મીનાબેન ઠક્કર, ઉર્મીલા ભરત અઢીયા, સ્વ. વર્ષાબેન પ્રદિપ ગોકાણી, રિટા કિરણ લાખાણીના માતુશ્રી. સ્વ. ગિરધરલાલ કરશનદાસ ગણાત્રાના દીકરી. સ્વ. જ્યોતિબેન, ઉમા, જીજ્ઞા તથા પ્રીતિના સાસુમા. સ્વ. રમાબેન રામદાસભાઇ માનતોરા, સ્વ. શાન્તાબેન દામોદરદાસ સાકરિયા, સ્વ. કાન્તાબેન પ્રાણજીવનભાઇ રાયઠઠાના ભાભી. કરણ, અદિતી, પ્રીયમ, પ્રતિક, અંકિત, તેજસ, ટ્વિન્કલ, જીગરના દાદી-નાની. મંગળવાર, તા. ૯/૬/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૧/૬/૨૬ના ૪ થી ૬. હાલાઇ લોહાણા મહાજન વાડી, ૧લે માળે, ઠાકોરદ્વાર, મુંબઈ-૦૪.

**કચ્છી લોહાણા**

ઝરૂવાળા હાલ મુલુન્ડ, સ્વ. મીઠાબાઈ લખમશી સોતા (ઠક્કર)ના જયેષ્ઠ પુત્ર ધનજીભાઈ (ઉં.વ. ૮૯) તે સ્વ. સાવિત્રીબેનના પતિ. બીપીનભાઈ, ભારતીબેન, ભાવનાબેન વિજયકુમાર ઠક્કર, કલ્પનાબેન અશોકકુમાર સંઘવી, શીલાબેન કલ્પેશકુમાર રાચ્છ, અલ્પાબેન કેતનકુમાર પલણના પિતાશ્રી. સ્મિતાબેનના સસરા. સ્વ. ગંગાબાઈ લધુભાઈ રાજલ (સતાપર)ના જમાઈ. સ્વ. કાશીબેન દેવશી કોટક, સ્વ. ભગવાનજીભાઈ, સ્વ. લવજીભાઈ, પ્રતાપભાઈના ભાઈ. કિરાતના દાદાજી, મંગળવાર, તા. ૯-૬-૨૬ના શ્રીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા.

### નેરુળની હોસ્ટેલમાં

ફરિયાદીએ હૉસ્પિટલ પ્રશાસનને આ બાબતે ફરિયાદ કરી હતી.

પ્રશાસન દ્વારા તાત્કાલિક પગલાં ભરી બીજે દિવસે, છઠ્ઠી જૂને આરોપી નર્સને સસ્પેન્ડ કરી દીધી હતી. આ વાતથી રોષે ભરાયેલી નર્સ પોતાનો સામાન લેવા રૂમમાં આવી ત્યારે હિંસા આચરવાની ધમકી આપી ગઈ હતી. આ પ્રકરણે ફરિયાદીના ભાઈએ હિન્દુવાદી સંગઠનાનો સંપર્ક સાધ્યો હતો. સંગઠનના કાર્યકરોએ આરોપી નર્સની ધરપકડની માગણી કરી હતી. ■

### કૉક્રોચ પાર્ટી

એવું કહેવામાં આવ્યું હતું કે તેનું ફક્ત સોશિયલ મીડિયા પર જ અસ્તિત્વ રહેશે અને દિલ્હીમાં જમીન પર વિરોધ કરવા કોઈ આવશે નહીં, જોકે, છઠ્ઠી જૂને, આખું જંતર-મંતર મેદાન વિરોધીઓથી ભરેલું હતું.

અભિજીત દિપકેએ દેશભરના માતા-પિતાને અપીલ કરી હતી કે તેઓ તેમના બાળકોને સરકાર સામે બોલતા અટકાવે નહીં. ■

## પારસી મરણ

લવજી રતનશા કોનતેરકતરના તે મરહુમો દોલતાબાનુ રનતશા કોનતેરકતરના દીકરા. તે ફેની તથા મરહુમ હોમીના ભાઈ. તે એરવદ જેસપર ને દાયાનાના મામા. તે જેસીકાના મામાસસરા. તે કેરસીના બહેનના મામાસસરા. તે એરવદ નોશીરના સાલા. (ઉં. વ. ૯૨) ઠે. એમ-૩, નવરોઝ બાગ, ડો. એસ. એસ. રાવ રોડ લાલબાગ, મુંબઈ-૪૦૦૦૧૨.

મેહર મીનુ કોન્ટ્રાક્ટર તે મીનુના ધણીયાની. તે મરહુમો નરગીશ ફરામરોઝ ગાડીયાવાલાના દીકરી. તે સાયરસ તથા બીનાયફરના માતાજી. તે દીલનવાઝના સાસુજી. તે અનોશરને તરોનીશના ગ્રેની. તે હોમાય, ઝરીન ને ઝીનેબયાના બહેન. (ઉં. વ. ૮૪) ઠે. ૬૦૭/બી, સોરાબ હાઉસ, ખરેઘાટ રોડ, દાદર (ઈ), મુંબઈ-૪૦૦૦૧૪. ઉઠમણાની ક્રિયાઃ ૧૧-૦૬-૨૦૨૬ના દીને બપોરે ૩-૪૦ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી.

---

૧૧-૬-૨૬ના ૫.૩૦ થી ૭. કચ્છી લોહાણા મહાજનવાડી, ગ્રાઉન્ડ ફ્લોર, આર.આર.ટી. રોડ, મુલુન્ડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા સોરઠીયા વણિક**

ગામ દિવાસા હાલ કાંદીવલી, સુરેશ વલ્લભદાસ ચત્રભુજ શાહ (ઉં.વ. ૭૧) સ્વ. પદ્માબેન વલ્લભદાસ શાહના પુત્ર. ટિણમસવાળા, સ્વ. હીરાબેન લક્ષ્મીદાસ શાહના જમાઈ. મંગળવાર, તા. ૯-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે ભાવનાબેનના પતિ. મિતેશ, ભાવિનના પિતાશ્રી. પાયલ, શીતલના સસરા. અંજુબેન રમેશભાઈના ભાઈ. પ્રાર્થનાસભા તા. ૧૧-૬-૨૬ના ગુરુવારે સાંજે ૫.૩૦ થી ૭.૦૦. સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પાંચમે માળે, પારેખ લેન કોર્નર, એસ.વી. રોડ, લોહાણા મહાજનવાડીની સામે, કાંદીવલી વેસ્ટ.

**સિહોર સંપ્રદાય ઔદીચ્ય અગીયારસે બ્રાહ્મણ**

ઘાંઘળી નિવાસી હાલ મુંબઈ, સ્વ. ડો. કાંતિલાલ બી ત્રિવેદી તથા સ્વ. શાંતાબેન ત્રિવેદીના સુપુત્ર સ્વ. સનતકુમાર કાંતિલાલ ત્રિવેદી તે શિલ્પાબેનના પતિ. રાણક તથા ડેલીયાના પિતા. સ્વ. બીપીનભાઈ, સ્વ. શરદભાઈ, સ્વ પિનાકીનભાઈ, ડો. અનિલભાઈ, આશાબેનના ભાઈ. આનંદભાઈ યાજ્ઞિકના સાળા. સ્વ. પ્રબોધભાઈ તથા ગં.સ્વ. ચંદ્રીકાબેનના જમાઈ. તા. ૬-૬-૨૬ના અવસાન થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૬-૨૬ને શનિવારે સાંજે ૫ થી ૭. સ્થળઃ આઈ એમ એ હોલ, પીવીઆર સીનેમા પાસે, જુહુ, વિલે પાર્લે વેસ્ટ.

**કપોળ**

અમરેલીવાળા હાલ કાંદિવલી, સ્વ. નટવરલાલ ત્રિભોવનદાસ સંઘવીના ધર્મપત્ની કીર્તિબેન (ઉં.વ. ૮૫) ૯/૬/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે વિપુલ, ભાવના, અલ્પા તથા ઊર્મિના માતુશ્રી. સંગીતા, જયંત મહેતા, કિરીટ દોશી, શૈલેષ મહેતાના સાસુ. સ્વ. ઉજમબેન મગનલાલ દેસાઈના દીકરી. સ્વ. શાંતાબેન અમૃતલાલ મહેતા, સ્વ. ગીરજાબેન કેશવલાલ મહેતા, સ્વ. મોહનલાલ મગનલાલ દેસાઈના બહેન. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**લુહાર સુથાર**

ગામ વીંછિયાવાળા હાલ કાંદિવલી, સ્વ. ભરતભાઈ વજુભાઇ ડોડીયા (ઉં.વ. ૬૭) તા. ૮/૬/૨૬ રોજ શ્રીચરણ પામેલ છે. તે અમિતાબેનના પતિ. કુશલ તથા સાગરના પિતા. બિંદિયા, દીક્ષિના સસરા. પંકજભાઈ તથા સ્વ. સંજયભાઈના મોટાભાઈ. સ્વ. શામળજીભાઈ કેશવજીભાઈ ઉમરાણીયાના જમાઈ. રેખાબેન હસમુખભાઈ કારેલીયા, પ્રતિભાબેન હિમ્મતભાઈ ચુડાસમા તથા આશાબેન અરવિંદભાઈ ઉમરાણીયાના ભાઈ. પ્રાર્થનાસભા તા. ૧૨/૬/૨૬ના સાંજે ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, દત્તપાડા રોડ, બોરીવલી ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ગિરનારા પરજીયા સોની જ્ઞાતિ**

મુંબઈ મૂળ વતન ભીમકટા, હાલ બોરીવલી, રાજેન્દ્ર કેશવલાલ પાલા તે સ્વ. કેશવલાલ પાલા તથા સ્વ. શ્રીમતી મયાબેન પાલાના પુત્ર. અ.સૌ. સ્વ. શ્રીમતી જ્યોતિબેન રાજેન્દ્ર પાલાના પતિ. રશ્મિકાંત પાલા તથા શ્રીમતી નયનાબેન પાલાના ભાઈ. દર્શન, મોનેશ અને ભાવિનીના પિતા. ક્રોમલ તથા અક્ષતાના સસરાશ્રી તથા સ્મિત અને વર્દાના દાદાશ્રી. તા. ૧૦/૬/૨૬ના શ્રીચરણ થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૨/૬/૨૬ સાંજે ૪:૦૦ થી ૬:૦૦. સ્થળઃ શ્રી સૌરાષ્ટ્ર પટેલ સમાજ, લેવા પટેલ, હનુમાન ટેકરી રોડ, અશોકવન, ૩૦૧ના છેલ્લા બસ સ્ટોપ પાસે, દહિસર પૂર્વ.

**હાલાઈ ભાટિયા**

પંકજ રામદાસ કાપડિયા (ઉં.વ. ૭૩) તે સ્વ. રજનીબેન તથા સ્વ. રામદાસ હરિદાસ મોરારજી વેલજીના પુત્ર. કિરીટ, સ્વ. હીના પ્રમન શર્મા તથા ભાવના વત્સલ લીલાનીના ભાઈ. જેઠાભાઈ ખટાઉના દોહિત્ર. તા. ૮-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

હર્ષદભાઈ ઠક્કર (બારુ-આશાણી) (ઉં. વ. ૬૭) ૯-૬-૨૬ના મુલુંડ ચેકનાકા મધ્યે શ્રી રામશરણ પામેલ છે. સ્વ. ત્રિવેણીબેન, સ્વ. મથુરાદાસ ગાંગજી (કચ્છ ખોંભાડી હાલે કલકત્તા)ના પુત્ર. દિપ્તીબેનના પતિ. દેવાંશીબેન (ચાર્મી) જતીનભાઈ ગાંધી અને શિવાનીબહેનના પિતા. સ્વ. પ્રવીણભાઈ, સ્વ. પ્રદીપભાઈ, મૂળરાજભાઈના ભાઈ. સ્વ. દમયંતીબેન સ્વ. અશોકભાઈના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, ૧૧-૬-૨૬ના ગોપુરમ હોલ, જ્ઞાન સરીતા સ્કૂલની બાજુમાં, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, મુલુંડ (વે.). સાંજે ૫.૩૦ થી ૭. લૌકીક વ્યવહાર સદંતર બંધ છે.

**ઝાલાવાડી સઈ-સુથાર જ્ઞાતી**

હળવદ નિવાસી હાલ ભાંડુપ સ્વ. ચંપાબેન કરસનદાસ ચૌહાણના પુત્ર ઝવેરભાઈ કરસનદાસ ચૌહાણ (ઉં. વ. ૮૩) તે સ્વ. અ. સૌ. ભારતીબેનના પતિ. યોગેશ, મનીષ, ભાવનાના પિતાશ્રી. ગીતા, રીટા અને પ્રકાશકુમાર ચાવડાના સસરા. સ્વ. નગીનભાઈ, વિજયભાઈ, સ્વ. દયાબેન, સ્વ. હસુબેન, કોકીબેન, મંજુલાબેનના ભાઈ તથા સાયલા નિવાસી સ્વ. મનુભાઈ બેચરદાસ મકવાણાના જમાઈ ૭-૬-૨૬, રવિવારના રામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૧૧-૬-૨૬, ગુરુવારના ૪ થી ૬. સ્થળઃ ગીતા હોલ, ભાંડુપેશ્વર મહાદેવ મંદિર પાસે, દીના બામા એસ્ટેટ, ભાંડુપ સ્ટેશન રોડ, ભાંડુપ (પ.).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# પુરુષ


## મેલ મેટર્સ

અંકિત દેસાઈ

feedback@bombaysamachar.com

# શું ફિટનેસની વધુ પડતી સજાગતા પણ ન-કામી?

**ફિટનેસને વળગણના બદલે એને જીવન સહજ હિસ્સો બનાવીશું ત્યારે જ સાચા અર્થમાં આપણે તંદુરસ્ત અને સુખી પુરુષ બની શકીશું**




આજના આધુનિક યુગમાં સવારના એલાર્મથી લઈને રાત્રિના સ્લિપ ટ્રેકર સુધી આપણી આખી જિંદગી આંકડાઓ અને કેલરીના ગણિતમાં વહેંચાઈ ગઈ છે. સોશ્યલ મીડિયા પર સિક્સ-પેક એપ્સ, અશક્ય લાગતા ડાયટ પ્લાન્સ અને વહેલી સવારના વર્કઆઉટના વીડિયોઝ જોઈને સામાન્ય મધ્યમવર્ગીય પુરુષના મનમાં એક અજંપો અને લઘુતાગ્રંથિ પેદા થવા લાગે છે. ઑફિસની ફાઇલો, ઘરની જવાબદારીઓ, બાળકોની સ્કૂલ ફી અને હોમ લોનના ઇએમઆઈ વચ્ચે પીસાતો પુરુષ જ્યારે અરીસામાં પોતાનું સહેજ બહાર નીકળેલું પેટ જુએ છે ત્યારે તે એક અજાણ્યા અપરાધભાવથી ઘેરાઈ જાય છે. આ જ અપરાધભાવમાંથી જન્મે છે ફિટનેસની વધુ પડતી સજાગતા જે ક્યારેક સ્વાસ્થ્ય સુધારવાના બદલે માનસિક સ્વાસ્થ્યને બગાડવાનું કારણ બની જાય છે. શરૂઆતમાં જે વાત શરીરને તંદુરસ્ત રાખવા માટે શરૂ થઈ હોય છે તે ધીમે ધીમે એ અજાણયા જ એક માનસિક વળગણ અથવા તો ઝનૂનનું સ્વરૂપ ધારણ કરી લે છે.

એક પુરુષ તરીકે સમાજમાં આપણી ઓળખ હંમેશાં એક 'પ્રોવાઇડર' એટલે કે કમાનાર અને કુટુંબનું રક્ષણ કરનાર તરીકેની રહી છે. આ જવાબદારી નિભાવવા માટે શરીરનું સક્ષમ હોવું જરૂરી છે એ વાત સો ટકા સાચી, પણ જ્યારે ફિટનેસ એ જીવનનો એકમાત્ર હેતુ બની જાય ત્યારે સંતુલન બગડે છે. સવારે પાંચ વાગ્યે ઊઠીને જિમમાં પરસેવો પાડવો, ઑફિસમાં નવથી દસ કલાક ગધેડાવૈતરું કરવું અને સાંજે પાછા આવીને કુટુંબને સમય આપવાના બદલે ફરી પ્રોટીન શેક અને કેલરી કાઉન્ટિંગમાં ડૂબી જવું... આ લાઇફસ્ટાઇલ પુરુષને શારીરિક રીતે મજબૂત કદાચ બનાવી શકે, પણ માનસિક રીતે ખોખલો કરી નાખે છે.

જરા વિચારો કે જે પુરુષ આખો દિવસ ઑફિસના પર્ફોર્મન્સ પ્રેશર હેઠળ જીવતો હોય તેણે હવે જિમમાં પણ પોતાનું પર્ફોર્મન્સ સાબિત કરવાનું દબાણ વેઠવું પડે છે. ટ્રેડમિલ પર દોડતી વખતે સ્પીડ કેટલી હતી, સ્માર્ટવૉચમાં હાર્ટ રેટ કેટલા બતાવે છે અને આજે વીંટી જેટલી જગ્યામાં કેટલી કેલરી બર્ન થઈ, આ બધું સતત મગજમાં ચાલ્યા કરે ત્યારે મગજ ક્યારેય શાંત રહી શકતું નથી.

વધુ પડતી ફિટનેસની સજાગતાના કારણે પુરુષના સામાજિક અને કૌટુંબિક સંબંધો પર પણ ઊંડી અસર પડે છે. રવિવારની સાંજે જ્યારે આખો પરિવાર સાથે બેસીને ભજિયાં, બટાકાવડા કે સમોસાની મિજબાની માણતો હોય ત્યારે ડાઇનિંગ ટેબલના એક ખૂણે બેસીને માત્ર બાફેલી બ્રોકોલી ખાતો પુરુષ અજાણતાં જ પરિવારથી માનસિક રીતે અલિપ્ત થઈ જાય છે. જીવનના નાના-નાના આનંદ, જેવા કે મિત્રો સાથે રાત્રે ચાની ટપરી પર બેસીને થપ્પો મારવો કે પત્ની સાથે કોઈ ખાસ પ્રસંગે આઇસક્રીમની મજા લેવી, આ બધું જ 'ચીટ મીલ' કે 'અનહેલ્ધી કલ્ચર'ના નામે ત્યાગી દેવામાં આવે છે. શારીરિક ફિટનેસના ચક્કરમાં સામાજિક કનેક્શન છૂટી જાય છે અને આખરે પુરુષ એકલતાનો ભોગ બને છે. વૈજ્ઞાનિક રીતે સાબિત થયું છે કે મિત્રો સાથે ખડખડાટ હસવાથી અને પરિવાર સાથે સારો સમય વિતાવવાથી જે હૉર્મોન્સ રિલીઝ થાય છે તે જિમના કોઈ પણ હેવી વર્કઆઉટ કરતાં વધુ માનસિક શાંતિ આપે છે.

આ સિવાય ત્રીસી કે ચાલીસી વટાવી ચૂકેલા પુરુષમાં જિમની અંદર અતિશય વજન ઊંચકવાની કે ટૂંકા ગાળામાં બૉડી ટ્રાન્સફોર્મેશન કરવાની જે ઘેલછા જોવા મળે છે તે શારીરિક રીતે જોખમી છે. સમાજમાં અને સોશ્યલ મીડિયા પર પુરુષત્વની વ્યાખ્યા માત્ર ચોરસ છાતી અને બાયસેપ્સના કદ પર સીમિત કરી દેવામાં આવી છે. આ નકલી માપદંડોને આંબવા માટે ઘણા પુરુષ પોતાની ક્ષમતા કરતાં વધુ શારીરિક શ્રમ કરે છે, જેના કારણે હૃદય પર અતિશય દબાણ આવે છે, સાંધા ઘસાઈ જાય છે અને સ્નાયુઓ ખેંચાઈ જાય છે. તાજેતરનાં વર્ષોમાં જિમમાં વર્કઆઉટ દરમિયાન હાર્ટ એટેક આવવાના કિસ્સાઓમાં જે ચિંતાજનક વધારો થયો છે તે દર્શાવે છે કે વધુ પડતી સજાગતા ક્યારેક જીવલેણ સાબિત થઈ શકે છે. શરીરની એક ચોક્કસ મર્યાદા હોય છે - તેને મશીનની જેમ ચોવીસે કલાક દોડાવી શકાતું નથી.

ફિટનેસનો સાચો અર્થ એ નથી કે તમારું શરીર ગ્રીક ગોડ જેવું દેખાય કે તમારી કમર ચોક્કસ ઇંચની જ હોય. સાચી ફિટનેસ એ છે કે તમે સવારે ઉઠો ત્યારે તમારામાં દિવસભરના કામનો ઉત્સાહ હોય, રાત્રે તમને કોઈ પણ ચિંતા વગર ગાઢ નિદ્રા આવી જાય અને સીડીઓ ચડતી વખતે તમારો શ્વાસ ન ફૂલે. ફિટનેસ એ જીવનને સુંદર બનાવવાનું સાધન હોવું જોઈએ, જીવનને કંટ્રોલ કરનારું જેલર નહીં. પુરુષે સમજવું પડશે કે આ ઉંમરે સિક્સ-પેક એપ્સ કરતાં ફૅમિલી સાથે વિતાવેલી 'પીસ ઑફ માઇન્ડ'ની ક્ષણો વધુ કીમતી છે. અઠવાડિયામાં પાંચ દિવસ સાદો અને પૌષ્ટિક ખોરાક લેવો, અડધો કલાક સામાન્ય ચાલવું કે હળવી કસરત કરવી એ શરીરને સ્વસ્થ રાખવા માટે પૂરતું છે. જ્યારે આપણે ફિટનેસને વળગણના બદલે જીવન સહજ હિસ્સો બનાવીશું ત્યારે જ આપણે સાચા અર્થમાં તંદુરસ્ત અને સુખી પુરુષ બની શકીશું. વધુ પડતી સજાગતા બાહ્ય દેખાવ સુધારી શકે, પણ આંતરિક શાંતિ તો માત્ર સંતુલનથી જ આવે છે.



# ડિયર હની... તારો બન્ની

## પત્નીને પત્ર

કૌશિક મહેતા

feedback@bombaysamachar.com

# મહિલાઓ અંધશ્રદ્ધાનો ભોગ વધુ કેમ બને છે?

*ડિયર હની,*

રાજકોટમાં બાબા બાગેશ્વર એટલે ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીની ત્રણ દિવસીય કથામાં છેલ્લા દિવસે જે બનવાની આશંકા ઘણાએ કરેલી એ બન્યું. ૨૦-૨૫ લોકો એકાએક ધૂણવા લાગ્યા અને એમાં સ્ત્રીઓની સંખ્યા વધુ હતી. એ સ્ત્રીઓએ કેટલાક પર હુમલો પણ કર્યો. આ ઘટના પછી વિવાદ વધે એ સ્વાભાવિક છે પણ એક વાત પ્રત્યે તારું ધ્યાન દોરવું છે કે અંધશ્રદ્ધાનો ભોગ મહિલાઓ જ વધુ કેમ બને છે?

આ મુદાને સામાજિક માળખા, શિક્ષણની તક અને માનસિક સ્થિતિના ચશ્માંથી જોવો પડે. આ વાત અમુક અંશે સાચી જરૂર લાગે છે, પણ તેની પાછળનાં કારણો ખૂબ ઊંડા અને સામાજિક છે. સ્ત્રીઓ સ્વભાવગત રીતે કુટુંબ, બાળકો અને પતિના સ્વાસ્થ્ય તેમજ ભવિષ્ય પ્રત્યે વધુ સંવેદનશીલ હોય છે. જ્યારે ઘરમાં કોઈ લાંબી બીમારી આવે, આર્થિક તંગી થાય કે સંતાન ન થતું હોય ત્યારે કુટુંબને બચાવવાની આકુળતામાં તેઓ તાર્કિક વિચારવાને બદલે શ્રદ્ધા કે અંધશ્રદ્ધાનો આશરો જલ્દી લઈ લે છે.

બીજું કે પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીઓ પાસે આર્થિક કે સામાજિક નિર્ણયો લેવાની સત્તા ઓછી હોય છે. વ્યક્તિ વાસ્તવિક જીવનમાં લાચાર અનુભવે છે ત્યારે તે 'ચમત્કાર' અથવા 'અદૃશ્ય શક્તિઓ' (જેમ કે ભૂવા, બાબાઓ કે દોરા-ધાગા) તરફ વળે છે, કારણ કે ત્યાં તેને એક આભાસી આશા દેખાય છે.

જોકે આજે સ્થિતિ બદલાઈ છે, પણ ગ્રામીણ કે પછાત વિસ્તારોમાં હજુ પણ મહિલાઓનું તાર્કિક શિક્ષણ અને બહારની દુનિયા સાથેનું 'એક્સપોઝર' પુરુષો કરતાં ઓછું છે. દુનિયાદારીનો અનુભવ ઓછો હોવાને કારણે તેઓ લેભાગુ તત્ત્વોની વાતોમાં જલ્દી આવી જાય છે. અને આ માટે સામાજિક રીતિઓ પણ જવાબદાર છે. નાનપણથી જ દીકરીઓને વિવિધ વ્રત, કથાઓ અને ધાર્મિક વિધિઓ પાછળનું વૈજ્ઞાનિક કારણ સમજાવ્યા વગર, માત્ર 'પુણ્ય મળશે' કે 'પાપ લાગશે'ના ડર સાથે ઉછેરવામાં આવે છે. આ ડર સમય જતાં અંધશ્રદ્ધાનું રૂપ લઈ લે છે.

આ બધાં કારણો વચ્ચે પણ કરુણતા એ છે કે અંધશ્રદ્ધાનો સૌથી મોટો ભોગ પણ મહિલાઓ જ બને છે. આજે પણ ગ્રામીણ વિસ્તારોમાં કોઈ અણધારી આફત આવે ત્યારે કોઈ વિધવા કે અસહાય મહિલાને 'ડાકણ' કે 'મેલી વિદ્યા જાણનારી' કહીને શારીરિક-માનસિક ત્રાસ આપવામાં આવે છે.

એક કિસ્સો છે. નામ બદલાવ્યું છે. ગુજરાતના જ એક ગ્રામીણ વિસ્તારમાં એક શિક્ષિત યુવતીનાં લગ્ન પછી ત્રણ વર્ષ સુધી સંતાન ન થતાં તેની સાસુ અને પતિ તેને એક 'સિદ્ધ બાબા' પાસે લઈ ગયા. બાબાએ દાવો કર્યો કે વહુ પર કોઈ મેલી વિદ્યાનો ઓછો છે અને તે દૂર કરવા માટે તેને અંધારા ઓરડામાં એકલી બેસાડી વિધિ કરવી પડશે. અંતે એ ઢોંગી બાબાએ પેલી પરિણીતાનું શારીરિક શોષણ કર્યું. ડર અને શર્મના કારણે તે લાંબો સમય મૌન રહી. આ આખી ઘટના દર્શાવે છે કે સામાજિક દબાણ સ્ત્રીને એટલી લાચાર બનાવી દે છે કે તે પોતાનું તાર્કિક સંતુલન ગુમાવી બેસે છે.

ઝારખંડ અને ઓડિશાના ગ્રામીણ વિસ્તારોમાં તો કોઈ વિધવા મહિલા પાસે જમીન હોય અને ગામના શક્તિશાળી પુરુષોને તે જમીન પચાવી પાડવી હોય ત્યારે તે અંધશ્રદ્ધાનો હથિયાર તરીકે ઉપયોગ કરે છે. જો ગામમાં અચાનક કોઈ બાળક બીમાર પડે અથવા ગાય-ભેંસ મરી જાય તો તે વિધવા સ્ત્રીને 'ડાકણ' જાહેર કરી દેવામાં આવે છે. ગામના લોકો ભેગા થઈને તેનું મુંડન કરી તેને રસ્તા પર ફેરવે છે અને ઘણીવાર તેની હત્યા પણ કરી દેવામાં આવે. અહીં અંધશ્રદ્ધા એ માત્ર અજ્ઞાનતા નથી, પરંતુ સ્ત્રીનું શોષણ કરવાનું એક આયોજિત સાધન છે.

જોકે હવે સ્ત્રીઓ શિક્ષિત થઈ છે અને આવી અંધશ્રદ્ધા સામે લડત પણ કરે છે. અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ સાથે જોડાયેલી મહારાષ્ટ્રની આ મહિલા શ્યામલા વનકુદ્રેએ મહિલાએ ગામડે-ગામડે જઈને ઢોંગી બાબાઓના 'ચમત્કારો' (જેમ કે હવામાંથી ભસ્મ કાઢવી, પાણીમાં આગ લગાડવી) પાછળનું વિજ્ઞાન લોકોને સમજાવ્યું. તેમણે અસંખ્ય મહિલાઓને તાંત્રિકોના ચુંગાલમાંથી છોડાવી.

આ બધા કિસ્સા સાબિત કરે છે કે અંધશ્રદ્ધા માત્ર દેવ-દર્શન કે વ્રત પૂરતી સીમિત નથી. જ્યાં સુધી મહિલા આર્થિક રીતે પગભર નહીં થાય અને જ્યાં સુધી તેનામાં 'તાર્કિક વિચારસરણી' વિકસાવવામાં નહીં આવે ત્યાં સુધી લેભાગુ તત્ત્વો ધર્મ અને ડરના નામે તેમનું શોષણ કરતા રહેશે.

અલબત, સ્ત્રીઓને જ શો દોષ દેવો? પુરુષો પણ અંધશ્રદ્ધામાં ક્યાં ઓછું માને છે. અંધશ્રદ્ધા માત્ર સ્ત્રીઓ પૂરતી સીમિત નથી. કરોડો રૂપિયાના સટ્ટા રમવા, શૅરબજારમાં નસીબ અજમાવવા, ઑફિસમાં પ્રમોશન મેળવવા કે રાજકારણમાં જીતવા માટે પુરુષો પણ મોટા પાયે વિધિઓ, નંગની અંગૂઠીઓ અને જ્યોતિષીઓના ચક્કરમાં પડે છે અને એમાં જ ઢોંગી બાબાઓ ફાવી જાય છે અને એમની દુકાનો ચાલ્યા કરે છે.

ઘરમાં નાની-મોટી મુસીબત આવે કે તુરંત સ્ત્રી કોઈ માનતા માની લે છે, જેનો વિરોધ પુરુષો કરતા નથી. આમાં એમની પણ મૂક સંમતિ હોય છે. શિક્ષણનું પ્રમાણ વધ્યું છે, ટક્નૉલૉજી વિજ્ઞાનનો વિસ્તાર થયો છે, છતાં અંધશ્રદ્ધા ઓછી થઈ નથી એ આપણા સમાજની કમનસીબી છે.

*તારો બન્ની*

## સંધ્યા છાયા

feedback@bombaysamachar.com

નીલા સંઘવી


# આને દીકરા નહીં... દીપડા કહેવાય!

માતા નવ મહિના બાળકને ગર્ભમાં ધારણ કરે છે. એ નવ મહિના દરમિયાન તેને કેટલી શારીરિક તકલીફ થાય છે પણ એ ઉફ સુધ્ધાં નથી કરતી. 'ઉફ' કરવાનું તો જવા દો તે બાળકને ગર્ભમાં ધારણ કરીને રાજી થાય છે. પ્રસૂતિની અસહ્ય પીડા હસ્તે મોઢે સહન કરે છે અને જ્યારે બાળક જન્મે છે ત્યારે પોતાનો નવો જન્મ થયો હોય તેટલી આનંદિત થાય છે. મા બાળકને કેટલો પ્રેમ કરે છે? એ જ બાળક યુવાન થાય પછી માની અવગણના કરે ત્યારે તેને માતાએ કરેલ પ્રેમ, ત્યાગ યાદ નહીં આવતા હોય?

તાજેતરમાં એક સમાચાર વાંચ્યા. કદાચ તમે સૌએ પણ વાંચ્યા જ હશે. જે દીકરાઓને માએ નવ મહિના કૂખમાં રાખ્યા અને પાળીપોષીને મોટા કર્યા તે જ દીકરાઓએ માને અંતિમ સમયમાં રઝળતી છોડી દીધી. ઓડિશાના બાલેશ્વરમાં આ શરમજનક ઘટના બની હતી.

બંસીધરદાસ અને તેમની પત્ની તુલસીદાસના પરિવારમાં તેમના ત્રણ દીકરા હતા, જેમાંથી મોટો દીકરો તો વર્ષો પહેલાં જ ઘરમાંથી ભાગી ગયો હતો. બાકીના બે દીકરાએ માતા-પિતાની જવાબદારી વહેંચી લીધી હતી. જવાબદારી લીધી તો હતી પણ કેવી રીતે? 'બાગબાન' ફિલ્મમાં અમિતાભ બચ્ચન અને હેમામાલિનીને જેમ બે દીકરા વચ્ચે વહેંચાવું પડે છે બરાબર એ જ રીતે બંસીધરદાસ અને તેમની પત્ની તુલસીદાસ સાથે બન્યું. વચલા દીકરાએ પિતાની જવાબદારી ઉપાડી અને નાના દીકરાએ માતાની...

અહીં જવાબદારી શબ્દ વાપરવો ગમતો નથી, પણ પરિસ્થિતિ એવી છે કે આવો શબ્દ વાપરવો પડે છે. મા-બાપની સંભાળ રાખવી એ જવાબદારી શેની?? એ ફરજ નથી? અરે, પોતાનાં માતા-પિતા પ્રત્યે પ્રેમ નથી? એટલું ભાન નથી કે તમે નાના હતા ત્યારે પૈસા હોય કે ન હોય, આ જ માતા-પિતાએ તમારી બધી જરૂરિયાત પૂરી કરી હતી. તમને આંગળી પકડીને ચાલતાં શીખવાડ્યું. તમે માંદા પડતા હતા ત્યારે રાત રાત જાગીને માએ મીઠાના પાણીનાં પોતાં તમારા કપાળ પર મૂક્યાં. પોતાં મૂકતાં-મૂકતાં તેની આંખમાંથી બોર બોર જેવડાં આંસુ પડતાં હતાં અને મનમાં ભગવાનને સતત પ્રાર્થના ચાલતી હતી કે 'હે ભગવાન, મારા બાળકને જલદી સાજું કરી દો. 'અરે, તમે સાજા થયા પછી ચપ્પલ કે પછી નકોરડા ઉપવાસ કરતી હતી. આ જ માતા કે પિતાને તમારી જરૂર પડે ત્યારે સંતાન મા-બાપને સાથે પણ ન રાખી શકે. મા-બાપના ભાગલા પડે એ કેવું? ત્રણ-ચાર બાળકને સાચવતાં માતા-પિતાએ તો સંતાનના ક્યારેય ભાગ પાડ્યા ન હતા...!




ઘરડે ઘડપણ પતિ-પત્નીને અલગ રહેવું પડે, એકબીજાનો વિરહ વેઠવો પડે એ કેટલું આકરું લાગે? 'બાગબાન'નાં અમિતાભ અને હેમામાલિનીની મનોદશા જેવી જ મનોદશા કોઈ પણ પતિ-પત્નીની આ રીતે અલગ રહેવું પડે ત્યારે થાય.

બંસીધરદાસ પરિવારના વચેટ દીકરા સાથે પિતા અને નાના દીકરા સાથે માતા રહેતી હતી. થોડા દિવસ પહેલાં બંસીધરદાસનું મૃત્યુ થઈ ગયું. હવે નાના દીકરા પાસે મા રહી ગઈ. મને-કમને ઝઘડા કરીને નાનો દીકરો માને રાખતો હતો. બીમાર મા બિચારી એક ખૂણામાં પડી રહેતી હતી. તાજેતરમાં માતાએ પણ અંતિમ શ્વાસ લીધા.

અહીં દીકરાઓને માના મૃત્યુનો શોક તો હતો જ નહીં, કોઈને દુ:ખ થતું ન હતું. સૌને છૂટ્યાની પ્રતીતિ થતી હતી. આ પરિવાર વૈષ્ણવ પરંપરા સાથે જોડાયેલા હોવાને કારણે ગામના લોકોનું કહેવું હતું કે વૃદ્ધ માતાના અંતિમ સંસ્કાર ઘરના પરિસરમાં જ કરવામાં આવે. જે હોય તે, પણ ગામ લોકોએ આવી વાત કરી. આ વાત સાથે જ માતાની સંપત્તિ કોને મળશે એ બાબતે ચર્ચા ઊખળી. બંને ભાઈ વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ. વિવાદ એટલો વધ્યો કે સામે માનું નિશ્ચેતન શરીર પડ્યું છે એની આમન્યા પણ એ બન્ને દીકરા ભૂલી ગયા. સગી માના મૃત્યુનો મલાજો પણ ન રાખ્યો, ઉપરથી ઝઘડાઝઘડી ચાલી. વાત ત્યાં સુધી વણસી ગઈ કે માતાના પાર્થિવ દેહના અગ્નિ સંસ્કાર કરવાની વાત તો દૂર રહી. માતાના પાર્થિવ શરીરને હાથ અડાડવાની પણ બંને દીકરાએ ના પાડી દીધી.

ગામ લોકોએ બંને દીકરાઓને બહુ સમજાવ્યા કે 'તમારો બંનેનો જે ઝઘડો હોય તે તમે બંને પછીથી પતાવજો. અત્યારે અહીં માની ડેડ બૉડી પડી છે તેના અગ્નિ સંસ્કાર તો કરી દો. મૃત્યુને મલાજો તો જાળવો. તમારું આવું વર્તન સૌનું માથું શરમથી ઝુકાવી દે છે... જે દીકરાઓ માના શબ સામે આવી રીતે ઝઘડે છે એના સંસ્કાર માટે શું કહેવું? અમારાં ગામમાં આવી પ્રજા છે તે જોઈને અમને ખરાબ લાગે છે. લોકોની સમજાવટનું કોઈ પરિણામ ન આવ્યું. ૧૦ કલાક સુધી માતાનો મૃતદેહ એમ જ પડ્યો રહ્યો. અંતે પોલીસને જાણ કરવામાં આવી. પોલીસે પણ પરિસ્થિતિની નજાકત જોઈને બંને દીકરાઓને સમજાવવાની કોશિશ કરી, પણ પથ્થર પર પાણી. બેમાંથી એકના દિલમાંયે માના દૂધની કિંમત ચૂકવવાની લાગણી ન હતી. બંને દીકરાએ માની અર્થીને કાંધ આપવાની પણ ના પાડી દીધી. આખરે ચાર પોલીસોએ ગામ લોકોની મદદથી પાર્થિવ દેહને કાંધ આપીને અગ્નિ સંસ્કાર કર્યા.

આવા દીકરા... આ તે દીકરા કે દીપડા?

મુંબઈ સમાચાર YouTube ગુજરાતી
ગૃહિણી સાથે ગોસિપ
રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે મેળવો હળવી પળો અને રસપ્રદ વાતોનો ખજાનો.
મુંબઈ સમાચારની ઓફિશિયલ ગુજરાતી યુટ્યૂબ ચેનલ પર સવારે ૧૧ વાગ્યે.
https://youtu.be/R195-dS6Aio
આજે જ સબસ્ક્રાઇબ કરો અને જોડાયેલા રહો!

# લાડકી


કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback@bombaysamachar.com


# હું સોળ વર્ષની હોત તો એના પ્રેમમાં પડ્યા વગર રહી ના હોત!

(ભાગઃ ૫)

**નામઃ અરુંધતિ રૉય**
સમયઃ ૨૦૨૬
સ્થળઃ દિલ્હી
ઉંમરઃ ૬૪ વર્ષ

**કેરાલાના** 'આયેમેનામ હાઉસ'ની મારી સ્મૃતિઓ અદ્‌ભુત છે. મારી માની મોટી વિધવા બહેન, મારી નાની, અંકલ આઇઝેક અને કોચુ મારિયા નામની રસોયણ, રામાનાથન નામનો એક નોકર આ ઘરમાં રહેતાં હતાં. બધા મલયાલમમાં વાત કરતા એટલે હું ઝડપથી મલયાલમ શીખી ગઈ. અમારી આસપાસનાં ઘરોમાંથી લોકો ખેતરમાં કામ કરવા આવતા. સહુ અમને ખૂબ ચાહતા, પણ અમને સ્પર્શ કરવાની એમને મનાઈ હતી. કદાચ જો કોઈની આંખોમાં વ્હાલ જોઈને હું એમને ભેટી પડું તો નાની મને કૂવા પર નવડાવતી. ઠંડા પાણીથી નહાવાના ભયથી ધીરે ધીરે મેં પણ એમને અડવાનો મોહ છોડી દીધો.

કોટ્ટિયમના એ દિવસો મારી જિંદગીના સૌથી સુંદર દિવસો છે એમ કહું તો ખોટું નથી. મારી મા, અંકલ આઇઝેક અને મારી માની મોટી બહેન એક જ ડાઇનિંગ ટેબલ પર ભોજન કરતા, પણ બેસ્ટ ફ્રેન્ડની જેમ વર્તતાં એ ભાઈ-બહેન ક્યારે એકબીજાના દુશ્મન થઈ જાય એનું કંઈ ઠેકાણું નહોતું. હજી હમણાં જ એકબીજા સાથે નિરાંતે વાતો કરી રહેલા બે જણા અચાનક જ બૂમાબૂમ કરવા લાગતા. સામાન્ય રીતે બધા ઝઘડા પૈસા કે પ્રૉપર્ટી વિશે નહોતા... લલિત રસપૂર્વક આ ઝઘડા જોયા કરતો, પણ હું હળવેકથી ઘરમાંથી નીકળી જઈને નદી કિનારે પહોંચી જતી. કોટ્ટિયમનો નદી કિનારો જાણે મારી રાહ જોતો હોય એમ શાંત અને નિઃશબ્દ લહેરાતો રહેતો...

અમારા ખેતરમાં કામ કરતા એક માણસનો દીકરો વેલુથા આખા કોટ્ટિયમમાં મારો એકમાત્ર મિત્ર હતો. એ મારી સ્થિતિ સમજતો હોય કે નહીં, મારી એકલતાનો સાથી હતો. એ મને માછલી પકડતાં શીખવતો. માછલીને આકર્ષવા માટે કાંટા ઉપર જીવડાં કેવી રીતે લગાવવા અને ક્યાંથી શોધવા એ પણ શીખવતો. અમે નદી કિનારે દોડતાં. એ મારી આગળ દોડતો, પણ વળી વળીને પાછળ જોતો. હું પડી ન જાઉં કે મને ઠોકર ન વાગે એનું ધ્યાન રાખતો. એ પોતાને ઘરેથી ક્યારેક મારે માટે કેક કે બિસ્કિટ લઈ આવતો. વેલુથાને આજે યાદ કરું છું કે મને સમજાય છે કે હું છ વર્ષની હતી એટલે અમારી વચ્ચે કંઈ થયું નહીં, હું સોળ વર્ષની હોત તો એના પ્રેમમાં પડ્યા વગર રહી ના હોત. મારી જિંદગીમાં મળેલા સૌથી હૅન્ડસમ અને સૌથી શાલિન પુરુષોમાંનો એક એટલે વેલુથા. મારી નવલકથા 'ધ ગૉડ ઑફ સ્મૉલ થિંગ્સ'માં અમ્મુના પ્રેમી તરીકે મેં જેનું નિરૂપણ કર્યું છે તે આબેહૂબ વેલુથાનું ચિત્ર છે...

આયેમેનામ હાઉસમાં અંકલ આઇઝેક અને મારી નાની સિવાય મારી એક વિધવા માસી રહેતી હતી. મેં એને ક્યારેય હસતા જોઈ નથી. મારી મા કહેતી હતી કે એ ખૂબ ભણેલાં અને વિદ્વાન હતાં. નાની ઉંમરે એમના પતિના ગુજરી ગયા પછી મારા મામા, અંકલ આઇઝેક જઈને એમને લઈ આવ્યા. એ અમારા ઘરમાં એવી રીતે રહેતાં હતાં જાણે ઉપકારના બોજ નીચે દબાયેલાં હોય. રસોડામાં સતત કામ કરવું, અનાજ, મરચાં, અથાણાં બધી જ જાણે એમની જવાબદારી હોય એમ એ કામ કરતાં રહેતાં. બપોરના સમયે જ્યારે આયેમેનામ હાઉસ શાંત થઈ જતું ત્યારે નાળિયેરીનાં પાંદડાંની સરસરાહટ અને પંખીઓ, ખિસકોલીના અવાજની વચ્ચે હું એમને જાડાં જાડાં પુસ્તકો વાંચતાં જોતી. ક્યારેક એ આકાશ તરફ જોઈને રડતાં... હું એમના સુધી જઈને આંસુ લૂછવા માગતી હતી, એમને પૂછવા માગતી હતી કે એમને શું થાય છે, પરંતુ એમની આંખોમાં એક એવું અંતર હતું જે સતત કહ્યા કરતું, મારી નજીક નહીં આવતાં. અંકલ આઇઝેક અને મારી મા ઝઘડતાં ત્યારે પણ એ મોટેભાગે ચૂપ જ રહેતાં. ક્યારેક આ ઝઘડામાં વચ્ચે બોલવાનું થાય ત્યારે પણ એ અંકલ આઇઝેકનો પક્ષ લેતાં. કદાચ એમને ખબર હતી કે આ ઘરમાં રહેવું હોય તો અંકલ આઇઝેકનો હુકમ માનવો પડશે.

અંકલ આઇઝેક સારા મૂડમાં હોય ત્યારે મને અને લલિતને એમની સાથે કોટ્ટિયમ લઈ જતા, જ્યાં એમની અથાણાંની ફૅક્ટરી હતી. આયેમેનામથી કાટ્ટિયમના રસ્તે ક્યારેક હોડીમાં તો ક્યારેક ગાડીમાં જતા. ગાડીમાં જઈએ ત્યારે અથાણાં ફૅક્ટરીની અનેક સ્ત્રીઓને એ લિફ્ટ આપતા. અંકલ આઇઝેક પરણેલા નહોતા, પણ સ્વભાવે રોમેન્ટિક હશે એટલે એમને ગમતી સ્ત્રીઓ સાથે નાનું મોટું


અરુંધતિ રૉય

ફ્લર્ટ કરતા... મને બહુ યાદ નથી, પણ એ સ્ત્રીઓના શરમાતા ચહેરા મારી સ્મૃતિમાં તરવરે છે. એ શાલિનતા ચૂકતા નહીં. એમણે મારી સામે કોઈ સ્ત્રી સાથે અભદ્ર વર્તન કર્યું હોય એવું મને યાદ નથી. એમના ગૃહઉદ્યોગની ફૅક્ટરીમાં લગભગ ૧૫૦ જેટલી સ્ત્રીઓ કામ કરતી. આઇઝેક બધાને નામથી ઓળખતા. એમના પરિવાર, સંતાનો, પતિ બધા વિશે માહિતી રાખતા અને પૂછપરછ પણ કરતા. ફૅક્ટરીમાં અમને કાચી કેરી, લીંબુ અને બીજી વસ્તુઓ મળતી. આંબોળિયા અને આંબલી ખાવાની મજા પડતી. બપોરે અંકલ આઇઝેક કોટ્ટિયમમાંથી ઈડલી અને રાઇસ સાથે સૂકી માછલી મગાવતા. અથાણાં ફૅક્ટરી અમારા માટે પિકનિકથી ઓછી નહોતી.

મારી મા જે શાળામાં કામ કરતી એ શાળામાં અમને દાખલ કરવામાં આવ્યાં. કોટ્ટિયમની એ શાળા ખૂબ જાણીતી હતી, પરંતુ નાનું ગામ અને લોકો એકબીજાને ઓળખતા હોય એટલે જાણે અજાણે ગૉસિપ્સ ચાલતી રહેતી. મારી મા એના વરને મૂકીને આવી ગઈ છે, બે બાળકોને એકલી ઉછેરે છે, ત્યાંથી શરૂ કરીને થોડા વખતમાં એના પ્રેમી સાથે પરણી જશે એવી વાતો પણ ચાલતી... કેટલીક વાર સહકાર્યકરો એને મહેણાં મારતા અથવા એની મજાક ઉડાવતા. મારી મા કંટાળી હતી. એમાં એક દિવસ અમારે ઘરે એક મધ્યમ વયની બ્રિટિશ લેડીનું આગમન થયું. ફૂલોવાળો ડ્રેસ અને વ્યવસ્થિત બંધ જૂતા પહેરેલી, કડક ચહેરો ધરાવતી એ સ્ત્રીનું નામ મિસિસ મેથ્યુસ હતું. મિસિસ મેથ્યુસ મારી મા સાથે ઉટીમાં નોકરી કરતી હતી. 'બ્રિક્સ' શાળામાં બંને જણા એકસરખા કંટાળ્યા હતા. મારી મા ઉટી છોડીને આવી ગઈ, પરંતુ મિસિસ મેથ્યુસ ત્યાં ફસાઈ ગયાં હતાં. અહીં આવીને મારી માએ એમને પત્ર લખ્યો... મિસિસ મેથ્યુસ આવી જ કોઈ તકની રાહ જોતાં હશે, એટલે એ સીધાં કોટ્ટિયમ આવી પહોંચ્યાં.

મારી મા ઇચ્છતી હતી કે એ પોતાની સ્કૂલ શરૂ કરે... મિસિસ મેથ્યુસ એને માટે કરેક્ટ પાર્ટનર હતી. એ દિવસોમાં મારી મા શાળા માટે જગ્યા શોધી રહી હતી. અંકલ આઇઝેક આમ મારી માના વિરોધી હતા, પણ એમણે કોટ્ટિયમની રોટરી ક્લબના હૉલમાં મારી માને સ્કૂલ શરૂ કરવાની પરમિશન અપાવી. આમ તો એ હૉલ લગ્નો અને જાહેર ફંક્શન માટે ભાડે આપવામાં આવતો હતો, પરંતુ મારી માને સવારથી બપોર સુધી શાળા ચલાવવાની પરવાનગી મળી ગઈ. બે નાના-નાના ઓરડા હતા. જેમાં મારી મા એકલી શાળા શરૂ કરી શકે એમ નહોતી, કારણ કે એ કોટ્ટિયમની હતી. લોકો એને ઓળખતા હતા. એટલે એને એક સફેદ ત્વચાવાળી સ્ત્રીની જરૂર હતી. મિસિસ મેથ્યુસ આવી પહોંચી અને રોટરી ક્લબમાં શાળા શરૂ થઈ ગઈ. સ્લાઇડિંગ ફોલ્ડિંગ સ્કૂલ. રોટરી ક્લબના આ રૂમ કાર, ગરાજ અને વર્કશૉપની ઉપર આવેલા હતા, એટલે અંદર જવા માટે ગરાજમાંથી પસાર થવું પડતું. આ પહેલો માળ નહોતો, પણ મેઝેનિન ફ્લોર જેવું હતું. ગરાજના માલિકનો નાનકડો બંગલો અને એના બગીચાની સાથે આવેલું ગરાજ મારી માને મળી ગયું. તામિલનાડુના વતની આનંદને બાળકો માટે ગજબ પ્રેમ હતો. એ અમને હથોડા, સ્ક્રૂ અને બીજી ચીજોથી રમવા દેતો. ગાડીના પતરા ઉપર ઠોકી ઠોકીને અમે પણ મિકેનિક હોવાનો આનંદ અનુભવતા. આનંદે એનો બગીચો બાળકોને રમવા આપવાની છૂટ આપી, એટલે હવે શાળાનાં બાળકો માટે એક બગીચાવાળી સુંદર શાળા તૈયાર થઈ.

કોટ્ટિયમમાં આવી ગોરી સ્ત્રી ચલાવતી હોય એવી કોઈ અંગ્રેજી શાળા નહોતી. નર્સરી સ્કૂલમાં દાખલ થયેલાં બાળકોનાં માતા-પિતાએ મારી માને વિનંતી કરી કે દર વર્ષે એક ક્લાસ વધારતા જાય તો બાળકો ત્યાં જ ભણી શકે. હું અને મારો ભાઈ આ લૅબોરેટરીના ટેસ્ટ કરવાના ઉંદરડા હતા. નવી એપૉઇન્ટ કરવામાં આવેલી ટીચર્સના પ્રયોગો અમારા પર કરવામાં આવતા. અમને પૂછવામાં આવતું, તમે સમજ્યા? અથવા આ ટીચર ગમી?

મારી માએ કદી ધાર્યું નહોતું એવી રીતે અહીં ડાન્સ, સંગીત અને ગણિત સહિત અનેક શિક્ષકોની એપૉઇન્ટમેન્ટ થઈ. શાળામાં ૭૦થી વધારે બાળકો દાખલ થયાં. જાણે કે મારી માના સપનાંની મંઝિલે પહોંચવાનો પ્રવાસ હવે ખરેખર શરૂ થયો.

(સાભારઃ મધર મેરી કમ્સ ટુ મીઃ અરુંધતિ રૉય) (ક્રમશઃ)■


લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback@bombaysamachar.com


# આ છે મજા પડે એવી સજા



'પપ્પા, ચાલોને આપણે તમારા ગામમાં જ કાયમ માટે રહેવા જતા રહીએ,' ત્રીજા ધોરણમાં ભણતા નાના વૈભવે આવીને રમેશભાઈને કહ્યું.

રમેશભાઈએ પૂછ્યું, 'પણ તારે કાયમ માટે ગામ કેમ જવું છે? અહીં તો તું અંગ્રેજી માધ્યમની સુપર સ્કૂલમાં ભણે છે અને તારી સાથે તારા મોટાં ભાઈ-બહેન પણ ભણે છે. સ્કૂલ બસમાં ત્રણેય સાથે જાઓ છો, બસમાં મજા કરો છો અને સ્કૂલમાં પણ મજા કરો છો. તને કોઈ કંઈ કહે છે તારો મિત્ર કે પછી કોઈ શિક્ષક કે પછી કોઈ બીજી તકલીફ તો નથીને?'

'અરે પપ્પા! આટલી બધી ચિંતા નહીં કરો. મને અહીં કોઈ તકલીફ નથી એટલે જ મને અહીં ગમતું નથી. પપ્પા, કાલે દાદીની રાતે મોડે સુધી અમે વાત સાંભળી કે તમે નાના હતા ત્યારે કેવાં તોફાનો કરતા, કેવો બધાનો માર ખાતા, મોડા પહોંચતાં જ સાહેબનો માર ખાતા, ઊઠકબેઠક કરતા, મુર્ગો બનતા, છતાં તમે જરાય રડતા નહીં. હસતાં હસતાં અને રમતાં રમતાં સ્કૂલેથી ઘરે આવતા. એ બધી તમારી બહાદુરીની વાત દાદીએ મને કરી હતી. એ બધુ સાંભળીને મેં દાદીને પણ કીધું કે દાદી, ચાલો આપણે ગામ જ જતાં રહીએ.'

'પણ બેટા, તને ત્યાં નહીં ફાવે. અહીંની શાળાઓમાં કેવું સરસ ભણાવે છે.'

'પપ્પા, સરસ ભણાવે છે, પણ મજા નથી આવતી તેનું શું? મારે તો તમારાં જેવાં તોફાન કરવાં છે. મને કોઈ ટીચર મારાં તોફાન જોઈને સજા કરે, ખીજવાય, ઊઠકબેઠક કરાવે તો લાગે કે હું ખરેખર સ્કૂલમાં ભણું છું. જે સ્કૂલમાં સજા કરવામાં નહીં આવે તેને વળી સ્કૂલ થોડી કહેવાય.'

ખરેખર નાનકડા વૈભવે સાચા અર્થમાં સ્કૂલ કોને કહેવાય તે સમજાવ્યું. રમેશભાઈએ આખી રાત પોતાનાં બાળપણને યાદ કરીને વિતાવી.

બીજે દિવસે વૈભવ ફરી સ્કૂલેથી આવતાં વેંત રમેશભાઈ પાસે જઈને બોલ્યો, 'પપ્પા, આજે એક પણ વિષયમાં લેસન કર્યું નહોતું તો પણ મને એક પણ ટીચરે માર્યું નહીં. ઊલટાનું મારે માથે હાથ ફેરવીને કહ્યું, 'બેટા, આજે લેસન નથી લાવ્યો તો કંઈ નહીં, પણ કાલે કરીને લાવજે. યુ આર એ ગુડ બૉય.' ને ઉપરથી મને ક્લાસનો મૉનિટર પણ બનાવી દીધો. પપ્પા, આ મૉનિટરવાળું તો સાવ ખોટું થયું. મને તો એમ કે મને પણ એમ જ કે પપ્પાની જેમ બે ચાર થપ્પડ મારશે... અને એક ટીચર તો મારવા હાથ લંબાવતાં જ હતાં ત્યાં બીજા ટીચરે કહ્યું, 'કેમ? તારે આ મહિને પગાર નથી જોઈતો?' બસ પછી તો બેઉ ટીચરે મને ચૉકલેટ આપી અને કહ્યું, 'વૈભવ બેટા, લેસન નહીં થાય તો પણ કંઈ વાંધો નહીં. તું તારે એન્જૉય કર. એમ પણ તું તો મૉનિટર જ છે બેટા.' પપ્પા, મને લાગે છે કે મને સજા રૂપે એમણે મૉનિટર બનાવી દીધો.'

'જોયું? જોયું? હું ના કહેતી હતી કે વારેવારે અમારા જમાનામાં તો આમ અને અમારા જમાનામાં તો તેમ વાળી ડિંગ હાંકવી રહેવા દો અને એની જગ્યાએ આવનારા જમાનાની વૈજ્ઞાનિક વાતો કરો. પણ ના, મને તો તમે બધા મૂરખ જ સમજો છો. સાવ ફાલતું ડિંગ હાંકી હાંકીને છોકરાને ના ઘરનો ના ઘાટનો કરી દીધો છે. પહેલાં તો માત્ર વેકેશનમાં જવા જ હઠ કરતો હતો. જ્યારે હવે તો તમારી એ પડું પડું થતી ચાર ઓરડાની સ્કૂલમાં ભણવા જવાની ને ગામમાં કાયમ માટે રહેવા જવાની વાત કરે છે. હવે તો તમે જાણો ને એ જાણે!

સમજ્યા...'

ચાઇલ્ડ સાયકૉલૉજીના નિષ્ણાત શિક્ષકોને મળવા રમેશભાઈએ નોકરીમાંથી રજા લીધી અને આચાર્ય તેમજ શિક્ષકો સામે વૈભવના પ્રશ્નો રજૂ કર્યા. શિક્ષકોએ કહ્યું 'અમને તો આચાર્ય કહે તેમ જ કરીએ છીએ. મારવાનું નહીં, કડક વલણ, ધાકધમકી કે ગમે તેવા શબ્દોનું પ્રયોજન કરવાનું નહીં. એ તમામ વાત ધ્યાનમાં રાખીને જ અમે ભણાવીએ છીએ. અમારે પણ એ કાયદાનો અમલ કરવો રહ્યો. નહીં તો અમારી નોકરી ચાલી જાય. સરકારી ફરમાનને તાબે થવું જ પડે. નહીંતર અમારી સ્કૂલને તાળાં લાગી જાય.'

એટલામાં એક વિદ્યાર્થી બીજા વિદ્યાર્થીનાં તોફાન વિશે કંઈક કહેવા ચાલુ મીટિંગે ઑફિસમાં આવી ચડ્યો હતો. એણે આ બધી વાતો સાંભળી અને તેનાથી ના રહેવાયું એટલે એ બોલ્યો, 'પ્રિન્સિપાલ મૅમ, મારી પાસે એક રસ્તો છે. તમે કહો તો હું કંઈ કહું.'

અદબ વાળીને ઊભેલો વિદ્યાર્થી પહેલાં મૉનિટર જ હતો. 'હા, બોલ બેટા, ગભરાયા વિના બોલ.'

એ સાથે જ એ બોલ્યો, 'ગીતામાં કહ્યું છે કે જીવનમાં મધ્યમ માર્ગ એ શ્રેષ્ઠ માર્ગ છે. તો પછી સરકાર કહે તે અને ટીચરનું મન કહે એ બંને વચ્ચે એક વચલો રસ્તો (મધ્યમ માર્ગ) હોય છે.'

'એટલે બેટા?'

'એટલે એમ કે સરકાર એની રીતે સાચી છે. ગમે તેમ માર મારનારા સામે લાલબત્તી કરવી એ એમની ફરજ છે, પણ બાળકોને ગમે એવી સજા તો શિક્ષકો કરી જ શકેને. અમારા વર્ગમાં નવો મૉનિટર વૈભવ એના ડૅડીના ગામની સ્કૂલની વાત કરે છે. એમાં શિક્ષકો કેવી સરસ સજા કરતા! બસ એવી જ હળવી સજાની સજા ને શારીરિક કામનું કામ અથવા કલાત્મક માનસિક કામ અમને આપો સજારૂપે ક્યારેક બાળકને ટીચર કે એક દિવસ પૂરતા પ્યૂન બનાવી દેવાના,, અહાહાહા... સજાની સજા ને મજાની મજા! '

'હા બેટા, આ પ્રયોગ કરવા જેવો છે. શુભસ્ય શીઘ્રમ્ પહેલો પ્રયોગ વૈભવના વર્ગથી કરીશું. બધાને મંજૂર?'

'હા, મંજૂર.'

'સજારૂપે વૈભવના આખા વર્ગની પહેલી પિકનિક રમેશભાઈના ગામની સ્કૂલની વિઝિટ. મંજૂર છે બધાને?'

આ સાંભળીને રમેશભાઈ બોલી ઊઠ્યા : 'મૅમ, હવે મારે પણ કોઈ ફરિયાદ નથી. બાકી મને પણ વૈભવ જેવી જ ફરિયાદ હતી કે અમને મજા પડે એવી સજા કરો.' ■


ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback@bombaysamachar.com


# ઉંબર ઓળંગવાની ઉંમર...

'તમારા પર ઘરની બહાર એકલા નીકળવા પર પ્રતિબંધ હોય... નાની નાની વાતોમાં સતત ડરનો ઓછાયો હોય... ભૂલ થાય તો સજા થવી નિશ્ચિત હોય... સ્વતંત્રતાનો 'સ' પણ બોલી શકાતો ના હોય અને તેમ છતાં તમે એક હૅપ્પી ટીનએજર છો એવું સ્થાપિત કરવું પડતું હોય તો કેવી ઘૂટન અનુભવાય? '

આવું મનચમન વિચારતી આરોહીના કાને શબ્દો અથડાયા, 'આજે સ્કૂલથી સીધી ઘેર આવજે. વચ્ચે ક્યાંય ઊભી રહેતી નહીં... ' મમ્મીનો આ આદેશ આરોહીને રોજ સાંભળવા મળતો. હાઈસ્કૂલમાં ભણતી આરોહી માટે આ વાક્ય જાણે વણકહ્યો નિયમ હતો. સ્કૂલ, ટ્યુશન અને ઘર. બસ, એ જ એની દુનિયા હતી. આરોહીનાં માતા-પિતા એને ખૂબ પ્રેમ કરતાં, પણ એ પ્રેમમાં વિશ્વાસ કરતાં ડર વધુ હતો. 'બહારની દુનિયા ખતરનાક છે. લોકો ખરાબ છે. છોકરીએ વધારે છૂટછાટ ના લેવી જોઈએ...' આવા વિચારો વચ્ચે આરોહી ઉછરી હતી.

એના મિત્રો ક્યારેક સાથે આઇસક્રીમ ખાવા જતા, લાઇબ્રેરીમાં બેસતા, ક્રિકેટ મૅચ જોવા કે શહેરના પુસ્તક મેળામાં ફરવા જતા. આરોહી માત્ર એમણે સોશ્યલ મીડિયામાં મૂકેલી પોસ્ટ જોઈ શકતી. આરોહી ભોળા પક્ષી માફક રોજ ડરેલી રહેતી.

'તું કેમ નથી આવતી?' એની ફ્રેન્ડ જાનવીએ એકવાર પૂછી લીધેલું.

'ઘેરથી ચોખ્ખી ના છે' આરોહી હસીને કહેતી, પણ અંદરથી એને દુઃખ થતું.

એક દિવસ સ્કૂલમાં જાહેર થયું કે શહેરમાં લિટરેચર સોસાયટી દ્વારા લાઇબ્રેરીમાં યુવા લેખકો માટે વાર્તાલેખન વર્કશૉપ યોજાવાની છે. આરોહીને લખવાનો ખૂબ શોખ હતો. ડાયરીનાં પાનાંઓમાં એ પોતાની લાગણીઓ, સપનાંઓ અને નાની-નાની વાર્તાઓ લખતી.

એ ઉત્સાહથી ઘરે આવી :

'મમ્મી, રવિવારે એક વર્કશૉપ છે. માત્ર ત્રણ કલાકની. હું જઈ શકું?'

મમ્મીએ તરત પપ્પા તરફ જોયું :

'એટલે એકલી જશે?' પપ્પા જાણે એ અન્ય શહેરમાં જતી હોય એમ બોલ્યા.

'પણ ત્યાં મારા ફ્રેન્ડ્સ પણ હશે,' આરોહીએ ગભરાતાં સ્વરે કહ્યું.

'ના, જરૂર નથી,' બસ વાત પૂરી થઈ ગઈ.

એ રાત્રે આરોહી લાંબા સમય સુધી જાગતી રહી. એને ગુસ્સો નહોતો આવતો. ફક્ત એક પ્રશ્ન સતાવતો હતો. શું હું ખરેખર એટલી




બંધાયેલી છું કે ત્રણ કલાક માટે પણ એકલી જઈ ન શકું? બીજા દિવસે સ્કૂલમાં વર્કશૉપ માટે નામ નોંધાવવાનો છેલ્લો દિવસ હતો. જાનવીએ પોતાનું નામ લખાવ્યું.

'તું નથી આવતી?' આરોહીએ નકારમાં માથું હલાવ્યું. જોકે એ દિવસ પછી આરોહીના વિચારો બદલાવા લાગ્યા. એણે સમજ્યું કે પોતાની દરેક ઇચ્છા માટે મંજૂરીની રાહ જોવી એ નૉર્મલ નથી.

આરોહીને અહેસાસ થાય છે કે પોતે કેટલા ખોટા ભ્રમમાં ઉછરેલી છે. એ પોતાના પર લદાયેલા બંધનોની બેડીઓ તોડવાની શરૂઆત કરે છે. પોતાની નાની ને ક્ષુલ્લક લાગતી ઇચ્છાઓ પૂરી કરવા એ કટીબદ્ધ બને છે.

થોડા સમય પછી સ્કૂલ તરફથી એને એક પ્રોજેક્ટ મળ્યો, જેમાં શહેરની કોઈ જાહેર જગ્યાની મુલાકાત લઈ રિપોર્ટ બનાવવાનો હતો. આ વખતે ટીચર્સે માતા-પિતાને સત્તાવાર પત્ર મોકલ્યો. ઘરે ચર્ચા થઈ.

'સ્કૂલનું કામ છે એટલે જવા દેવી પડશે,' મમ્મીએ કહ્યું. પપ્પાએ મને-કમને મંજૂરી આપી.

આરોહી માટે આ માત્ર પ્રોજેક્ટ નહોતો, આ એની જિંદગીએ અલગ દિશામાં લીધેલું પહેલું નાનકડું પગલું હતું. તે દિવસે એ બસમાં એકલી બેઠી. બારી બહાર દોડતા રસ્તાઓ જોઈને એને અજાણી ખુશી થઈ. શહેર તો એ જ હતું, જગ્યાઓ પણ એકસરખી, પરંતુ આજે પહેલી વાર એ પોતાના માટે જોઈ રહી હોય એમ લાગ્યું. હંમેશાં પેરેન્ટ્સનો પોચો ઝાલી ચાલનારી આરોહી જ્યારે બહાર ખુલ્લી હવામાં શ્વાસ લે છે ત્યારે જાણે મુઠ્ઠીભર આકાશ મળી ગયું હોય એવો આનંદ અનુભવે છે. પ્રોજેક્ટનું કામ પૂરું કર્યા બાદ બધાંએ કૅફેમાં જવાનું નક્કી કર્યું.

'મારે ઘેર જવું જોઈએ' આરોહીએ વિચાર્યું, પણ પછી એ થોડી ક્ષણો ઊભી રહી. કૅફેમાં બેસવું એ કોઈ ગુનો નહોતો. મિત્રો સાથે અડધો કલાક ગાળવામાં કોઈ બળવો નહોતો. એ અંદર ગઈ. ચાની સુગંધ, મિત્રોની વાતો અને ખડખડાટ હાસ્ય વચ્ચે આરોહીને લાગ્યું કે આટલી સામાન્ય વસ્તુ માટે પણ એ કેટલાં વર્ષોથી તરસતી હતી.

સાંજે ઘેર આવી ત્યારે પપ્પાએ પૂછ્યું, 'કેમ મોડું થયું?' પહેલી વાર આરોહીએ ડર્યા વગર જવાબ આપ્યો. 'પ્રોજેક્ટ પછી મિત્રો સાથે કૉફી પીવા ગઈ હતી.'

ઘરમાં થોડી ક્ષણ શાંતિ છવાઈ ગઈ. એને લાગ્યું કે હવે ઠપકો પડશે, પણ કશું થયું નહીં.

એ રાત્રે પોતાના રૂમમાં બેસીને એણે ડાયરીમાં લખ્યું, 'આજે મેં કોઈ મોટી લડાઈ જીતી નથી. કોઈ સાથે ઝઘડો પણ કર્યો નથી. મેં માત્ર એક નાનું પગલું ભર્યું છે. પણ કદાચ જીવનના બધા મોટા રસ્તા આવા જ નાના પગલાથી શરૂ થતા હશે.'

સમય જતાં આરોહી વધુ આત્મવિશ્વાસી બનતી ગઈ. એ હજુ પણ પોતાના પરિવારને પ્રેમ કરતી, એમની કાળજી લેતી, પણ હવે પોતાની ઇચ્છાઓને પણ મહત્ત્વ આપતાં શીખી હતી.

એણે શીખી લીધું હતું કે સ્વતંત્રતા હંમેશાં ઘોષણા કરીને મળતી નથી. ક્યારેક એ શાંતિથી લેવાયેલા એક નાના નિર્ણયમાં છુપાયેલી હોય છે. એને સમજાઈ ચૂક્યું હતું કે ઉંબર ઓળંગવો એટલે માત્ર ઘરની બહાર નીકળવું નહીં. ઉંબર ઓળંગવો એટલે પોતાના ડરને પાછળ મૂકી, જાત સુધી પહોંચવાનો રસ્તો શોધી કાઢવો. હા, કેટલીક છોકરીઓ માટે એ રસ્તો ખૂબ લાંબો હોય છે, પણ શરૂઆત માટે માત્ર એક કદમ જ પૂરતું છે. ■

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback@bombaysamachar.com

# મોન્સૂન પહેલાં તૈયાર રાખો આ જરૂરી વસ્તુઓ, વરસાદમાં પણ દેખાશો સ્ટાઈલિશ

*ઉનાળાની ગરમી બાદ વરસાદની મોસમ રાહત લઈને આવે છે, પરંતુ સાથે જ ફેશન અને સ્ટાઇલ માટે કેટલીક પડકારજનક પરિસ્થિતિઓ પણ સર્જે છે. ભીના રસ્તાઓ, કાદવ, અચાનક વરસી પડતો વરસાદ અને વધતા ભેજને કારણે કપડાં, ફૂટવેર અને એક્સેસરીઝની પસંદગીમાં ખાસ ધ્યાન રાખવું જરૂરી બને છે. જો તમે મોન્સૂન પહેલાં કેટલીક જરૂરી વસ્તુઓ તૈયાર રાખશો તો વરસાદની મોસમમાં પણ આરામદાયક અને સ્ટાઇલિશ દેખાઈ શકશો.*





### વૉટરપ્રૂફ ફૂટવેર

મોનસૂનમાં સૌથી મહત્ત્વની વસ્તુ છે યોગ્ય ફૂટવેર. ચામડાનાં જૂતાં કે ભારે સ્પોર્ટ્સ શૂઝ વરસાદમાં ઝડપથી ખરાબ થઈ શકે છે. તેના બદલે વૉટરપ્રૂફ સૅન્ડલ, રબર સ્લિપર્સ અથવા PVC ફૂટવેર પસંદ કરો. તે સરળતાથી સૂકાઈ જાય છે અને પગને આરામદાયક રાખે છે. આ ફૂટવેર એટલા કલરફુલ હોય છે તમારા આઉટફિટના કલર સાથે મિક્સ ઍન્ડ મૅચ પણ કરી શકો. ફૂટવેરના કલરની પસંદગી તમારા વર્ક પ્લેસની અનુરૂપ કરી શકો. જેમકે, જો તમે કોઈ કૉર્પોરેટ કંપનીમાં કામ કરતા હોવ તો સોબર કલરના ફૂટ વેર સારા લાગશે અને જો તમે કૉલેજ ગાઇંગ છો તો તમે કલરફુલ ફૂટવેર પહેરી શકો.

### લાઇટવેઇટ અને ક્વિક-ડ્રાય કપડાં

વરસાદી મોસમમાં કૉટનનાં ભારે કપડાં ભીનાં થયા પછી મોડાં સૂકાય છે. પૉલિયેસ્ટર, રેયોન અથવા ક્વિક-ડ્રાય ફેબ્રિકનાં કપડાં વધુ અનુકૂળ રહે છે. હળવા અને આરામદાયક કપડાં પસંદ કરવાથી આખો દિવસ તાજગીનો અનુભવ થાય છે. આવાં કપડાં જો ભીનાં થાય તો તેમાંથી પાણી જલ્દી નીકળી જાય છે અને જલ્દીથી સુકાઈ જાય છે. સિન્થેટિક કપડાં ભીનાં થાય તો પણ શરીરને ચોંટતાં નથી.

### સ્ટાઈલિશ રેઈનકોટ

આજકાલ બજારમાં વિવિધ રંગો અને ડિઝાઇનના રેઇનકોટ ઉપલબ્ધ છે. પારદર્શક અથવા ટ્રેન્ડી રેઇનકોટ માત્ર વરસાદથી બચાવે છે એટલું જ નહીં, પરંતુ તમારા લુકને પણ ફૅશનબલ બનાવે છે. ખાસ કરીને યુવાનોમાં લાંબા અને ઓવરસાઇઝ રેઇનકોટનો ટ્રેન્ડ વધી રહ્યો છે. રેઇનકોટમાં પણ હવે ઘણી વેરાઇટી આવે છે. જેમકે, પોન્ચા સ્ટાઇલ રેઇનકોટ કે જેમાં કોઈ ખાસ સાઇઝ નથી હોતી. લુઝ હોવાથી મેલ ફિમેલ બન્ને પર સારાં લાગે છે.



### મજબૂત છત્રી

મોનસૂનમાં એક સારી ગુણવત્તાવાળી છત્રી હંમેશા સાથે રાખવી જોઈએ. ફોલ્ડિંગ અને લાઇટવેઇટ છત્રી સરળતાથી બૅગમાં સમાઈ જાય છે. તેજ પવનમાં પણ ટકી રહે તેવી મજબૂત છત્રી પસંદ કરવી વધુ ફાયદાકારક રહે છે. આમ જોઈએ તો વધારે વરસાદમાં છત્રી ઉપયોગી નથી માત્ર માથું જ ઢંકાઈયેલું હોય છે , બાકી આખા ભીના થઈ જવાય છે...

### વૉટરપ્રૂફ બૅગ

મોબાઇલ, દસ્તાવેજો અને અન્ય જરૂરી વસ્તુઓને વરસાદથી બચાવવા માટે વૉટરપ્રૂફ બૅગ અથવા બૅગકવર રાખવું જરૂરી છે. આજકાલ ફૅશનેબલ વૉટરપ્રૂફ બેકપેક અને હૅન્ડબૅગ પણ સરળતાથી ઉપલબ્ધ છે. વૉટરપ્રૂફ બૅગ હોવી તે સૌથી મહત્ત્વનું છે. જો બૅગ વૉટરપ્રૂફ હોય તો તમારી બધી જ વસ્તુ સચવાયેલી રહે છે. વૉટરપ્રૂફ બૅગ જલ્દી સુકાઈ પણ જાય છે.

### હેર કૅર પ્રોડક્ટ્સ

વરસાદી મોસમમાં વાળ વધુ ફ્રિઝી અને ચિપચિપા બની શકે છે. એન્ટી-ફ્રિઝ સીરમ, ડ્રાય શૅમ્પૂ અને હેર સ્પ્રે જેવી વસ્તુઓ તૈયાર રાખો. તે તમારા વાળને સુંદર અને વ્યવસ્થિત રાખવામાં મદદ કરશે. જો તમારે બહાર જવાનું હોય તો વાળને ખાસ કરીને બ્લો કરાય કે પછી આર્યન કરવા.

### વૉટરપ્રૂફ મોબાઈલ કવર

સ્માર્ટફોન આજે જીવનનો મહત્ત્વનો ભાગ બની ગયો છે. વરસાદમાં તેને સુરક્ષિત રાખવા માટે વૉટરપ્રૂફ કવર અથવા ઝિપ પાઉચનો ઉપયોગ કરવો જોઈએ. હવે તો ઘણાં સારાં વૉટરપ્રૂફ પાઉચ આવે છે જેને લીધે ટિપિકલ લુક નથી આવતો પણ ફૅન્સી લુક આવે છે.

### વધારાનાં કપડાં

જો તમે લાંબા સમય સુધી બહાર રહેતા હોવ તો બૅગમાં એક વધારાનું ટૉપ, ટી-શર્ટ અથવા સ્ટૉલ રાખવો ઉપયોગી સાબિત થઈ શકે છે. અચાનક ભીના થઈ જાઓ તો તરત બદલવાની સુવિધા મળી રહે છે. આ એક એક્સ્ટ્રા કામ થઈ જાય, પરંતુ આખો દિવસ ઑફિસમાં ભીના બેસી રહેવું એના કરતાં તો એક્સ્ટ્રા જોડી કપડાં રાખવાં સારાં.

### બ્રાઇટ કલર્સનો સમાવેશ

મોનસૂન દરમિયાન આકાશ મોટાભાગે વાદળછાયું રહે છે. તેથી પીળો, ગુલાબી, ઑરેન્જ, લીલો અને બ્લૂ જેવા ચટક રંગોનાં કપડાં તમારા લુકમાં તાજગી અને આકર્ષણ ઉમેરે છે. જો તમે ડાર્ક કલરનાં કપડાં પહેર્યા હોય અને જો તમે ભીના થાવ તો ખરાબ નથી લાગતું. જો ચાલતી વખતે કીચડ ઊડે તો ડાર્ક કલરને લીધે દેખાતું નથી. વાદળિયા વાતાવરણથી આળસ આવે છે. તેથી જો બ્રાઇટ કલર પહેર્યો હશે તો થોડું ફ્રેશ પણ ફીલ થશે.

મોનસૂન ફૅશન માત્ર સુંદર દેખાવ પૂરતી મર્યાદિત નથી, પરંતુ આરામ અને વ્યવહારિકતા પણ એટલી જ મહત્ત્વની છે. જો તમે વરસાદી મોસમ પહેલાં આ જરૂરી વસ્તુઓ તૈયાર રાખશો તો વરસાદની મજા માણતાં-માણતાં પણ તમારો સ્ટાઇલિશ લુક જાળવી શકશો. યોગ્ય તૈયારી સાથે મોનસૂન તમારા માટે ફૅશન અને કમ્ફર્ટનું પરફેક્ટ કૉમ્બિનેશન બની શકે છે.



ટૂંકું ને ટચ
રશ્મિ શુક્લ
feedback@bombaysamachar.com

# ઉનાળામાં સ્કિનને આપો ફ્રેશ લૂક



ઉનાળામાં બહાર નીકળીએ એટલે પરસેવે રેબઝેબ થઈ જઈએ. એમાંય સ્કિનના તો હાલ બૂરા થઈ જાય છે. આકરા તડકાને કારણે ચહેરો નિસ્તેજ અને કાળો પડી જાય છે. ધૂળ-માટી, પરસેવો ત્વચાને ખૂબ નુકસાન પહોંચાડે છે. એને કારણે સ્કિન કુદરતી નિખાર ગુમાવી બેસે છે. ત્વચાના રોમછિદ્રો બંધ થઈ જાય છે. જેથી પિમ્પલ્સ, ટેનિંગ, રેશિઝ અને બળતરા થાય છે. એવામાં ત્વચાની દેખભાળ રાખવી ખૂબ જરૂરી છે.

અહીં તમને જણાવીશું સરળ રીતે ચહેરાની સારસંભાળ કઈ રીતે રાખી શકાય.

કિવીથી બનેલું સ્ક્રબ ચહેરાને તરોતાજા બનાવી દે છે. સ્ક્રબથી ચહેરા પરની ડેડ સ્કિન દૂર થાય છે અને ચહેરો ખીલી જાય છે.

એક કિવીની છાલ દૂર કરી એને મૅશ કરી લો. ત્યારબાદ એમાં એક ચમચી સાકર અને એક ચમચી મધ ભેળવવું. એને મિક્સ કરીને ચહેરા પર લગાવીની ૨-૩ મિનિટ મસાજ કરવું. પાંચ મિનિટ બાદ ચહેરાને પાણીથી ધોઈ લેવો.

**ફાયદોઃ** કિવી અને સાકરનું સ્ક્રબ ચહેરા પર તરત ફ્રેશનેસ લાવવામાં મદદ કરે છે. ડ્રાયનેસ ઘટાડીને ડેડ સ્કિન દૂર કરે છે. સાથે જ ત્વચાને ચમકદાર બનાવે છે.

## પગની માવજત પણ છે જરૂરી



ગરમીમાં માત્ર ચહેરો જ નહીં, પરંતુ પગની પણ કાળજી લેવી જરૂરી છે. ગરમીમાં પગની સ્કિન પણ નિસ્તેજ અને ડ્રાય થઈ જાય છે. બળબળતો તડકો, ધૂળ-માટી અને પરસેવાને કારણે પગ પર ટેનિંગ આવે છે. સાથે જ દુર્ગંધ પણ આવે છે. એવામાં ચહેરાની સાથે જ પગ પર પણ ધ્યાન આપવું જોઈએ. એના માટે અમે તમારા માટે અમુક ટિપ્સ લઈને આવ્યા છીએ.

**પગની સફાઈઃ** ગરમીમાં જ્યારે પણ આપણે બહારથી ઘરે આવીએ એટલે તરત પગ ધોવા જોઈએ. પગને ઠંડા પાણીથી ધોવા જોઈએ. એનાથી ધૂળ અને પસીનો નીકળી જાય છે. પગને ધોયા બાદ એને સાફ ટોવેલથી લૂંછવા પણ જરૂરી છે. નહીં તો ફંગલ ઇન્ફેક્શનનું જોખમ વધી જાય છે.

**સનસ્ક્રીનનો ઉપયોગઃ** તડકાને કારણે પગની સ્કિન ટેન થઈ જાય છે. એવામાં ઘરની બહાર નીકળતી વખતે સનસ્ક્રીન લગાવવી જરૂરી છે. સાથે જ જો શૂ પહેરતાં હોવ તો સ્વચ્છ મોજા પહેરવા જોઈએ. ગરમીમાં કૉટનનાં મોજા પહેરવા જે પરસેવો સુકાવામાં મદદ કરે છે. સાથે જ ટાઇટ ફૂટવેર ન પહેરવાં.

**પગને આરામઃ** દિવસભરનો થાક દૂર કરવા માટે હૂંફાળા પાણીમાં મીઠુ નાખીને પગને થોડા સમય માટે એમાં રાખવા, એનાથી ઘણી રાહત મળે છે. પગના તળિયા અને નખને ફૂટ સ્ક્રબની મદદથી સાફ કરવા.

યોગ્ય દેખભાળ અને ઘરગથ્થુ ઉપાયોથી ગરમીમાં ત્વચાને સુંદર અને સોફ્ટ બનાવી શકાય છે.

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.




## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| पोळी | દાળ |
| आमटी | અથાણું |
| ताक | ઘી |
| लोणचं | રોટલી |
| तूप | છાસ |

## જાણવા જેવું

કોલસો એટલે લાકડાનો અથવા બીજી કોઇ વસ્તુનો અરધો બળેલો ભાગ. ઇટાળો અથવા ઓલાયેલો અંગારો પણ કહેવાય છે. જમીનમાં દટાઇ ગયેલી વનસ્પતિ જમીનની પેટાની ગરમીને લીધે બળી જઇ જે કાળો ખનીજ પદાર્થ બને છે તે કોલસો કહેવાય છે. લાકડાનો કોલસો ખાણના કોલસા કરતાં હલકો હોય છે. તેને બૂચનાં જેવા છિદ્ર હોય છે, તેથી તે પાણીમાં તરી શકે છે.

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ પુરુષની એકમાત્ર સગી ભાણેજના સસરાના એકમાત્ર પુત્રના સસરા પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) મામા બ) કાકા
ક) બનેવી ડ) ફુઆ

## નોંધી રાખો

*સમય અનુસાર બદલાવ લાવતી વ્યક્તિની પ્રગતિ થાય છે. માટે સમયને ઓળખી આગળ વધશો તો તમારું જીવન ચોક્કસ બદલાઈ જશે.*

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | ૨ | | | ૩ | ૪ | | ૫ |
| ૬ | | | ૭ | | | ૮ | | | |
| | ૯ | ૧૦ | | | ૧૧ | | | ૧૨ | |
| ૧૩ | | | | ૧૪ | | | | | |
| | | ૧૫ | | | | | ૧૬ | | |
| ૧૭ | ૧૮ | | | | ૧૯ | | | | |
| | | | ૨૦ | | | | ૨૧ | ૨૨ | |
| ૨૩ | | | ૨૪ | | | | ૨૫ | | |
| | | ૨૬ | | | ૨૭ | ૨૮ | | ૨૯ | |
| ૩૦ | | | | | | ૩૧ | | | |

### આડી ચાવી

૧ પક્ષી (૩)
૩ છૂટકો, છેડો (૪)
૬ હર્ષ, આનંદ (૨)
૭ સમુદ્ર (૨)
૮ જમાનો (૨)
૯ ભ્રાંતિ (૨)
૧૧ બધું, સઘળું (૨)
૧૨ ધગશ, જોશ (૨)
૧૩ ખુલાસો (૩)
૧૫ સૂર્ય (૩)
૧૬ નાનો તંબૂ (૩)
૧૭ બરબાદી (૩)
૧૯ ચડાણ, ચડાવ (૩)
૨૧ ઝાડ કે જમીનમાંનું બાકું કે પોલાણ (૩)
૨૩ શપથ, મનાઇ (૨)
૨૪ ધ્યેય (૨)
૨૫ આસક્ત, લીન (૨)
૨૬ ક્ષમા, સબૂરી (૨)
૨૭ વખત (૨)
૨૯ ધ્વનિ, અવાજ (૨)
૩૦ સૌથી ચડિયાતું (૪)
૩૧ હોડી, ત્રાપો (૩)

### ઊભી ચાવી

૧. પદ પરથી દૂર થયેલું (૪)
૨ પેટની ફાંદ (૨)
૩ ભારતીય વૈદકશાસ્ત્ર (૪)
૪ વ્યાધિ, તંદુરસ્તીમાં બગાડ (૨)
૫ ગમતું, રુચિ કરાવે તેવું (૩)
૧૦ પોતાના મતનો જ આગ્રહ રાખનાર (૪)
૧૨ તૃપ્તી, સંતોષ (૩)
૧૪ વાળ (૨)
૧૬ ભોમિયો (૪)
૧૮ બાવી, સાધુડી (૩)
૧૯ પાર, છેડો (૨)
૨૦ કબાટ (૪)
૨૨ દાંત ખોતરવાની સળી (૪)
૨૩ નિવાસસ્થાન, ઘર (૩)
૨૬ ---- તો શેરીની ધૂળનો પણ પડે (૨)
૨૮ મૃત્યુ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ્ર | પં | ૨ ચ | | ૩ વ | ૪ શ | | ૫ ઝું | બે | ૬ શ |
| વે | | ૭ રી | ૮ ત | | ૯ બ | ર | ડ | | રા |
| ૧૦ શ | ૧૧ મા | | ૧૨ ન | ય | ન | | | ૧૩ ધા | ર |
| ૧૪ ઢા | ર | કા | | | મ | | ૧૫ સં | | ત |
| ૧૬ ર | ગ | | ૧૭ ખો | | | ૧૮ તં | ગી | | |
| | | ૧૯ ધા | ડ | | | ત | | ૨૦ મા | ૨૧ ગ |
| ૨૨ કા | | ડું | | ૨૩ ચ | | | ૨૪ વા | ત | ડ |
| ૨૫ ચું | ગી | | | ૨૬ હું | ન્ન | ૨૭ ર | | ૨૮ મ | મ |
| પો | | ૨૯ આ | બા | દિ | | ૩૦ મા | ૩૧ તા | | થ |
| ૩૨ ચું | ગા | લ | | ૩૩ શ | નિ | | ૩૪ બે | હા | લ |

## ઓળખાણ પડી?




વર્લ્ડ રેન્કિંગમાં ટોપ ૨૫માં પહોંચનારી પ્રથમ ભારતીય અને કેટલાક ગોલ્ડ મેડલ મેળવનારી ટેબલ ટેનિસ ખેલાડીની ઓળખાણ પડી?

અ) શ્રીજા અકુલા બ) અનિતા મુખરજી ક) યશસ્વિની ઘોરપડે ડ) મનીષા બત્રા

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં હૃદયનો પર્યાય દર્શાવતો શબ્દ સંતાયો છે એ શોધી કાઢો જોઉં.

કેટલાક લોકોના ઉરમાં ઉમંગ જન્મતા જ નથી.

## માઈન્ડ ગેમ

બત્રીસ પૂતળીઓની વેદના સહિત અનેક યાદગાર નવલકથા આપનારાં માનવંતા ગુજરાતી લેખિકાનું નામ જણાવો.

અ) ધીરુ બહેન પટેલ બ) કુન્દનિકા કાપડિયા ક) ઈલા આરબ મહેતા ડ) રક્ષા દેસાઈ

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૪ | ૨ | | ૩ | ૬ | | ૯ |
| ૩ | ૬ | | | | | | ૮ | ૪ |
| | | | ૫ | | ૬ | | | |
| ૨ | ૭ | | | | | | ૬ | ૫ |
| ૯ | | | | | | | | ૭ |
| ૫ | ૪ | | | | | | ૧ | ૨ |
| | | | ૪ | | ૭ | | | |
| ૬ | ૧ | | | | | | ૪ | ૮ |
| ૪ | | ૫ | ૬ | | ૮ | ૭ | | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૮ | ૩ | ૫ | ૯ | ૪ | ૬ | ૨ | ૧ |
| ૪ | ૧ | ૨ | ૬ | ૭ | ૮ | ૫ | ૯ | ૩ |
| ૯ | ૬ | ૫ | ૧ | ૨ | ૩ | ૪ | ૭ | ૮ |
| ૨ | ૩ | ૯ | ૭ | ૧ | ૫ | ૮ | ૬ | ૪ |
| ૧ | ૪ | ૭ | ૨ | ૮ | ૬ | ૩ | ૫ | ૯ |
| ૮ | ૫ | ૬ | ૩ | ૪ | ૯ | ૨ | ૧ | ૭ |
| ૩ | ૨ | ૪ | ૯ | ૫ | ૧ | ૭ | ૮ | ૬ |
| ૫ | ૯ | ૮ | ૪ | ૬ | ૭ | ૧ | ૩ | ૨ |
| ૬ | ૭ | ૧ | ૮ | ૩ | ૨ | ૯ | ૪ | ૫ |

## ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| दार | દરવાજો |
| खिडकी | બારી |
| फळी | અભરાઈ |
| कुलूप | તાળું |
| किल्ली | ચાવી |

**ગુજરાત મોરી મોરી રેઃ**
બહેન

**ઓળખાણ પડી?**
હાઈ જમ્પ

**માઈન્ડ ગેમ :**
અવનિ દોશી

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
દર

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ભારતી બુચ (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભામિની સંપટ (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) પ્રતિમા પમાણી (૯) વિપીન શાહ (૧૦) ભરત કજરિયા (૧૧) હર્ષા મહેતા (૧૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૩) મીનળ કાપડિયા (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) મહેશ સંઘવી (૧૬) નૂતન વિપીન શાહ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) ભાવના કર્વે (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) જયવંત પદમશી ચિખલ (૨૪) કમલ માતલિયા (૨૫) ખુશરૂ કાપડિયા (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) અંજુ ટોલિયા (૨૮) વિણા સંપટ (૨૯) અલકા વાણી (૩૦) ડાયના સંતોકે (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૩) અરવિંદ કામદાર (૩૪) સુભાષ મોમાયા (૩૫) પુષ્પા પટેલ (૩૬) પ્રવીણ વોરા (૩૭) મહેન્દ્ર લોઢાવિયા (૩૮) તાહેર ઔરંગાબાદવાલા (૩૯) શીરીન ઔરંગાબાદવાલા (૪૦) રમેશભાઈ દલાલ (૪૧) ઈનાક્ષીબેન દલાલ (૪૨) હિનાબેન દલાલ (૪૩) જ્યોત્સના ગાંધી (૪૪) નીતા દેસાઈ (૪૫) નિતીન જયંતીલાલ બજરિયા (૪૬) હેમાંગી કે. મારુ (૪૭) કલ્પના આશર (૪૮) નયના ગિરીશ મિસ્ત્રી (૪૯) વિરલભાઈ ઉદય શેઠ (૫૦) મહેશ દોશી




# આજથી ફૂટબૉલનો મહાકુંભ

## સૉકરના રોમાંચ અને રસાકસીના આરંભનો સમય આવી ગયો

**આજે મધરાત બાદ ૧૨.૩૦ વાગ્યાથી**

**મેક્સિકો-સાઉથ આફ્રિકા વચ્ચે**

**વર્લ્ડ કપની પ્રથમ મૅચ**



મેક્સિકો સિટીઃ ફૂટબૉલની સર્વોચ્ચ ટૂર્નામેન્ટ ‘ફિફા વર્લ્ડ કપ’નો આજે આરંભ થઈ રહ્યો છે જેમાં ૪૮ દેશ ભાગ લેશે. પ્રથમ મૅચ યજમાન મેક્સિકો અને સાઉથ આફ્રિકા વચ્ચે (ભારતીય સમય મુજબ મધરાત બાદ ૧૨.૩૦ વાગ્યે) રમાશે. ૧૯મી જુલાઈ સુધી (૩૯ દિવસ સુધી) ચાલનારા સૉકરના આ મહાકુંભમાં આર્જેન્ટિના ડિફેન્ડિંગ ચૅમ્પિયન તરીકે રમશે. ભારતીય સમય મુજબ મોટા ભાગની મૅચો મોડી રાતે રમાવાની છે એ જોતાં ભારતમાં અસંખ્ય સૉકરપ્રેમીઓ ઉજાગરા કરીને પણ મૅચો જોશે એમાં બેમત નથી. ઉલ્લેખનીય છે કે ભારતમાં વર્લ્ડ કપની મૅચો પ્રસારિત કરવા માટે ઝી ચૅનલના માલિકોએ ફિફા સાથે કરાર કર્યા હોવાનો અહેવાલ મળ્યો હતો.

૧૯૬૨માં બ્રાઝિલે બૅક-ટૂ-બૅક વર્લ્ડ કપ ટાઇટલ જીત્યું ત્યાર બાદ કોઈ પણ દેશ સતત બે ટૂર્નામેન્ટમાં ટાઇટલ નથી જીતી શક્યો. જોકે આ વખતે આર્જેન્ટિનાને તક છે, કારણકે તેઓ ૨૦૨૨માં ચૅમ્પિયન બન્યા હતા.

ભારતમાં ક્રિકેટનો સૌથી વધુ ક્રેઝ છે, પરંતુ ફૂટબૉલના ચાહકો પણ કરોડોમાં છે. ખાસ કરીને ચાર વર્ષે ફિફા વર્લ્ડ કપ આવે ત્યારે દેશભરમાં ફૂટબૉલપ્રેમીઓ તેમના મનપસંદ ખેલાડી કે ગમતી ટીમની મૅચ જોવા માટે પ્લાનિંગ કરી રાખતા હોય છે. જેમ ક્રિકેટના વર્લ્ડ કપ કે આઇપીએલ દરમ્યાન બીજી બધી મૅચો અને સિરીઝો ઝાંખી પડી જતી હોય છે એવું ફિફા વર્લ્ડ કપની બાબતમાં પણ બનતું હોય છે. આ વિશ્વ કપ દરમ્યાન અન્ય તમામ રમતોની મૅચો દ્વિતીય કક્ષાની બની જશે. ■

## શું તમે આ જાણો છો?

- અર્લિંગ બ્રૉટ હાલૅન્ડ ફિફા વર્લ્ડ કપ-૨૦૨૬માં તેના દેશ નોર્વેનું પ્રતિનિધિત્વ કરશે. તે ફિફા વર્લ્ડ કપ રમનાર એક જ પરિવારની બીજી પેઢીનો ખેલાડી બનશે. તેના પિતા અલ્ફ-ઇંગે હાલૅન્ડ ૧૯૯૪માં નોર્વે વતી રમ્યા હતા.
- વિશ્વ કપમાં સૌથી ઝડપે ગોલની હૅટ-ટ્રિક નોંધાવવાનો રેકૉર્ડ હંગેરીના લાસ્જલો કિસના નામે છે. તેણે ૧૯૮૨માં અલ સાલ્વાડોર વિરુદ્ધ સાત મિનિટની અંદર (૬૯થી ૭૬મી મિનિટની અંદર) ત્રણ ગોલ કર્યા હતા.
- મેક્સિકોનો ગિલ્બર્ટો મોરા ફૂટબૉલ વર્લ્ડ કપના ઇતિહાસનો સૌથી યુવા ખેલાડી છે. તેની ઉંમર ૧૭ વર્ષ ૨૪૦ દિવસની છે. સ્કૉટલૅન્ડનો ક્રેગ ગૉર્ડન સૌથી મોટી ઉંમરનો ખેલાડી છે. તેની ઉંમર ૪૩ વર્ષ ૧૬૨ દિવસની છે.
- ૧૯૯૪ના વર્લ્ડ કપમાં જૅક ચાર્લટને ખેલાડીઓ માટે પાણી માટે બ્રેક માગીને ફિફા સાથે પંગો લીધો હતો. ત્યારે અસહ્ય ગરમી હોવા છતાં ખેલાડીઓને પાણી પીવાની છૂટ નહોતી. જોકે ત્રણ દશક બાદ ૨૦૨૬માં નિયમ બદલાઈ ગયો છે.
- મેસી, રોનાલ્ડો અને મેક્સિકોનો ગોલકીપર ગુઇલેર્મો ઑચોઆ એવા માત્ર ત્રણ પ્લેયર છે જેમનો આ છઠ્ઠો ફિફા વર્લ્ડ કપ છે અને એ વિશ્વવિક્રમ છે.
- અમેરિકાની શનિવારની પહેલી જ મૅચમાં બબાલ થવાની હતી, પણ હવે સમસ્યા ઉકેલાઈ ગઈ છે. કેલિફોર્નિયામાં પારાગ્વે સામે અમેરિકાની પ્રથમ મૅચ (ભારતીય સમય મુજબ સવારે ૬.૩૦ વાગ્યાથી) જ્યાં રમાવાની છે એ કેલિફોર્નિયાના સ્ટેડિયમના કર્મચારીઓએ હડતાળ પર ઊતરવાની ધમકી આપી હતી. જોકે વધુ વેતન અને વધુ સુરક્ષાની લેખિતમાં ખાતરી મળતાં તેમણે હડતાળ પાછી ખેંચી લીધી છે. ■

## કયા ગ્રૂપમાં કઈ ટીમ?

ગ્રૂપ-એઃ મેક્સિકો, સાઉથ આફ્રિકા, ચેક રિપબ્લિક, સાઉથ કોરિયા
ગ્રૂપ-બીઃ કૅનેડા, બોસ્નિયા, કતાર, સ્વિટ્ઝરલૅન્ડ
ગ્રૂપ-સીઃ બ્રાઝિલ, મોરોક્કો, હૈતી, સ્કૉટલૅન્ડ
ગ્રૂપ-ડીઃ અમેરિકા, પારાગ્વે, ઑસ્ટ્રેલિયા, તૂર્કી
ગ્રૂપ-ઇઃ જર્મની, ક્યૂરસો, આઇવરી કોસ્ટ, ઇક્વેડોર
ગ્રૂપ-એફઃ નેધરલૅન્ડ્સ, જાપાન, સ્વિડન, ટ્યૂનિશિયા
ગ્રૂપ-જીઃ બેલ્જિયમ, ઇજિપ્ત, ઇરાન, ન્યૂ ઝીલૅન્ડ
ગ્રૂપ-એચઃ સ્પેન, કેપ વર્ડે, સાઉદી અરેબિયા, ઉરુગ્વે
ગ્રૂપ-આઇઃ ફ્રાન્સ, સેનેગલ, ઇરાક, નોર્વે
ગ્રૂપ-જેઃ આર્જેન્ટિના, અલ્જિરિયા, ઑસ્ટ્રિયા, જૉર્ડન
ગ્રૂપ-કેઃ પોર્ટુગલ, કૉન્ગો, ઉઝબેકિસ્તાન, કોલમ્બિયા
ગ્રૂપ-એલઃ ઇંગ્લૅન્ડ, ક્રોએશિયા, ઘાના, પનામા ■

## આ રેકૉર્ડ કદાચ ક્યારેય નહીં તૂટે

### પેલેથી માંડીને મેસી-રોનાલ્ડો સુધીની ખાસ ક્લબમાં સામેલ ખેલાડીઓ

ન્યૂ યૉર્કઃ ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપના ઇતિહાસમાં અમુક ખેલાડીઓએ એવી ઉપલબ્ધિઓ હાંસલ કરી છે જેણે તેમને હંમેશાં માટે ખાસ બનાવી છે. પેલે, લિયોનેલ મેસી, ક્રિસ્ટિયાનો રોનાલ્ડોના વિક્રમો એના સૌથી મોટાં ઉદાહરણો છે.


ફિફા વર્લ્ડ કપ માત્ર ૯૦ મિનિટની મૅચો અને ટ્રૉફી જીતવાની સ્ટોરી નથી. ફૂટબૉલની આ સર્વોચ્ચ ટૂર્નામેન્ટ એવા ખેલાડીઓના નામ પણ સુવર્ણ અક્ષરે લખાવે છે જેમણે મેદાન પર એવા વિક્રમો બનાવ્યા છે જે તોડવા વર્તમાન પેઢીના કે આવનારી પેઢીના ખેલાડીઓ માટે જરાય આસાન નહીં હોય. બ્રાઝિલના પેલે ત્રણ વખત ફિફા વર્લ્ડ કપ જીતનારા એકમાત્ર ખેલાડી છે. દાયકાઓ થઈ ગયા છતાં તેમની બરાબરી ભલભલો ફૂટબોલર નથી કરી શક્યો. પેલે ૧૯૫૮, ૧૯૬૨ અને ૧૯૭૦માં વર્લ્ડ કપ જીત્યા હતા. માત્ર ૧૭ વર્ષની ઉંમરે પેલેએ ૧૯૫૮માં બ્રાઝિલની ટીમ સાથે પહેલી વખત વર્લ્ડ કપની જીત માણી હતી.

આર્જેન્ટિનાનો લિયોનેલ મેસી ફિફા વર્લ્ડ કપમાં બે વખત ગોલ્ડન બૉલ અવૉર્ડ જીતી ચૂક્યો છે. તે આ સિદ્ધિ મેળવનાર એકમાત્ર ખેલાડી છે. તેણે પહેલી વખત ૨૦૧૪માં અને ત્યાર બાદ ૨૦૨૨માં આર્જેન્ટિનાને ટ્રૉફી અપાવવાની સાથે આ સિદ્ધિ મેળવી હતી. ૨૦૨૨માં તેને ટૂર્નામેન્ટના સર્વશ્રેષ્ઠ ખેલાડીનો અવૉર્ડ પણ અપાયો હતો.

પોર્ટુગલનો ક્રિસ્ટિયાનો રોનાલ્ડો પાંચ વર્લ્ડ કપમાં ગોલ કરનારો એકમાત્ર ખેલાડી છે. તેણે ૨૦૦૬, ૨૦૧૦, ૨૦૧૪, ૨૦૧૮ અને ૨૦૨૨માં એક કે એક કરતાં વધુ ગોલ કર્યા હતા. ■

## વર્લ્ડ કપમાં ફરજ બજાવ્યા વગર રેફરી પાછા આવ્યા

### સોમાલિયામાં શાનદાર સ્વાગત થયું!



મોગાદિશુ (સોમાલિયા)ઃ આફ્રિકાના સોમાલિયા દેશના ફૂટબૉલ રેફરી ઓમર આર્ટન ફિફા વર્લ્ડ કપમાં ફરજ બજાવવા માટે અમેરિકા ગયા હતા, પણ તેમને અમેરિકામાં પ્રવેશ ન મળ્યો અને તેઓ બુધવારે પાછા આવ્યા ત્યારે પાટનગર મોગાદિશુમાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ફૂટબૉલપ્રેમીઓ અને અધિકારીઓએ તેમનું ઍરપોર્ટ પર સ્વાગત કર્યું હતું.

ફિફાએ રેફરીઓની અંતિમ યાદીમાં ઓમર આર્ટનનું નામ લખ્યું હતું અને તેઓ વર્લ્ડ કપમાં રેફરી તરીકેની ફરજ બજાવનાર સોમાલિયાના પ્રથમ રેફરી બનવાના હતા, પણ માયામી ઍરપોર્ટ પર શનિવારે તેમને રોકવામાં આવ્યા હતા.

સોમાલિયાના રેફરીને અમુક પ્રકારની તપાસના મુદ્દે અમેરિકામાં પ્રવેશ નહોતો મળ્યો. પછીથી ફિફાએ રેફરીઓના લિસ્ટમાંથી તેમનું નામ કાઢી નાખ્યું હતું.

સોમાલિયાના રેફરી ઓમર આફ્રિકા ખંડના દેશોના ટોચના રેફરીઓમાં ગણાય છે. અમેરિકાના કસ્ટમ્સ ઍન્ડ બૉર્ડર પ્રૉટેક્શન વિભાગના અધિકારીઓના મતે ઓમર આર્ટનના સંબંધો આતંકવાદી જૂથોના અમુક મેમ્બર્સ સાથે હોવાની શંકા છે એટલે તેમને અમેરિકામાં પ્રવેશ નહોતો અપાયો. જોકે ઓમરે પાછા આવ્યા બાદ ચાહકોને કહ્યું, ‘મારું તમને વચન છે...ઈશ્વરનું નામ લઈને કહું છું કે આવતા વર્લ્ડ કપમાં હું તમને રેફરી તરીકે જરૂર જોવા મળીશ.’ ■

## વર્લ્ડ કપ જીતવા માટે કોણ છે ફેવરિટ?

ન્યૂ જર્સીઃ ૨૦૨૬નો ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપ ૯૬ વર્ષના ઇતિહાસનો સૌથી મોટો વિશ્વ કપ છે અને ૪૮માંથી કયા દેશોની ટીમ ૧૯મી જુલાઈની ફાઇનલમાં ટ્રૉફી જીતવા માટે ફેવરિટ છે એ અત્યારે ફૂટબૉલપ્રેમીઓમાં સૌથી મોટી ચર્ચાનો વિષય છે. ૨૦૨૪નું યુરોપિયન ચૅમ્પિયન સ્પેન? બે વખત વિજેતા બની ચૂકેલું ફ્રાન્સ? કે પછી લિયોનેલ મેસીનું ડિફેન્ડિંગ ચૅમ્પિયન આર્જેન્ટિના?

### રોનાલ્ડોનું પોર્ટુગલ, નેમારનું બ્રાઝિલ પણ દાવેદાર

ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનું પોર્ટુગલ, નેમારનું બ્રાઝિલ અને હૅરી કેનનું ઇંગ્લૅન્ડ પણ ફેવરિટ દેશોમાં ગણી શકાય. આ ઉપરાંત જર્મની, નેધરલૅન્ડ્સ, બેલ્જિયમ, નોર્વે અને કોલમ્બિયા તેમ જ ઉરુગ્વેનાં નામ પણ ચર્ચામાં છે. આ વર્લ્ડ કપ અમેરિકા તેમ જ કૅનેડા અને મેક્સિકોમાં સંયુક્ત રીતે રમાશે અને ફેવરિટ દેશોમાં અમેરિકાનું નામ પણ લેવામાં આવી રહ્યું છે.

સ્પેન ૨૦૧૦માં પહેલી વખત ફિફા વર્લ્ડ કપનું ટાઇટલ જીત્યું હતું. એનો ૧૮ વર્ષીય ખેલાડી લેમિન યમાલ બે વર્ષથી ફૂટબૉલ જગતમાં ધમાલ મચાવી રહ્યો છે. જોકે સ્પેન પાસે નિકો વિલિયમ્સ અને રૉડ્રિ પણ છે.

વર્લ્ડ કપની મોસ્ટ-લૉડેડ ટીમોની વાત થાય ત્યારે ફ્રાન્સનું નામ અચૂક લેવામાં આવે છે. બૅક-ટુ-બૅક ફાઇનલ રમી ચૂકેલા ૨૦૧૮ના આ ચૅમ્પિયન દેશ પાસે કીલિયના ઍમ્બપ્પે છે જે આઠ વર્ષ પહેલાંના ચૅમ્પિયનપદ વખતે ટીનેજર હતો અને ૨૦૨૨માં તેણે લિયોનેલ મેસીને ફાઇનલમાં જબરદસ્ત લડત આપી હતી.

૨૦૨૨માં લિયોનેલ મેસી જો આર્જેન્ટિનાને ટાઇટલ અપાવી શકે તો આ વખતે ૪૧ વર્ષીય ક્રિસ્ટિયાનો રોનાલ્ડો કેમ પોર્ટુગલને વિજેતાપદ ન અપાવી શકે? ઐતિહાસિક છઠ્ઠો વર્લ્ડ કપ રમનાર રોનાલ્ડોની શાનદાર કરીઅરમાં આ એક મોટી ટ્રૉફી ખૂટે છે.

૨૦૨૨ની ફાઇનલમાં પેનલ્ટી કિકથી ફ્રાન્સને હરાવીને ટ્રૉફી જીતનાર આર્જેન્ટિનાને લિયોનેલ મેસી (જો પૂર્ણપણે ફિટ હશે તો) આ વખતે પણ ટાઇટલ અપાવી શકે એમ છે. બીજી તરફ, બ્રાઝિલ પણ ટ્રૉફી માટે દાવેદાર છે. ૨૦ વર્ષથી બ્રાઝિલના નામે ટાઇટલ નથી જોવા મળ્યું. એક સમય હતો જ્યારે બ્રાઝિલનો રોનાલ્ડો લુઇસ નૅઝારિયો દ લિમા ફૂટબૉલ-કિંગ હતો. દાયકાઓ પહેલાં પેલેએ ફૂટબૉલ જગત પર રાજ કર્યું હતું, પણ ત્યાર પછી રોનાલ્ડો લુઇસ નૅઝારિયો ઉપરાંત રોનાલ્ડિન્યો અને રોબર્ટ કાર્લોસ, કૅફુ, કાકા, ડુન્ગા અને રોબિન્યોએ પણ બ્રાઝિલનું નામ રોશન કર્યું હતું. હંમેશની માફક આ વખતે પણ બ્રાઝિલ કોઈ પણ હરીફ માટે પડકારરૂપ છે. જોકે નેમારની ફિટનેસ પર પણ ઘણો આધાર રહેશે.

### કયા દેશ પાસે સૌથી વધુ ટ્રૉફી?

બ્રાઝિલ સૌથી વધુ પાંચ વખત ફિફા વર્લ્ડ કપ જીતી ચૂક્યું છે. બીજા નંબરે ચાર-ચાર ટ્રૉફી સાથે ઇટલી અને જર્મની છે. જોકે ઇટલી આ વખતના વર્લ્ડ કપમાં પણ ક્વૉલિફાય નથી થઈ શક્યું.

### કોની સૌથી વધુ ફાઇનલ પણ ટ્રૉફી એકેય નહીં?

નેધરલૅન્ડ્સ એકમાત્ર દેશ છે જેની ટીમ સૌથી વધુ ત્રણ વખત (૧૯૭૪, ૧૯૭૮, ૨૦૧૦) ફાઇનલમાં પહોંચી છે, પરંતુ ક્યારેય ટાઇટલ નથી જીતી શકી. ૧૯૭૪માં નેધરલૅન્ડ્સનો ફાઇનલમાં યજમાન પશ્ચિમ જર્મની સામે ૧-૨થી, ૧૯૭૮માં યજમાન આર્જેન્ટિના સામે ૧-૩થી અને ૨૦૧૦માં સ્પેન સામે ૦-૧થી પરાજય થયો હતો. ■

## ભારતમાં ક્યારે જોવા મળશે મૅચ, ગ્રૂપથી લઈને ટાઈમિંગ સુધીની તમામ માહિતી જાણો

ન્યૂ યૉર્કઃ આ વર્ષે ફૂટબૉલની દુનિયાની સૌથી મોટી આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટ ‘ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬’ શરૂ થવા જઈ રહી છે. આ વખતે ફૂટબૉલ વર્લ્ડ કપમાં ૪૮ ટીમ ભાગ લઈ રહી છે. આ ટૂર્નામેન્ટની યજમાની અમેરિકા, કૅનેડા અને મેક્સિકો એમ ત્રણ દેશ ભેગા મળીને કરી રહ્યા છે. આજે (ભારતીય સમય મુજબ આજે મધરાત બાદ ૧૨.૩૦ વાગ્યે) આ ટૂર્નામેન્ટ શરૂ થઈ રહી છે. ફૂટબૉલ ટૂર્નામેન્ટના ઈતિહાસમાં પહેલી વાર એવું બનશે કે ૪૮ ટીમ મેદાનમાં ઊતરશે. ટૂર્નામેન્ટની મૅચ ૧૬ જુદાં જુદાં શહેરોમાં રમાશે. સમગ્ર ટૂર્નામેન્ટમાં કુલ ૧૦૪ મૅચ રમાશે. આ વખતે ટૂર્નામેન્ટનું ફૉર્મેટ મોટું હોવાને કારણે લોકોને વધુ મૅચ જોવા મળશે.

ભારતીય સમય અનુસાર ફૂટબૉલ વર્લ્ડ કપની મોટા ભાગની મૅચો રાતના ૧૨.૩૦ વાગ્યે, રાત્રે ૩.૩૦ વાગ્યે અને વહેલી સવારે ૬.૩૦ વાગ્યે શરૂ થશે. કેટલીક મૅચ સવારે ૭.૩૦ વાગ્યે શરૂ થશે. ભારતીય ફૂટબૉલની ટીમ આ ટૂર્નામેન્ટ માટે ક્વોલિફાઈ થઈ શકી નથી.

દરેક ગ્રૂપમાં ચાર ટીમ છે અને ગ્રૂપ સ્ટેજમાં પ્રત્યેક ટીમ ત્રણ મૅચ રમશે. ૪૮ ટીમને ચાર-ચારના ૧૨ ગ્રૂપમાં વર્ગીકૃત કરવામાં આવી છે. આ પછી દરેક ગ્રૂપમાંથી ટોચમાં રહેનારી બે ટીમ સીધી નૉકઆઉટ રાઉન્ડમાં રહેશે. આ સિવાય ત્રીજા સ્થાને રહેનારી આઠ ટીમને મૅચ થકી આગળ વધવાનો ચાન્સ મળી રહેશે. આ વખતે નૉકઆઉટ રાઉન્ડમાં કુલ ૩૨ ટીમને રમવાનો ચાન્સ મળી રહેશે. ‘રાઉન્ડ ઑફ ૩૨’થી એક નવી શરૂઆત થતાં ફાઈનલમાં પહોંચનારી ટીમ જે પહેલા સાત મૅચ રમતી એના બદલે આઠ મૅચ રમશે. ■

### પહેલા બે દિવસ કોની મૅચ?

**આજેઃ મેક્સિકો વિ. સાઉથ આફ્રિકા**
(મધરાત બાદ ૧૨.૩૦)
**સાઉથ કોરિયા વિ. ચેક રિપબ્લિક**
(શુક્રવારે સવારે ૭.૩૦)

**આવતી કાલેઃ કૅનેડા વિ. બોસ્નિયા**
(મધરાત બાદ ૧૨.૩૦)
**અમેરિકા વિ. પારાગ્વે**
(શનિવારે સવારે ૬.૩૦)

(નોંધઃ પ્રસારણના તમામ ટાઇમિંગ ભારતીય સમય અનુસાર છે) ■

## ખેલાડીઓને મળશે ડિજિટલ સુરક્ષા, ઑનલાઇન અપશબ્દો પર લાગશે લગામ

ન્યૂ યૉર્કઃ સામાન્ય રીતે ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપ જેવી મોટી ટૂર્નામેન્ટ દરમ્યાન ખેલાડીઓએ સોશ્યલ મીડિયા પર ટ્રૉલ્સ, ગાળ, અપશબ્દો, અભદ્ર ભાષા, નફરતભરી ટિપ્પણી (હેટ કમેન્ટ) તેમ જ ધમકીનો સામનો કરવો પડતો હોય છે, પરંતુ આ વખતના વર્લ્ડ કપમાં ખેલાડીઓને આવી ઑનલાઇન સમસ્યાઓ સામે સુરક્ષા મળવાની છે.

કોઈ ખેલાડીનો કે ટીમનો પર્ફોર્મન્સ સારો હોય કે ખરાબ, તેઓ દુર્વ્યવહારનો શિકાર થઈ જતા હોય છે. આ જ સમસ્યાથી તેમને બચાવવા માટે ફૂટબૉલ જગતની સર્વોચ્ચ સંસ્થા અને વર્લ્ડ કપની આયોજક ફેડરેશન ઇન્ટરનૅશનલ દ ફૂટબૉલ અસોસિયેશન (ફિફા)એ પોતાની આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (એઆઇ) આધારિત સિક્યૉરિટી સિસ્ટમને મજબૂત કરવાનો ફેંસલો કર્યો છે.

ફિફા વર્લ્ડ કપ ૧૧મી જૂનથી ૧૯મી જુલાઈ સુધી ચાલશે અને આ સમયગાળા દરમ્યાન આ સુરક્ષા કવચથી ખેલાડીઓને સુરક્ષિત કરવામાં આવશે. બીજી રીતે કહીએ તો તેમણે સોશ્યલ મીડિયાના પ્લૅટફૉર્મ્સ પર ટ્રૉલિંગ કે અપશબ્દોનો સામનો ન કરવો પડે એની તકેદારી રાખવામાં આવશે. નવી વ્યવસ્થા મુજબ વારંવાર વિવાદાસ્પદ વિગતો પોસ્ટ કરનારા અકાઉન્ટ્સ પર પણ નજર રાખવામાં આવશે.

સિસ્ટમ વિશે જાણી લઈએ તો ફિફાની નવી ટેક્નિક ખેલાડીઓ અને ટીમોના સોશ્યલ મીડિયા અકાઉન્ટ પર આવનારી અપમાનજનક, દુર્વ્યવહાર સમાન અને ટિપ્પણીઓને ઓળખી કાઢીને એને અકાઉન્ટ સુધી પહોંચતાં પહેલાં જ છુપાવી દેશે કે જેથી ખેલાડીઓને મીડિયા પર કોઈ ખલેલ ન પહોંચે. ઘણાને મનમાં સવાલ થતો હશે કે આ એઆઇ અપડેટ કેવી રીતે કામ કરશે? આનો જવાબ બહુ સરળ છે.

સૌથી પહેલાં તો ખેલાડીઓ અને ટીમોના સોશ્યલ મીડિયા અકાઉન્ટને આ સિસ્ટમ સાથે જોડવામાં આવશે કે જેથી એઆઇ દરેક આવનારી ટિપ્પણીઓ, પોસ્ટ અને મૅસેજિસ પર નજર રાખી શકે. ઉદાહરણ તરીકે, જો કોઈ પોસ્ટ કે મૅસેજની નીચે અપશબ્દો, ધમકી કે અન્ય અપમાનજનક કે ખલેલ પહોંચાડનારી ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હશે તો સિસ્ટમ એને તરત જ પારખીને એને છુપાવી દેશે (ખેલાડી કે ટીમના અકાઉન્ટ સુધી પહોંચવા જ નહીં દે). ■

## ક્રિકેટના મેદાન પરથી...

### આવતી કાલથી મહિલાઓનો ટી-૨૦ વર્લ્ડ કપ

બર્મિંગમઃ આવતી કાલે મહિલાઓનો ટી-૨૦ વર્લ્ડ કપ શરૂ થશે જેમાં પ્રથમ મૅચ યજમાન ઇંગ્લૅન્ડ અને શ્રીલંકા વચ્ચે (ભારતીય સમય મુજબ રાત્રે ૧૧.૦૦ વાગ્યાથી) રમાશે. ભારતની પ્રથમ મૅચ રવિવારે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) પાકિસ્તાન સામે રમાશે. આ ટૂર્નામેન્ટમાં કુલ ૧૨ દેશની ટીમ ભાગ લઈ રહી છે. ફાઇનલ રવિવાર, પાંચમી જુલાઈએ લૉર્ડ્સમાં રમાશે.

વર્લ્ડકપ ઈંગ્લેન્ડમાં રમાશે. ભારતીય મહિલા ટીમ આઠ મહિનામાં પોતાનું બીજું આઈસીસી ટાઈટલ જીતવા માટે આતુર છે, પરંતુ ટીમ ઈન્ડિયા માટે ઓપનિંગ બેટ્સમેનો અને બોલરોનું ફોર્મ ચિંતાજનક છે. ટીમ ઈન્ડિયાને બોલિંગ, બેટિંગ અને ફિલ્ડિંગમાં ખામીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ■

### ગિલને બૉલ-બૉય પગે લાગ્યો!



ન્યૂ ચંડીગઢઃ સચિન તેન્ડુલકર, મહેન્દ્રસિંહ ધોની અને વિરાટ કોહલી જેવા ક્રિકેટ-લેજન્ડને તેમનો કોઈ ડાઇ-હાર્ડ ચાહક પગે લાગે તો નવાઈ ન લાગે, પરંતુ શુભમન ગિલને કોઈ પગે લાગે તો એ જરૂર આશ્ચર્યની વાત કહેવાય. બન્યું એવું કે તાજેતરમાં ન્યૂ ચંડીગઢમાં મુલ્લાંપુરના મેદાન પર ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે જે એકમાત્ર ટેસ્ટ મૅચ રમાઈ ત્યારે એક તબક્કે કૅપ્ટન શુભમન ગિલ મેદાનની બહાર આવી રહ્યો હતો ત્યારે બાઉન્ડરી લાઇન પાસે ઊભેલો એક બૉલ-બૉય તેને પગે લાગ્યો હતો.

શુભમન ગિલ (૧૨૬ રન, ૧૭૭ બૉલ, ૨૩૬ મિનિટ, એક સિક્સર, પંદર ફોર) સેન્ચુરી પૂરી કર્યા પછી પૅવિલિયનમાં પાછો આવી રહ્યો હતો ત્યારે તેને પગે લાગ્યો હતો. ગિલને એ ગમ્યું નહોતું અને તેણે તેને સન્માનપૂર્વક પોતાનાથી દૂર રાખવાનો પ્રયત્ન કર્યો હતો. જોકે બૉલ-બૉયના ચહેરા પર તેણે ગિલના આશીર્વાદ મેળવ્યા હોય એવો આનંદ હતો. ■

### માનવ સુથારનો વૉરવિકશાર કાઉન્ટી ટીમ સાથે કરાર

લંડનઃ અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટમાં કુલ સાત વિકેટ લઈને રેકૉર્ડ-બુકમાં આવી ગયેલા નવોદિત યુવાન લેફ્ટ-આર્મ ફિંગર સ્પિનિંગ ઑલરાઉન્ડર માનવ સુથારે ઇંગ્લૅન્ડની કાઉન્ટીમાં રમવા વૉરવિકશાર કાઉન્ટી ક્લબ સાથે ટૂંકા ગાળાનો કરાર કર્યો છે. તે કાઉન્ટી ચૅમ્પિયનશિપના બે રાઉન્ડ રમશે. ■

### લોકો મને હૉકી પ્લેયર માનતાઃ મિતાલી



દિલ્હીમાં ગઈ કાલે એક ઈવેન્ટમાં ભૂતપૂર્વ ક્રિકેટર મિતાલી રાજ. તેણે પ્રેક્ષકોને કહ્યું, ‘વર્ષો પહેલાં હું મોટી ક્રિકેટ કિટ સાથે ટ્રેનમાં જતી ત્યારે ઘણાને લાગતું હું હૉકી પ્લેયર છું. બહુ ઓછા લોકો જાણતા કે ભારતમાં છોકરીઓ પણ ક્રિકેટ રમે છે.’

### હાર્દિકને હવે પગમાં દુખાવો

બેંગ્લૂરુઃ શનિવાર ૧૩મી જૂને ધરમશાલામાં અફઘાનિસ્તાન સામે શરૂ થઈ રહેલી ત્રણ મૅચની વન-ડે સિરીઝમાં રમવા માટે હાર્દિક પંડ્યા ફિટ છે એવી જાહેરાત થયાને માંડ ૨૪ કલાક પણ નથી થયા ત્યાં ન્યૂઝ મળ્યા છે કે તે આ સિરીઝમાં નહીં રમી શકે. હાર્દિકને પીઠમાં દુખાવો હતો, પરંતુ તે આ શ્રેણીમાં રમવા માટે ફિટ છે એવું સર્ટિફિકેટ તેને બેંગ્લૂરુની સેન્ટર ઓફ એક્સેલન્સની મેડિકલ ટીમ આપવાની તૈયારીમાં જ હતું ત્યાં ખબર પડી કે હાર્દિકને પગ અસહ્ય દુખે છે. ■

# મુખ્ય પ્રધાન-મેયરની ઓફિસ, આરએસએસ મુખ્યાલય, બીએસઈમાં બૉમ્બધડાકાની ધમકી

## ઑપરેશન બ્લુસ્ટારને ટેકો આપ્યો એટલે ભાજપ, આરએસએસનો અંત લાવવા સાથે ‘બદલો’ લેવાનો ઈમેઈલમાં કરાયો દાવો

મુંબઈ: નાગપુરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)નું મુખ્યાલય, મુંબઈમાં મુખ્ય પ્રધાન કાર્યાલય અને મુંબઈ તથા પુણેમાં મેયરની ઑફિસ, બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઇ) બિલ્ડિંગ સહિત અન્ય સ્થળોએ બોમ્બધડાકાની ધમકી આપતા ઇમેઇલ મળતાં ખળભળાચ મચી ગયો હતો. અમુક ઇમેઇલમાં ખાલિસ્તાનનો ઉલ્લેખ કરાયો હતો અને ઑપરેશન બ્લુસ્ટાર તથા વૂડરોઝને ટેકો આપ્યો હોવાથી ભાજપ તેમ જ આરએસએસનો અંત લાવવા સાથે ‘બદલો’ લેવાનો દાવો કરવામાં આવ્યો હતો. ધમકીભર્યા ઇમેઇલ મળ્યા બાદ પોલીસ દ્વારા અમુક સ્થળો ખાલી કરાવવામાં આવ્યાં બાદ સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. જોકે તપાસને અંતે બોમ્બની ધમકી અફવા નીકળતાં પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો.

નાગપુરના રેશિમબાગમાં મહાલ વિસ્તારમાં આરએસએસના મુખ્યાલયમાં વિસ્ફોટક પ્લાન્ટ કરાયા છે, એવો દાવો કરતો ઇમેઇલ નાગપુરનાં મેયર નીતા ઠાકરેને પ્રાપ્ત થયો હતો. આની જાણ થયા બાદ પોલીસ અધિકારીઓ તથા બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ (બીડીડીએસ)ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને તપાસ કરવામાં આવી હતી. જોકે ત્યાં કોઇ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી. જોકે સુરક્ષા વધારી દેવામાં આવી હતી અને સાવચેતીનાં પગલાં તરીકે સંવેદનશીલ વિસ્તારોનું નિરીક્ષણ કરાયું હતું.

એ જ પ્રમાણે મુંબઈ મહાનગરપાલિકાને પણ બુધવારે ઇમેઇલ પ્રાપ્ત થયો હતો, જેમાં મુખ્ય પ્રધાન અને મેયરની ઓફિસ સહિત અનેક સ્થળે બ્લાસ્ટની ચેતવણી આપવામાં આવી હતી. પાલિકાના ઘણા સત્તાવાર ઇમેઇલ આઇડી પર ઇમેઇલ મોકલવામાં આવ્યા હતા, જેને પગલે સુરક્ષા એજન્સી દ્વારા તપાસ કરવામાં આવી હતી. રાજ્ય

(જુઓ પાનું ૪) ▸▸

# મહારાષ્ટ્રમાં ટાવર્સ અને ઝૂંપડપટ્ટીઓ માટે અલગ-અલગ રેડી રેકનરના દર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ બુધવારે એવી માહિતી આપી હતી કે મિલકતના મૂલ્યાંકનને વધુ વાસ્તવિક અને ન્યાયી બનાવવાના હેતુથી રાજ્યવ્યાપી માઇક્રો-ઝોનિંગની કવાયત બાદ મહારાષ્ટ્ર એક જ વિસ્તારમાં આવેલી ઊંચી ઇમારતો અને ઝૂંપડપટ્ટી ક્લસ્ટરો માટે અલગ-અલગ રેડી રેકનર (આરઆર) દર રજૂ કરશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યકાળના ૧૨ વર્ષ પૂર્ણ થવા પર જાહેર કરાયેલ આ પગલાથી મધ્યમ વર્ગના ઘર ખરીદનારાઓ અને ઝૂંપડપટ્ટીવાસીઓને રાહત મળવાની અપેક્ષા છે, જેઓ હાલમાં માળખાકીય સુવિધાઓ અને લક્ઝરી સગવડોમાં તીવ્ર તફાવત હોવા છતાં સમાન મૂલ્યાંકન દર ધરાવી રહ્યા છે, એમ તેમણે જણાવ્યું હતું.

બાવનકુળેએ જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર સરકારે માઇક્રો-ઝોનિંગ માટે ત્રણ તબક્કાનો સર્વેક્ષણ કાર્યક્રમ શરૂ કર્યો છે અને મુંબઈમાં આ કવાયત હાથ ધરવા માટે મહારાષ્ટ્ર રિમોટ સેન્સિંગ એપ્લિકેશન સેન્ટરની નિમણૂક કરી છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના સૂચનને પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે, એમ તેમણે જણાવ્યું હતું.

‘હાલમાં, એક જ વિસ્તારમાં આવેલી ઝૂંપડપટ્ટીઓ, ચાલીઓ અને પ્રીમિયમ રહેણાંક સંકુલોને ઘણીવાર સમાન રેડી રેકનર દર લગાવવામાં આવે છે. નવી સિસ્ટમ હેઠળ, દરો વ્યક્તિગત માઇક્રો-ઝોનની વાસ્તવિક સુવિધાઓ અને વિકાસ લાક્ષણિકતાઓના આધારે નક્કી કરવામાં આવશે,’ એમ તેમણે કહ્યું હતું.

મહારાષ્ટ્રમાં, રેડી રેકનર દર એ રાજ્ય સરકાર દ્વારા વિવિધ વિસ્તારો અને મિલકતોના પ્રકારો માટે નક્કી કરાયેલ લઘુત્તમ મિલકત મૂલ્યો છે. તેનો ઉપયોગ મુખ્યત્વે મિલકતના વ્યવહારો દરમિયાન સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન ફીની ગણતરી કરવા માટે થાય છે.

મહેસૂલ વિભાગ સર્વે પૂર્ણ થયા પછી આગામી નાણાકીય વર્ષથી સુધારેલા રેડી રેકનર માળખાને લાગુ કરવાની યોજના ધરાવે છે. ત્યારબાદ

(જુઓ પાનું ૪) ▸▸

# ઓરેન્જ ગેટથી મરીન ડ્રાઇવ સુધી ટ્વિન ટનલ કામની શરૂઆત

## ગિરગામ ચોપાટી પાસે ટેક્નિકલ બિલ્ડિંગ બનશે



ઓરેન્જ ગેટથી મરીન ડ્રાઈવ સુધી ટ્વિન ટનલ કામનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. (અમય ખરાડે)

મુંબઈ: મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા ઓરેન્જ ગેટથી મરીન ડ્રાઇવ સુધી ટ્વિન-ટનલ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ માટે સ્વરાજ્યભૂમિ (ગિરગામ ચોપાટી) નજીક ‘નાની ચોપાટી’ ખાતે માટે એક ટેકનિકલ બિલ્ડિંગ બનાવવામાં આવશે, જે મુંબઈના પૂર્વ અને દક્ષિણ ભાગોને સીધા જોડશે. આ બિલ્ડિંગ મફતલાલ સ્વિમિંગ પૂલ નજીક બાસ્કેટબોલ કોર્ટના સ્થળે બનાવવામાં આવશે.

ઇસ્ટર્ન ફ્રીવે, અટલ સેતુ, મરીન ડ્રાઇવ અને મુંબઈ કોસ્ટલ રોડને જોડનાર આ આ ભૂગર્ભ કોરિડોર આશરે ૯.૨ થી ૧૦ કિલોમીટર લાંબો છે, જેમાંથી લગભગ સાત કિલોમીટર ભૂગર્ભ છે. ટનલના સંચાલન માટે નાની ચોપાટી ખાતે એક

(જુઓ પાનું ૪) ▸▸

# ‘કૉક્રોચ પાર્ટી’નું આજથી વિવિધ શહેરોમાં આંદોલન, દિલ્હીમાં ૨૦મી જૂને

મુંબઈ: દેશભરમાં હાલમાં ‘કૉક્રોચ જનતા પાર્ટી’ ચર્ચાનો વિષય છે. પાર્ટીએ નીટ પરીક્ષામાં થતી ધાંધલીનો મુદ્દો ઉઠાવ્યો છે. આ મામલે છઠ્ઠી જૂને દિલ્હીના જંતર-મંતર ખાતે સીજેપીના સ્થાપક અભિજીત દીપકેની હાજરીમાં એક વિરોધ પ્રદર્શન યોજાયું હતું. આ વિરોધ પ્રદર્શનને સ્વયંભૂ પ્રતિસાદ મળ્યો હતો. ‘કૉક્રોચ જનતા પાર્ટી’ દ્વારા પુણેમાં પણ વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન, અભિજીત દીપકેએ એક પ્રેસ કોન્ફરન્સ યોજીને એક મોટી જાહેરાત કરી છે. આ જાહેરાતથી કેન્દ્ર સરકાર પર દબાણ વધવાની શક્યતા છે.

અભિજીત દિપકેએ બુધવારે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આ દરમિયાન તેણે જાહેરાત કરી હતી કે ૨૦ જૂને દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. આ સિવાય ૧૧મી જૂનથી પુણેમાં આંદોલન કરવામાં આવશે, જ્યારે ત્યાર બાદ લખનઊ, અમૃતસર, બેંગલુરુ, જયપુર અને હૈદરાબાદ જેવા શહેરોમાં આંદોલન કરાશે. અમે હાલમાં પુણેમાં વિરોધ પ્રદર્શન કરી રહ્યા છીએ, જેમાં પુણે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તેમજ એમપીએસસી અને યુપીએસસી પરીક્ષાઓની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ જોડાયા છે, એમ દિપકેએ ઉમેર્યું હતું કે વિરોધ અંગે ટૂંક સમયમાં વિગતવાર માહિતી આપવામાં આવશે. તેમણે એ પણ ઉલ્લેખ કર્યો કે જ્યારે ‘કૉક્રોચ જનતા પાર્ટી’ અસ્તિત્વમાં આવી, ત્યારે

(જુઓ પાનું ૪) ▸▸

# શિંદેની દિલ્હીમાં બે દિવસ ફિલ્ડિંગ બાદ ‘ઓપરેશન ટાઈગર’ સક્રિય

મુંબઈ: મહારાષ્ટ્રના રાજકીય વર્તુળમાંથી સનસનાટીભર્યા સમાચાર સામે આવી રહ્યા છે. એવા અહેવાલો છે કે દિલ્હીમાં શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) જૂથને વધુ એક મોટો ફટકો આપવા માટે એક વ્યાપક રણનીતિ ઘડવામાં આવી છે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે થોડા દિવસો પહેલા જ દિલ્હીની મુલાકાતે ગયા હતા અને એવી ચર્ચા છે કે તેમની આ મુલાકાતથી કંઈક નવાજુની થવાની શક્યતા છે.

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સાતમી જૂનના રોજ દિલ્હીમાં ઠાકરે જૂથના કેટલાક સાંસદો સાથે ‘અત્યંત ગુપ્ત’ બેઠક યોજી હતી. આ બેઠકના સમાચારથી રાજકીય વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ઠાકરે જૂથના નવમાંથી સાત સાંસદો શિંદેની બેઠકમાં હાજર રહ્યા હતા. આ નવી રાજકીય ઉથલપાથલ ઉદ્ધવ ઠાકરેને મોટો ફટકો પહોંચાડે તેવી શક્યતા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ આગામી કેન્દ્રીય પ્રધાનમંડળના વિસ્તરણની પૃષ્ઠભૂમિ પર શિંદે જૂથ ઠાકરે જૂથને તોડી પાડવાની તૈયારી કરી રહ્યું છે. પક્ષપલટો કરવાની તૈયારી કરી રહેલા સાત સાંસદોમાંથી મરાઠવાડાના એક અગ્રણી સાંસદને સીધા ’મોદી પ્રધાનમંડળ’માં સામેલ કરવામાં આવશે એવી જોરદાર અટકળો ચાલી રહી છે. એકનાથ શિંદેએ બાકીના સાંસદોને પણ દિલ્હીમાં મહત્વનો હોદ્દો આપવાની ખાતરી આપી છે. આ ગુપ્ત બેઠકો શિંદે જૂથના કેન્દ્રીય પ્રધાન પ્રતાપરાવ જાધવના દિલ્હી સ્થિત બંગલા પર યોજાઈ હતી .

‘ઓપરેશન ટાઇગર’ માટે છેલ્લા છ મહિનાથી રણનીતિ પર કામ ચાલી રહ્યું હતું. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને સાંસદ શ્રીકાંત શિંદે આ સમયગાળા દરમિયાન ઠાકરે જૂથના આ સાંસદોના સંપર્કમાં રહ્યા હતા. શ્રીકાંત શિંદે દિલ્હીમાં આ સાંસદોને વ્યક્તિગત રીતે મળ્યા હતા અને તેમને પક્ષપલટા માટે સમજાવ્યા હતા. ■

## કયા સાંસદો ‘નોટ રીચેબલ’ થશે ?

ઠાકરે જૂથના લોકસભામાં કુલ નવ સંસદસભ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર મુંબઈના બે સાંસદોને બાદ કરતાં બાકીના સાત સાંસદો ઉદ્ધવ ઠાકરેથી અલગ થવાની તૈયારીમાં છે. એવું માનવામાં આવે છે કે દિલ્હીમાં આ સાત સાંસદોને મળ્યા બાદ એકનાથ શિંદેએ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથે મુલાકાત કરી અને આ ‘ઓપરેશન’ને અંતિમ સ્વરૂપ આપ્યું હતું. દરમિયાન, આ સંભવિત પ્રધાનમંડળ વિસ્તરણમાં સાંસદ શ્રીકાંત શિંદે સ્થાન મેળવે તેવી પ્રબળ શક્યતાને કારણે શિંદે જૂથમાં ઉત્સાહનું વાતાવરણ છે; તેનાથી વિપરીત, ‘માતોશ્રી’ પર ચિંતાના વાદળો ઘેરાયા છે. આ રાજકીય આગ ક્યારે ભડકે છે તે જોવું રહ્યું. ■

# એલિવેટેડ રોડના કામ માટે થાણેમાં ૨૪ કલાક પાણી પુરવઠો બંધ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે શહેરમાં આનંદનગરથી સાકેત સુધીના એલિવેટેડ રોડના કામને કારણે પાઈપલાઈનને ડાઈવર્ટ કરવાનું કામ થાણે પાલિકા દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. તેથી આ કામ દરમ્યાન પાણીપુરવઠો બંધ રાખવાનું આવશ્યક હોવાથી શુક્રવારથી શનિવાર સુધીના ૨૪ કલાક દરમ્યાન થાણેના અમુક વિસ્તારમાં પાણીપુરવઠો બંધ રહેશે.

થાણે પાલિકાના પાણીપુરવઠા વિભાગના જણાવ્યા મુજબ આનંદનગરથી સાકેત સુધી એલિવેટેડ રોડ બનાવવામાં આવી રહ્યો છે. આ કામ દરમ્યાન ઇન્દિરા નગર જંકશન તરફ જતી ૮૧૩ મિલીમીટર વ્યાસની પાણીની મુખ્ય પાઇપલાઇનને અસર થવાની છે. તેથી એમએમઆરડીએ દ્વારા ૨,૨૦૦ મીટરમાંથી ૮૦૦ મીટરના અંતર સુધી ૯૦૦ મીમી વ્યાસની પાણીની મુખ્ય પાઇપલાઇન નાખવાનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. ૮૦૦ મીટરના અંતર સુધી હાલની ૮૧૩ મિલીમીટર વ્યાસની પાણીની મુખ્ય પાઇપલાઇન બંધ કરવામાં આવી છે અને પાણીની મુખ્ય પાઇપલાઇનના જોડાણના કામ માટે નવી નાખવામાં આવેલી

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈનું દાદર સ્ટેશન પાણી માટે ટેન્કરોના ભરોસે

## રોજની ચાર લાખ લિટરની પાણી જરૂરિયાત સામે પાલિકા કનેક્શન આપતી નથી

મુંબઈ: ગયા અઠવાડિયે કેરલમમાં ચોમાસું બેસી ગયા પછી હજુ પણ મુંબઈમાં મેઘરાજાની વિધિવત્ સવારી પહોંચી નથી, પરંતુ મુંબઈ સહિત અન્ય સબર્બનમાં પણ પાણીની ધીમે ધીમે કટોકટી વકરી રહી છે. વોટર ટેન્કર એસોસિએશન દ્વારા ટેન્કરોની હડતાળ પાછી ખેંચવામાં આવી છે, પરંતુ મુંબઈના સૌથી વ્યસ્ત રેલવે સ્ટેશન પૈકી દાદર સ્ટેશન અલગ જ પ્રકારની સમસ્યાથી પરેશાન છે, ત્યારે બે લાખથી વધુ પ્રવાસીઓની અવરજવરવાળું સ્ટેશન ૪૦થી વધુ ટેન્કરના ભરોસે છે, જ્યારે પાલિકાને અનેક વખત નવા કનેક્શન માટે પત્રવ્યવહાર કરવામાં આવ્યો, પરંતુ તેનો કોઈ ઉકેલ આવ્યો નથી. મુંબઈ વોટર ટેન્કર એસોસિએશન દ્વારા એક દિવસની બહુવિધ

(જુઓ પાનું ૪) ▸▸

## પાલિકા કેમ નથી આપી રહી કનેકશન?

મળતી વિગતો અનુસાર બીએમસી દ્વારા આ નવું કનેક્શન એટલા માટે આપવામાં નથી આવ્યું, કેમ કે પશ્ચિમ રેલવે પ્રશાસન દ્વારા પાલિકાના જૂના બિલની ભરપાઈ કરવામાં આવી નથી, પણ રેલવેના અહેવાલ મુજબ તેમણે મોટા ભાગનું બિલ ચૂકવી દીધું હતું. રેલવે એમ કરવા પણ તૈયાર છે, પરંતુ પાલિકા પાસે અમારો લીવ ચાર્જ, જે દંડ કરતા પણ વધુ છે, જે પરત કરવા જોઈએ, તેથી અમને એ પૈસા મળવા જોઈએ. આ મુદ્દે રેલવે તરફથી કોઈ નક્કર પ્રતિક્રિયા મળી નથી. આ મુદ્દે પાલિકાનું કહેવું છે કે રેલવેનો વોટર ચાર્જીસ બાકી છે, જે ચૂકવ્યો નથી એની સાથે વિસ્તૃત રીતે માગણી પણ કરી નથી. ■

# ઈસ્ટર્ન, વેસ્ટર્ન હાઈવે સહિત રસ્તાના ખાડા પૂરવા પાલિકા ખર્ચશે રૂપિયા ૬૦ કરોડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં કરોડો રૂપિયાના ખર્ચે રસ્તાઓનું સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશન કરવામાં આવી રહ્યું છે, છતાં દર વર્ષની માફક આ વર્ષે પણ ચોમાસા દરમ્યાન રસ્તા પર વરસાદને કારણે થનારા ખાડાઓને પૂરવા માટે પાલિકા કરોડો રૂપિયાનો ખર્ચ કરવાની છે. ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે માટે ૧૯.૧૭ કરોડ, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે માટે ૧૮.૮૮ કરોડ અને એકથી સાત ઝોનના રસ્તા માટે ૨૨.૦૫ કરોડ રૂપિયા રસ્તા પરના ખાડા પૂરવા માટે પાલિકા ખર્ચ કરવાની છે, તેનો લગતો પ્રસ્તાવ સ્થાયી સમિતિમાં મંજૂરી માટે આવવાનો છે.

દર વર્ષે ચોમાસા દરમ્યાન અને ચોમાસા બાદ મુંબઈના રસ્તાઓ પર મોટી સંખ્યામાં

(જુઓ પાનું ૪) ▸▸

# નેરુળની હોસ્ટેલમાં દેવી-દેવતાઓનું અપમાન: ખ્રિસ્તી નર્સ સામે ગુનો

નવી મુંબઈ: ખાનગી હૉસ્પિટલમાં કામ કરતી ખ્રિસ્તી નર્સે હિન્દુ દેવી-દેવતાઓનું અપમાન કર્યું હોવાની ઘટના નવી મુંબઈમાં બનતાં પોલીસે નર્સ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. નેરુળ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના નેરુળની હોસ્ટેલમાં પાંચ અને છ જૂને બની હતી. હોસ્ટેલની રૂમમેટે નોંધાવેલી ફરિયાદને આધારે ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી હતી.

હોસ્ટેલની રૂમમાં રહેતી ફરિયાદીએ નાનું મંદિર પણ રાખ્યું હતું. મંદિરમાં દેવી-દેવતાની મૂર્તિ હતી, જેની તે રોજ નિયમિત રીતે પૂજા કરતી. મે મહિનાના અંતમાં એ જ રૂમમાં રહેવા આવેલી ખ્રિસ્તી નર્સે મંદિર સામે વાંધો ઉઠાવ્યો હતો.

ફરિયાદ અનુસાર પાંચમી જૂને ફરિયાદી રૂમમાં આવી ત્યારે મંદિર તેના સ્થાને નહોતું. જમીન પર એક ખૂણામાં મૂકી દેવામાં આવ્યું હતું અને તેમાંની મૂર્તિઓ પણ જમીન પર પડેલી દેખાઈ હતી. આ અંગે પૂછવામાં આવતાં આરોપી નર્સે ધાર્મિક ભાવના દુખાવનારી વાત કરી હતી. પરિણામે

(જુઓ પાનું ૪) ▸▸

## મોદી દેશના સૌથી લાંબા સમય માટેના ચૂંટાયેલા વડા પ્રધાન

# તે તો રેકોર્ડની વાત, નહેરુ સાથે તેમની કોઈપણ સરખામણી કે સ્પર્ધા નથી: ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના સૌથી લાંબા સમય માટેના ચૂંટાયેલા વડા પ્રધાન તરીકે જવાહરલાલ નહેરુને પાછળ રાખીને નવો વિક્રમ નોંધાવ્યો તે અંગે બોલતાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે કહ્યું હતું કે નવા ભારતના નિર્માણમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું સ્થાન અટલ છે અને તેમણે વડા પ્રધાન જવાહરલાલ નહેરુ સાથે તેમની કોઈપણ સરખામણી કે સ્પર્ધાને નકારી કાઢી હતી.

તેમણે કહ્યું હતું કે દેશના સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા વડા પ્રધાન તરીકે મોદીએ નહેરુને પાછળ રાખી દીધા તે ‘માત્ર રેકોર્ડની વાત’ છે.

મોદી ભારતના સૌથી લાંબા સમય સુધી સતત સેવા આપતા ચૂંટાયેલા વડા પ્રધાન બન્યા, ૪,૩૯૯ દિવસનો અખંડ કાર્યકાળ પૂર્ણ કરીને, ૪,૩૯૮ દિવસ સેવા આપનારા પ્રથમ વડા પ્રધાન નહેરુના રેકોર્ડને પાછળ છોડી દીધો હતો.

આ કોઈ સ્પર્ધા નથી. આ ફક્ત રેકોર્ડની વાત છે. ચૂંટાયેલા વડા પ્રધાનોમાં, નહેરુજીનો રેકોર્ડ ૪,૩૯૮ દિવસનો હતો. મોદીજીએ હવે ૪,૩૯૯ દિવસ પૂર્ણ કર્યા છે અને આગળ પણ ચાલુ રાખશે, એમ ફડણવીસે નવી દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે બધા જાણે છે કે નહેરુજીએ તેમના વડા પ્રધાન તરીકેના કાર્યકાળ દરમિયાન શું કર્યું અને મોદીજીએ શું કર્યું છે. ‘સરખામણી કરવાનો કોઈ ઈરાદો નથી. આવો કોઈ મુદ્દો જ નથી. નવા ભારતના નિર્માણમાં મોદીજીનું સ્થાન અટલ છે. તેથી, હું તેમની કોઈની સાથે સરખામણી કરવા માગતો નથી. કોઈ સરખામણી કરવાનું કોઈ કારણ પણ નથી,’ એમ પણ ફડણવીસે કહ્યું હતું. આ દરમિયાન એનસીપી (એસપી)ના વડા શરદ પવારે બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની જવાહરલાલ નહેરુ સાથે સરખામણી કરવા સામે વાંધો ઉઠાવતાં કહ્યું હતું કે ભારતીયો ભૂતપૂર્વ વડા પ્રધાનના બલિદાન અને રાષ્ટ્ર નિર્માણમાં તેમના યોગદાનને ભૂલી શકે નહીં. ■

# નહેરુ અને મોદી વચ્ચે કોઈ સરખામણી નહીં: શરદ પવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એનસીપી (એસપી)ના વડા શરદ પવારે બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની જવાહરલાલ નહેરુ સાથે સરખામણી કરવા સામે વાંધો ઉઠાવતાં કહ્યું હતું કે ભારતીયો ભૂતપૂર્વ વડા પ્રધાનના બલિદાન અને રાષ્ટ્ર નિર્માણમાં તેમના યોગદાનને ભૂલી શકે નહીં.

તેમની પાર્ટીના ૨૭મા સ્થાપના દિવસ પર બોલતા પવારે એમ પણ કહ્યું હતું કે પીએમ મોદી સૌથી લાંબા સમય સુધી સેવા આપતા વડા પ્રધાન બન્યા છે અને એવું ચિત્ર ઊભું થઈ રહ્યું છે કે તેમના જેવો બીજો કોઈ નેતા નથી.

‘રાષ્ટ્ર નિર્માણ અને સ્વતંત્રતા સંગ્રામમાં નહેરુના યોગદાનને ભૂલી શકાય નહીં અને તેનું સન્માન કરવું જોઈએ,’ એમ પવારે કહ્યું હતું. ‘તેમની તુલના બીજા કોઈ સાથે કરી શકાય નથી. મહાત્મા ગાંધીના નેતૃત્વમાં સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન નહેરુએ ઘણા વર્ષો જેલમાં વિતાવ્યા હતા,’ એમ ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાને જણાવ્યું હતું. પીએમ મોદી સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા વડા પ્રધાન બનવાનો ઉલ્લેખ કરતાં પવારે જણાવ્યું હતું કે, ‘તે સારું છે.

(જુઓ પાનું ૪) ▸▸

## મમતા મરી પરવારી..

# ગર્ભપાત કરવા ન મળતાં પુત્રને જન્મ આપ્યાના પાંચમા દિવસે તેની હત્યા કરી

મુંબઈ: નવી મુંબઈમાં બનેલી ચોંકાવનારી ઘટનામાં માતાની મમતા મરી પરવારી હોય તેમ પુત્રને જન્મ આપ્યાના પાંચમા દિવસે જ તેનું ગળું દબાવી દીધું હતું. પ્રાથમિક તબીબી અહેવાલને પગલે પોલીસે હત્યાનો ગુનો નોંધી માતાની ધરપકડ કરી હતી. બીજા સંતાનની દેખભાળ માટે સક્ષમ ન હોવાથી આવું પગલું ભર્યું હોવાનો આંચકાજનક દાવો આરોપી માતાએ કર્યો હતો. તુર્ભે પોલીસે ધરપકડ કરેલી આરોપીની ઓળખ અશ્વિની યોગેશ ચંદનશિવે (૨૩) તરીકે થઈ હતી. અશ્વિનીને દોઢ વર્ષની દીકરી છે અને તેને બીજા સંતાનની ઇચ્છા નહોતી. અનિચ્છાએ જન્મ આપવો પડ્યો હોવાથી તેણે આવું ઘાતકી પગલું ભર્યું હતું. તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે અશ્વિની પતિ અને દીકરી સાથે તુર્ભેમાં ખૈરાને એમઆઈડીસી નજીકના શ્રમિક નગરમાં રહેતી હતી. બીજા સંતાનને જન્મ આપવાની તેની ઇચ્છા નહોતી. એટલે ગર્ભવતી હોવાની જાણ થતાં તે ગર્ભપાત સંબંધી સલાહ માટે ડૉક્ટર પાસે ગઈ હતી. જોકે ગર્ભને સાત મહિના કરતાં વધુ

(જુઓ પાનું ૪) ▸▸

# લગ્ન માટે દબાણ કરનારી યુવતીની હત્યા કરી મૃતદેહ સળગાવી દીધો

થાણે: લગ્ન માટે દબાણ કરનારી યુવતીની માથામાં લોખંડનો સળિયો ફટકારી હત્યા કરવામાં આવી હતી. પછી તેના મૃતદેહને પનવેલમાં લઈ જઈ સળગાવી દેનારા ઈંટ સપ્લાયરની પોલીસે ધરપકડ કરી હતી. મૃતદેહ પરથી મળેલા દાગીના પરથી આ કેસ ઉકેલાયો હોવાનો દાવો વરિષ્ઠ પોલીસ અધિકારીએ કર્યો હતો.

ડેપ્યુટી પોલીસ કમિશનર રશ્મી નાંદેડકરે જણાવ્યું હતું કે પનવેલમાં ચિંચવલી-વાકડી ગામની સરહદેથી ૧૧ એપ્રિલે અજાણી યુવતીનો મૃતદેહ મળી આવ્યો હતો. સળગાવી દેવાને કારણે શબ કોહવાવા લાગ્યો હતો, જેને પગલે યુવતીની ઓળખ મેળવવી મુશ્કેલ બન્યું હતું. ઘટનાસ્થળેથી યુવતીની ઓળખ થઈ શકે એવા દસ્તાવેજો અથવા અન્ય કોઈ સગડ મળ્યા નહોતા. પરિણામે સીઆઈડીની મદદથી દેશભરમાં યુવતીએ પહેરેલા દાગીનાનું વર્ણન સર્ક્યુલેટ કરવામાં આવ્યું હતું. એ સિવાય પોલીસ સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ પણ તપાસી રહી હતી, એમ ડીસીપીએ જણાવ્યું હતું. દરમિયાન એક કોન્સ્ટેબલ મિસિંગ વ્યક્તિના ડેટા તપાસતો હતો ત્યારે શિળડાયઘર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એક ફરિયાદ પર તેની નજર પડી હતી. ૩૦ વર્ષની યુવતી ગુમ થયાની ફરિયાદ નોંધાઈ હતી. તે યુવતીએ પહેરેલા દાગીના અને શારીરિક વર્ણન મૃતદેહ સાથે મેળ ખાતા હતા. આખરે મૃતદેહ અનીતાદેવી ભગવાન રાજભરનો હોવાની ખાતરી થઈ હતી, એવું નાંદેડકરે જણાવ્યું હતું. પોલીસે અનીતાદેવીના મોબાઈલના કૉલ ડેટા રેકોર્ડ્સ તપાસતાં તે કરણ નામદેવ પાટીલના સતત સંપર્કમાં હોવાનું જણાયું હતું. શિળફાટા સ્થિત ફડકેપાડાના ઈંટના સપ્લાયર કરણે શરૂઆતમાં પોલીસના સમન્સને અવગણ્યા હતા. પોલીસ સ્ટેશને આવવાનું ટાળતા કરણ પરની શંકા દૃઢ બની હતી. તાબામાં લઈ આકરી પૂછપરછ બાદ કરણે ગુનો કબૂલ્યો હતો.

અનીતાદેવી લગ્ન માટે દબાણ કરતી હોવાથી તેનાથી પીછો છોડાવવા આરોપીએ હત્યાનું કાવતરું ઘડ્યું હતું. નક્કી થયા મુજબ આરોપી ૬ એપ્રિલે લલચાવીને યુવતીને પોતાની કારમાં નિર્જન સ્થળે લઈ ગયો હતો, જ્યાં માથામાં લોખંડનો સળિયો ફટકારી તેની હત્યા કરી હતી. કારમાંથી જ પેટ્રોલ કાઢી મૃતદેહ પર રેડ્યું હતું અને આગ ચાંપી હતી. ■

# સેન્સેક્સ સામુદ્રધુનીની અશાંતિને અવગણી પોઝિટીવ ઝોનમાં ટકી રહ્યો, નિફ્ટી લપસ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ઇરાની અખાતમાં ફરી લશ્કરી અથડામણો શરૂ થવા છતાં શેરબજાર એફએમસીજી અને ઓઇલ અને ગેસ શેરોની લેવાલીના ટેકાને આધારે પોઝિટીવ ઝોનમાં સ્થિર થવામાં સફળ રહ્યું હતું. જોકે, નકારાત્ક સમાચારો બાદ છેલ્લા કલાકમાં વેચવાલીનું દબાણ વધી જતાં શેરબજારે તેના મોટાભાગના ઇન્ટ્રાડે સુધારાને ગુમાવી દીધો હતો, સેન્સેક્સે નજીવો વધારો નોંધાવ્યો અને નિફ્ટી ગબડ્યો હતો, નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ અને નિફ્ટી મિડકેપ ૧૦૦ સૂચકાંકો એક ટકાથી વધુ તૂટી ગયા હતા. અંતે સેન્સેક્સ ૬૪ પોઈન્ટથી વધુ વધીને ૭૩,૯૮૩ પર જ્યારે નિફ્ટી ૨૭ પોઈન્ટ ઘટીને ૨૩,૨૧૫ પર બંધ થયો હતો.

નિફ્ટીમાં નેસ્લે ઇન્ડિયા, એક્સિસ બેન્ક, કોટક મહિન્દ્રા બેન્ક, હિન્દુસ્તાન યુનિલિવર અને આઇસીઆઇસીઆઇ બેન્ક ટોપ ગેઇનર રહ્યા હતા, જ્યારે કોલ ઇન્ડિયા, હિન્દાલ્કો ઇન્ડસ્ટ્રીઝ, ઇન્ફોસિસ, એનટીપીસી અને ઇટર્નલ ટોપ લુઝર્સ રહ્યા હતા. સેકટરલ ધોરણે, એફએમસીજી અને ખાનગી બેન્કિંગ શેરોએ સારુ પ્રદર્શન કર્યું, જ્યારે અન્ય તમામ મુખ્ય બેન્ચમાર્ક રેડ ઝોનમાં ગબડી ગયા, જેમાં મીડિયા, રિયલ્ટી, ઊર્જા, મેટલ, ઓઇલ અને ગેસ અને પીએસયુ બેંક શેરઆંકમાં એકાદ બે ટકાનો ઘટાડો હતો.

સીઆરએમ ગ્રીન ટેકનોલોજીના શેર તેના રૂ. ૧૯૨ના ઇશ્યુ ભાવ સામે ૪૩.૪૩ ટકા પ્રીમિયમ સાથે બીએસઇ પર રૂ. ૨૭૫.૪૦ના ભાવે અને એનએસઇ પર ૩૯.૫૩ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૨૬૮ના ભાવે લિસ્ટેડ થઇ છે. કંપનીનું માર્કેટ વેલ્યુએશન રૂ. ૫૫૦૪.૮૬ કરોડ નોંધાયું હતું. ડેનિમ, નોન-ડેનિમ, શર્ટિંગ અને શુટિંગ કાપડના ઉત્પાદનમાં વ્યસ્ત ઇન્ટિગ્રેટેડ ટેક્સટાઇલ કંપની વાર્વી ગ્લોબલ લિમિટેડે આશરે રૂ. ૧૨૦.૮ મિલિયનના મૂલ્યના બાઇંગ ઓર્ડર મેળવ્યા છે. આ ઓર્ડરમાં લગભગ નવ લાખ મીટર સુટિંગ કાપડનો પુરવઠો શામેલ છે. કંપની મૂલ્યવર્ધિત કાપડ સેગમેન્ટ અને નોન-ડેનિમ સેગમેન્ટમાંપગપેસારો વધારવાની યોજના ધરાવે છે.

સરકારના દેવા રોકાણો માટે તાજેતરના કર રાહત પગલાં પછી વિદેશી પોર્ટફોલિયો રોકાણકાર ના પ્રવાહમાં વધારો થયો હોવાથી પાછલા ચાર દિવસમાં ભારતીય સરકારી બોન્ડ યીલ્ડમાં તીવ્ર ઘટાડો થયો છે, જેમાં બેન્ચમાર્ક ૧૦-વર્ષના યીલ્ડમાં ૦.૧૦ ટકાનો ઘટાડો થયો છે. એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડે દેશભરની મહિલાઓને રોકાણ અને લાંબા ગાળાના નાણાકીય આયોજન દ્વારા નાણાકીય સ્વાવલંબન માટે પ્રેરણા આપવા તેની પ્રથમ રાષ્ટ્રીય રોકાણકાર શિક્ષણ અને જાગૃતિ પહેલ હેઠળ નારી રોકાણ યાત્રા શરૂ કરી છે. સેબી તરફથી નુવામા વેલ્થ મેનેજમન્ટને મ્યુચ્યુઅલ ફંડ બિઝનેસ શરૂ કરવાની મંજૂરી મળી છે. સ્ટાર લિન્કે જણાવ્યું છે કે ભારત સાથેની તેની વાટાઘાટો સકારાત્મક રહી છે અને તે અંતિમ મંજૂરીની પ્રતીક્ષામાં છે.




અમેરિકાએ પોતાનું અપાચે હેલિકોપ્ટર આઇઆરજીએસે તોડી પાડ્યું હોવાનું કારણ જણાવીને સ્વબચાવને નામે ઇરાનના અમુક હિસ્સા પર હુમલો કર્યો હતો. ઇરાને આના વળતા જવાબમાં અખાતના અમેરિકન નેવી બેઝ પર હુમલા કર્યા હતા અને વધુ હુમલાની ચેતવણી આપી હતી. જોકે, અમેરિકાએ પોતાના સ્વબચાવના હુમલા સમાપ્ત થઇ ગયા હોવાની ઘોષણા કરી હતી. આમ છતાં સત્રના મોટાભાગ દરમિયાન બજાર સ્થિર રહ્યું હતું અને ક્રૂડ ઓઇલના ભાવમાં પણ કોઇ વધારો જોવા મળ્યો નહોતો. છેલ્લા કલાકમાં જોકે વેચવાલીનું દબાણ વધી જવાને કારણે શેરબજારે આગળનો બધો જ સુધારો ગુમાવી દીધો હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે એક્સિસ બેન્ક ૧.૭૦ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૭૦ ટકા, કોટક બેન્ક ૧.૬૪ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૪૦ ટકા, આઈટીસી ૧.૩૦ ટકા અને એચડીએફસી બેન્ક ૧.૧૬ ટકા વધ્યા હતા, જ્યારે ઈન્ટરલ ૨.૪૬ ટકા, ટાટા સ્ટીલ ૧.૯૯ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૬૭ ટકા, ટાઈટન ૧.૪૮ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૩૨ ટકા, ભારતી એરટેલ ૧.૨૫ ટકા, એચસીએલ ટેકનોલોજી ૧.૨૨ ટકા, એનટીપીસી ૧.૧૪ ટકા અને ઈન્ફોસિસ ૦.૯૦ ટકા ઘટ્યા હતા.

આગામી સત્રોમાં રોકાણકારો પશ્ચિમ એશિયાના તણાવ, ક્રૂડ ઓઇલના ભાવ, એફઆઇઆઇના વલણ અને મુખ્ય આર્થિક ડેટા પર નજર રાખીને આગળ વધવાનું પસંદ કરશે. યુએસ ફુગાવાના આંકડા, ભારતના ફુગાવાના આંકડા, ચોમાસાની પ્રગતિ અને વૈશ્વિક બજારના વલણો રોકાણકારોના સેન્ટિમેન્ટને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

સ્થાનિક રોકાણકારો મે મહિનાના ભારતના ફુગાવાના ડેટા પર ધ્યાન કેન્દ્રિત કરશે, જે ૧૨ જૂને જાહેર થવાનો છે. વિદેશી વિનિમય અનામત ડેટા, જે તે જ દિવસે રજૂ થવાનો છે, તે દેશની બાહ્ય નાણાકીય સ્થિતિ વિશે વધુ સંકેતો આપશે.

વૈશ્વિક સ્તરે, બજારના સહભાગીઓ યુનાઇટેડ સ્ટેટ્સ અને ચીનના મહત્વપૂર્ણ આર્થિક ડેટા પર નજર રાખશે. આ અઠવાડિયે એક મોટી ઘટના યુએસ ગ્રાહક ફુગાવાના ડેટાની જાહેરાત છે. અપેક્ષા કરતાં ઓછું ફુગાવાનું સ્તર ફેડરલ રિઝર્વ દ્વારા ભવિષ્યમાં વ્યાજ દરમાં ઘટાડાની અપેક્ષાઓને મજબૂત બનાવી શકે છે, જે વૈશ્વિક ઇક્વિટી બજારોને ટેકો આપી શકે છે. જોકે, ફુગાવો ઊંચો હશે તો ઇક્વિટી બજારમાં અનિશ્ચિતતા અને વેચવાલીનું દબાણ વધારી શકે છે.

વૈશ્વિક ચિંતાઓ છતાં, વિશ્લેષકો ભારતીય બજારો માટે કેટલાક સકારાત્મક પરિબળો તરફ નિર્દેશ કરે છે. મજબૂત જીડીપી વૃદ્ધિ, આરબીઆઇના તાજેતરના નીતિગત નિર્ણય પછી રૂપિયામાં મજબૂતી અને ક્રૂડ ઓઇલના નીચા ભાવ રોકાણકારોના સેન્ટિમેન્ટને ટેકો આપી શકે છે. જોકે, આરબીઆઇએ પશ્ચિમ એશિયાની અથડામણો ધ્યાનમાં રાખીને નાણાકીય વર્ષ ૨૦૨૭ના જીડીપીનો અંદાજ ઘટાડીને ૬.૬ ટકા જાહેર કર્યો છે, જે એપ્રિલમાં ૬.૯ ટકા જાહેર કરાયો હતો. એકંદરે, કોર્પોરેટ કમાણીની મોસમ મોટાભાગે પૂર્ણ થયા પછી રોકાણકારોનું ધ્યાન ચોમાસાની પ્રગતિ, ફુગાવાના વલણો અને નાણાં પ્રવાહિતાની સ્થિતિ સહિતના મુખ્ય મેક્રો પરિબળો પર છે. અલ નીનોનું જોખમ તોળાઇ રહ્યું હોવાથી વરસાદ લાંબા ગાળાના સરેરાશથી નીચે રહેવાનો અંદાજ છે. જોકે એ સાથે જળાશય સ્તર અને અનાજના બફર સ્ટોક હાલ તો સંતોષજનક છે.

બજારની સ્થિરતા સામે જોખમ ઊભું કરી શકે એવી ઘટનામાં પાંચમી જૂને સમાપ્ત થયેલા સપ્તાહે જેમ અને જ્વેલરી સેકટરની રાજેશ એક્સપોર્ટ પર સેબીએ રૂ. ૧૫ લાખ કરોડના મિસરિપોર્ટીંગના કરેલા આરોપ સાથે જાહેર કરેલા આદેશને કારણે તેના શેર ગુરુવાર અને શુક્રવાર બાદ સોમ અને મંગળવારે સતત ચોથા દિવસે પણ, એનએસઇ અને બીએસઇ પર નીચલી સર્કિટમાં પટકાયા હતા. આ કંપનીમાં એલઆઇસીનું ૧૦ ટકાથી વધુ રોકાણ હોવાથી તેના શેરમાં પણ વેચવાલીનું દબાણ વધી રહ્યું છે.

દરમિયાન, ફોરેન પોર્ટફોલિયો ઇન્વેસ્ટર્સે જૂનના પ્રથમ સપ્તાહમાં ભારતીય ઇક્વિટીમાંથી લગભગ રૂ. ૪૩,૦૦૦ કરોડ ઉપાડી લીધા હતા, જે ૨૦૨૬માં કુલ આઉટફ્લો રૂ. ૨.૬૭ લાખ કરોડ સુધી પહોંચાડી છે. નિષ્ણાતો વૈશ્વિક એઆઇ-સંબંધિત રોકાણની તકો, નબળી કોર્પોરેટ કમાણી અને રૂપિયાના અવમૂલ્યનને વલણ પાછળના મુખ્ય કારણો તરીકે ટાંકે છે. નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (એનએસડીએલ)ના ડેટા અનુસાર, વિદેશી પોર્ટપોલિયો ઇન્વેસ્ટર્સે જૂન મહિનાના પહેલા સપ્તાહમાં સપ્તાહ દરમિયાન રૂ. ૪૨,૯૨૭ કરોડ શેર વેચી નાંખ્યા હતા. આનાથી ૨૦૨૬માં અત્યાર સુધીમાં ભારતીય ઇક્વિટીમાંથી કુલ વિદેશી રોકાણકારોનો બાહ્યપ્રવાહ વધીને રૂ. ૨.૬૭ લાખ કરોડ થયો છે. આ આંકડો ૨૦૨૫ના સમગ્ર વર્ષ દરમિયાન નોંધાયેલા વિડ્રોઅલના રૂ. ૧.૬૬ લાખ કરોડને પાર કરી ગયો છે. ■

# અમેરિકા-ઈરાન વચ્ચે શાંતિનો આશાવાદ ધૂંધળો બનતાં વિશ્વ બજાર પાછળ ચાંદીમાં ₹ ૧૨,૬૫૫નો અને સોનામાં ₹ ૫૪૩૮નો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિનો આશાવાદ ધૂંધળ બનતા ક્રૂડતેલના ભાવ ફરી ઊછળતાં ફુગાવો વધશે અને ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી ભીતિ સપાટી પર આવતા આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં ૨.૧ ટકાનો ઘટાડો આવ્યાના અહેવાલ હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૨,૬૫૫નું અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૩૫૧થી ૫૪૩૮નો કડાકો બોલાઈ ગયો હતો.




બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વિશ્વ બજાર પાછળ ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે વધુ ઘટાડાના આશાવાદે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પણ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૨,૬૫૫ના કડાડા સાથે રૂ. ૨,૩૩,૨૮૩ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે હાજરમાં ૧૦ ગ્રામદીઠ વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૫૩૫૧ના ઘટાડા સાથે રૂ. ૧,૪૬,૫૫૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૪૩૮ના ઘટાડા સાથે રૂ. ૧,૪૭,૧૪૬ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં ઘટ્યા મથાળેથી રોકાણકારોની રોકાણલક્ષી અને જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, જ્યારે વધુ ભાવઘટાડાના આશાવાદે રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે ફુગાવામાં વધારાની ભીતિ હેઠળ હાજર અને વાયદામાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૨.૧ ટકા ઘટીને અનુક્રમે ઔંસદીઠ ૪૧૭૨.૪૪ ડૉલર અને ૪૧૯૫.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ પણ ૨.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૬૩.૯૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકા અને ઈરાને એકબીજા પર હુમલાઓ કર્યાના નિર્દેશોને ધ્યાનમાં લેતા વૈશ્વિક સ્તરે ભૂરાજકીય તણાવ હોવા છતાં સોનું ફુગાવામાં વધારાની ચિંતાનું શિકાર બની રહ્યું હોવાનું એફએક્સટીએમના વિશ્લેષક લુકમાન ઑટુન્ગાએ જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે ઈરાનનાં રિવોલ્યુશનરી ગાર્ડે જણાવ્યું હતું કે અમેરિકાએ સ્ટ્રેટ ઑફ હોર્મુઝ પર કરેલા હુમલાના વળતા જવાબમાં અમે અમેરિકાના જોર્ડન, કુવૈત અને બહેરિન લશ્કરી બેઝ પર મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા છે.

આમ બન્ને દેશોએ હુમલા શરૂ કરતાં હવે શાંતિ વાટાઘાટોમાં પ્રગતિ થવાની શક્યતા સામે પ્રશ્નાર્થ ચિહ્ન મૂકાઈ જતાં ક્રૂડતેલના ભાવમાં વધારાની શક્યતાને કારણે સોના-ચાંદીના ભાવ દબાણ હેઠળ આવ્યા હતા. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત ૨૮મી ફેબ્રુઆરીથી અથવા તો જ્યારથી અમેરિકા-ઈઝરાયલે ઈરાન પર હુમલા કર્યા ત્યારથી અત્યાર સુધીમાં સોનાના વૈશ્વિક ભાવમાં ૨૦ ટકા જેટલો ઘટાડો આવી ગયો છે.

સામાન્યપણે યુદ્ધના સંજોગોમાં સોનામાં સલામતી માટેની માગ રહેતી હોય છે, પરંતુ હાલના સંજોગોમાં યુદ્ધને કારણે સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ બંધ હોવાથી ક્રૂડતેલના ભાવ વધી આવતાં ફુગાવો વધવાની શક્યતા અને ફુગાવો વધતાં અમેરિકી ફેડરલ રિઝર્વ સહિતની કેન્દ્રવર્તી વ્યાજદરમાં કાપ મૂકવાને સ્થાને વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા પ્રબળ બનતી હોવાથી કિંમતી ધાતુઓના ભાવ દબાણ હેઠળ આવી રહ્યા છે. અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ડિસેમ્બરના અંતે વ્યાજદરમાં વધારો કરે તેવી ૬૮ ટકા શક્યતા બજાર વર્તુળો સીએમઈ ફેડ વૉચ ટૂલ પર આજે મૂકી રહ્યા હતા.

જોકે, હાલમાં રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાનાં મે મહિનાના ફુગાવાના અથવા તો કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સના અને આવતીકાલે ગુરુવારે જાહેર થનારા પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા પર સ્થિર થઈ હતી. ■

# ડૉલર સામે રૂપિયામાં ૧૬ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં તથા બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં સાધારણ ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ તેમ જ સંભવત રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાનો બજારમાં હસ્તક્ષેપ રહ્યો હોવાથી તાજેતરમાં સરકારે ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોને આકર્ષિત કરવા માટે પગલાં લીધાં હોવાથી છેલ્લા ચાર દિવસમાં વિદેશી રોકાણકારોનો ફુલ્લી એક્સેસેબલ રુટ (એફએઆર) મારફતે રૂ. ૧૧,૦૨૬.૩૩૧ કરોડનો આંતરપ્રવાહ રહેતાં ભારત સરકારના બૉન્ડની યિલ્ડમાં ઘટાડો થતાં આજે સત્ર દરમિયાન ડૉલર સામે રૂપિયો એક તબક્કે ૧૫ પૈસા નબળો પડ્યા બાદ અંતે ૧૬ પૈસાના સુધારા સાથે ૯૫.૨૫ની સપાટીએ બંધ રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૪૧ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૫.૫૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૫૬ અને ઉપરમાં ૯૫.૦૭ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૬ પૈસા વધીને ૯૫.૪૩ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૨૦ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો. સ્ટ્રેટ ઑફ હોર્મુઝ સ્ટેટ દરિયાઈ માર્ગમાં અમેરિકી હેલિકૉપ્ટર તૂટી પડતાં અમેરિકાએ ઈરાન પર હુમલો કર્યો હોવાથી તેનાં વળતા જવાબમાં ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડઝે ડ્રોન અને લાંબાં અંતરની મિસાઈલો થકી અમેરિકી બેઝ પર હુમલા કરતા પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવ વણસે તેવી ભીતિ હેઠળ જો બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં ઉછાળો આવે તો રૂપિયો વધુ દબાણ હેઠળ આવે તેવી શક્યતા ફોરેક્સ ટ્રેડરોએ વ્યક્ત કરી હતી.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૪ ટકા ઘટીને ૯૯.૮૭ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૩૨




ટકા ઘટીને બેરલદીઠ ૯૧.૧૬ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં સાધારણ ૬૪.૪૨ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૨૭.૧૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો. તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૫૬૬.૦૩ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# મે મહિનામાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડોમાં આંતરપ્રવાહ ૧૨ મહિનાના તળિયે

નવી દિલ્હીઃ પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવને કારણે બજારમાં ભારે ચંચળતાનું વલણ રહ્યું હોવાથી ગત મે મહિનામાં ઈક્વિટી સંલગ્નિત મ્યુચ્યુઅલ ફંડોની વિવિધ સ્કીમોમાં ચોખ્ખો આંતરપ્રવાહ ઘટીને બાર મહિનાના તળિયે રૂ. ૨૨,૯૦૮ કરોડની સપાટીએ રહ્યો હતો. તેમ જ આગલા એપ્રિલ મહિનાના રૂ. ૩૮,૪૪૦ કરોડનાં આંતરપ્રવાહ સામે ૪૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો હોવાનું એસોસિયેશન ઑફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એમ્ફી)એ તાજેતરમાં સંકલિત કરેલી આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. એકંદરે ગત મે મહિનામાં મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં ખાસ કરીને ડેબ્ટલક્ષી સ્કીમોમાં વેચવાલીનું દબાણ વધુ રહેતાં આગલા એપ્રિલ મહિનામાં જોવા મળેલા રૂ. ૩.૨૨ લાખ કરોડનાં આંતરપ્રવાહ સામે રૂ. ૬૪,૧૩૧ કરોડનો ચોખ્ખો બાહ્યપ્રવાહ રહ્યો હતો. તેમ જ મહિનાના અંતે ઉદ્યોગની એસેટ્સ અન્ડર મેનેજમેન્ટ (ઓમ્સ)આગલા મહિનાના રૂ. ૮૧.૯૨ લાખ કરોડ સામે ઘટીને રૂ. ૮૧.૬ લાખ કરોડની સપાટીએ રહી હોવાનું યાદીમાં ઉમેર્યું હતું.

એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત મે મહિનામાં ઈક્વિટી સ્કીમોમાં ચોખ્ખો આંતરપ્રવાહ આગલા એપ્રિલ મહિનાના રૂ. ૩૮,૪૪૦ કરોડ સામે ઘટીને રૂ. ૨૨,૯૦૮ કરોડના સ્તરે રહ્યો હતો. તે પૂર્વે જાન્યુઆરી મહિનામાં રૂ. ૨૪,૦૨૮ કરોડનો, ફેબ્રુઆરી મહિનામાં રૂ. ૨૫,૯૭૮ કરોડનો અને માર્ચ મહિનામાં રૂ. ૪૦,૪૫૦ કરોડનો આંતરપ્રવાહ રહ્યો હતો. જોકે, તાજેતરનો અથવા તો ગત મે મહિનાનો આંતરપ્રવાહ મે, ૨૦૨૫ના રૂ. ૧૯,૦૧૩ કરોડનાં આંતરપ્રવાહ પછીનો સૌથી ઓછો આંતરપ્રવાહ રહ્યો હોવાનું યાદીમાં જણાવ્યું હતું. ■

# સાંકડી વધઘટે અથડાતી ખાંડ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૩૫થી ૩૮૬૫માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. તેમ જ આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની અને રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં હાજરમાં ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયા હતા, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેનો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ટકેલા રહ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના સુધારા સાથે રૂ. ૩૯૭૨થી ૪૦૪૬માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૮૨થી ૪૧૯૨માં



ટકેલા ધોરણે થયા હતા.


વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૦થી ૪૦૬૦માં ટકેલા ધોરણે થયા હતા. ■

# નફારૂપી વેચવાલીના દબાણે વિવિધ ધાતુઓમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે સત્રના આરંભે ખાસ કરીને અમેરિકા અને ઈરાને એકબીજા પર હુમલા કર્યાના નિર્દેશો સાથે ક્રૂડતેલના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હતો ને ડૉલર ઈન્ડેક્સમાં પણ નીચી સપાટીએથી સુધારો આવ્યો હોવાના અહેવાલે કોપર સહિતની ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં એકમાત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૫૦ સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની આક્રમક નફારૂપી વેચવાલીના દબાણ સામે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં જે ધાતુઓના ભાવમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો તેમાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૫૦ ઘટીને રૂ. ૫૧૧૯, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૩૮ ઘટીને રૂ. ૧૭૬૨, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૨૦ ઘટીને રૂ. ૧૩૬૬, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ ઘટીને રૂ. ૧૩૧૦, એલ્યુમિનિયમ ઈન્ગોટસના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ ઘટીને રૂ. ૩૮૨ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ.



૧૩૦૨ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલી નિરસ રહેતાં કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. નવ ઘટીને રૂ. ૧૨૯૪, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. આઠ ઘટીને અનુક્રમે રૂ. ૧૨૦૯ અને રૂ. ૩૬૫, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૮૮૦, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૩૨૦ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૧૧ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એકમાત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં છૂટીછવાઈ વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૮૩૫ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા. ■

# દેશી-આયાતી તેલમાં મિશ્ર વલણ

## ૧થી ૧૦ જૂન દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસમાં ૩.૫ ટકાની વૃદ્ધિ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૩૫ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા. તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૧ રિંગિટ વધી આવ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યાં હોવાથી દેશી-આયાતી તેલના ભાવમાં મિશ્ર વલણ રહ્યું હતું. આજે હાજરમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડ અને કપસિયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે મથકો પાછળ સરસવમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો અને અન્ય દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

સ્થાનિકમાં આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલ એગ્રોના જુલાઈ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૨૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૭૫, પતંજલિ ફૂડ્સના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦ અને સન રિફાઈન્ડના ૧૬૫૦ અને જુલાઈ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦, ઈમામીના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના જુલાઈ ડિલિવરી શરતે અનુક્રમે રૂ. ૧૪૫૦ અને રૂ. ૧૪૭૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૮ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૮ તથા ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૫ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, વેપાર અત્યંત નિરસ રહ્યા હતા.

ગુજરાતમાં ગોંડલ મથકે આજે મગફળીની ૧૦,૦૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૨૩૦૦ ગૂણીની આવક સામે બન્ને મથકો પર વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૫૫૦માં થયા હતા. તેમ જ ગોંડલમાં આજે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૨૫થી ૧૫૫૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૭૫થી ૧૪૮૦માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૨૦માં થયા હતા.

હાજર બજારમાં આજે ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના ભાવ રૂ. ૧૪૬૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૪૦, સિંગતેલના રૂ. ૧૬૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૫૫ અને સરસવના રૂ. ૧૬૦૫ના મથાળે રહ્યાં હતા. ■

# ભાવનગરમાં ૪૨.૧ ડિગ્રી ગરમી વચ્ચે ૩૪ કિ.મી.ની ઝડપે ગરમ પવન ફૂંકાયો, બફારા અને ગરમીથી લોકો ત્રાહિમામ્ પોકારી ઉઠ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગોહિલવાડ પંથક સહિત ભાવનગર શહેરમાં બુધવારે અસહ્ય ગરમીનો અનુભવ થયો હતો. સવારે વાદળછાયું વાતાવરણ જોવા મળતાં લોકોને ગરમીમાં થોડી રાહત મળશે તેવી આશા જાગી હતી, પરંતુ દિવસ ચઢતા જ ગરમીનું જોર ફરી વધ્યું હતું. શહેરમાં ૩૪ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ગરમ પવન ફૂંકાતા વાતાવરણ વધુ ગરમ બની ગયું હતું. ગરમ પવન અને બફારાના કારણે લોકો અકળાઈ ઉઠ્યા હતા અને દિવસભર ગરમીથી ત્રસ્ત બન્યા હતા.

ભાવનગર શહેરમાં મહત્તમ તાપમાન ૪૨.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુતમ તાપમાન ૨૮.૭ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. તાપમાન ૪૨ ડિગ્રીને પાર થતાં બપોરના સમયે શહેરના મુખ્ય માર્ગો પર લોકોની અવરજવર ઓછી જોવા મળી હતી. ખાસ કરીને વૃદ્ધો, બાળકો અને રોજિંદા કામ માટે બહાર નીકળતા લોકો ગરમીના કારણે પરેશાન થયા હતા.

વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૪૭ ટકા નોંધાતા ગરમી સાથે બફારાનો પણ અનુભવ થયો હતો. સામાન્ય રીતે તેજ પવન ફૂંકાય ત્યારે ગરમીમાં રાહત મળતી હોય છે, પરંતુ આજે ફૂંકાયેલા પવન ગરમ હોવાના કારણે લોકોને રાહત મળવાને બદલે વધુ અગવડતા અનુભવાઈ હતી. બપોરના સમયે ખુલ્લા વિસ્તારોમાં ગરમીની અસર વધુ જોવા મળી હતી અને અનેક લોકોએ ઘરની બહાર નીકળવાનું ટાળ્યું હતું.

ગરમીના કારણે ઠંડા પીણાં, શેરડીના રસ, લીંબુ શરબત અને આઈસ્ક્રીમની દુકાનો પર ગ્રાહકોની ભીડ જોવા મળી હતી. બીજી તરફ શહેરના બગીચા, જાહેર સ્થળો અને બજારોમાં બપોરના સમયે સામાન્ય દિવસોની સરખામણીએ ઓછી ચહલપહલ જોવા મળી હતી. રસ્તા પર કામ કરતા મજૂરો, રિક્ષાચાલકો અને ફેરીયાઓને સૌથી વધુ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

ગોહિલવાડ પંથકમાં ઉનાળાની આકરી ગરમી વચ્ચે લોકો હવે વરસાદની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. મેઘરાજાની એન્ટ્રી બાદ જ ગરમી અને બફારાથી લોકોને રાહત મળે તેવી આશા વ્યક્ત થઈ રહી છે. ■



રાજકોટ મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે આવેલા જન્મ-મરણ વિભાગમાં સર્વર સાવ ડાઉન થઈ જતાં લોકોએ હોબાળો કર્યો હતો. આ અંગેની જાણ થતાં મેયર ડૉ. નેહલ શુક્લ જાતે દોડી ગયા હતા. તેમણે આ સમસ્યા ઝડપથી ઉકેલવાની ખાતરી આપી હતી. (તસવીરકાર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ભાવનગર એસ. ટી. વિભાગ દ્વારા સંચાલન થકી ₹ ૧.૪૧ કરોડની આવક પ્રાપ્ત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના ભાવનગર વિભાગે એપ્રિલ-૨૬ની સરખામણી એ મે-૨૬ મા ભાવનગર વિભાગ દ્વારા ૨૮ કિ.મી.નું પ્રમાણ ઘટાડી '૦' બ્રેકડાઉન તેમજ વેકેશન દરમિયાન મુસાફર જનતા ને વધુને વધુ સુવિધા પુરી પાડવાના અભિગમ સાથે સુચારુ આયોજન થકી ૭૦,૦૦૦ કિ.મી.નું વધુ સંચાલન હાથ ધરવામા આવ્યું હતું.

એપ્રિલ-૨૬ ની આવકની સરખામણી એ મે-૨૬ મા ભાવનગર વિભાગ દ્વારા હાથ ધરાયેલ સંચાલન થકી રૂ. ૧,૪૧,૧૯,૦૦૦/- (એક કરોડ એક તાલીસ લાખ ઓગણીસ હજાર) વધુ આવક પ્રાપ્ત કરી છે. ભાવનગર વિભાગની માહે એપ્રિલ-૨૬ ની તુલના એ માહે-મે-૨૬ મા ઓનલાઈન રિઝર્વેશનના માધ્યમથી માહે-મે-૨૬ મા મુસાફરો દ્વારા ૪૬૭૮૮ જેટલી વધુ સીટો બુક કરેલ જેના થકી વિભાગની રિઝર્વેશન આવકમાં રૂ. ૭૬,૯૨, ૦૦૦/- (છોતેર લાખ બાણું હજાર) નો વધારો થયો છે.

એપ્રિલ-૨૬ ની સરખામણી એ મે-૨૬ મા ભાવનગર વિભાગ દ્વારા હાથ ધરાયેલ સંચાલન થકી વિભાગની પ્રતિ કિ.મી. આવકમાં રૂ.૨.૬૦ નો વધારો થવા પામેલ છે. તદઉપરાંત વિભાગના ભાવનગર તેમ જ મહુવા કેન્દ્ર દ્વારા તેમના ડેપોનો સંચાલન ખર્ચ કવર કરી અનુક્રમે ૫૦ લાખ તેમજ ૦૮ હજાર વધુ આવક મેળવી છે. ■

# ડોળી લેબર યુનિયન ગ્રામ્ય-સિટી પાલિતાણા અને જૈન તીર્થ રક્ષા ટ્રસ્ટ, અમદાવાદ સિવાય અન્ય કોઈ દ્વારા ગિરિરાજ ઉપર જતી ડોળીઓની નોંધણી પર પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જૈન તીર્થધામ પાલિતાણા ખાતે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની જાળવણી તેમજ યાત્રિકોની સુવિધા, સુરક્ષા, સલામતી અને સગવડ ધ્યાને લેતા ગિરિરાજ ઉપર જતી ડોળીઓની એક જ સ્થળેથી નોંધણી થાય તે ઉચિત જણાતાં ભાવનગર જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.ડી.ગોવાણીએ મળેલા અધિકારની રૂઈએ તા.૯/૬/૨૦૨૬ થી તા. ૭/૮/૨૦૨૬ સુધી ડોળી લેબર યુનિયન ગ્રામ્ય-સિટી પાલિતાણા ઉપરાંત જૈન તીર્થ રક્ષા ટ્રસ્ટ, અમદાવાદ સિવાય અન્ય કોઈ દ્વારા ગિરિરાજ ઉપર જતી ડોળીઓની નોંધણી કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે. જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલ ફોજદારી કામ માંડવા માટે ફરજ પરના કોઇપણ હેડકોન્સ્ટેબલથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીને અધિકાર રહેશે. ■

# ભાવનગરમાં ₹ ૧.૧૩ લાખના મુદ્દામાલ સાથે ઘરફોડ ચોરીનો રીઢો આરોપી ઝડપાયો, ત્રણ ગુનાઓનો ભેદ ઉકેલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ લોકલ ક્રાઇમ બ્રાન્ચ એ ઘરફોડ ચોરીના ગુનાઓ સામે મહત્ત્વની સફળતા મેળવી એક રીઢા આરોપીની ધરપકડ કરી તેની પાસેથી રોકડ રૂ.૫૩ હજાર સહિત કુલ રૂ.૧,૧૩,૨૦૭નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપીની પૂછપરછ દરમિયાન ગારીયાધારમાં થયેલી બે અને નવસારીમાં થયેલી એક એમ કુલ ત્રણ ઘરફોડ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલવામાં આવ્યો હતો.

એલસીબીની ટીમ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે ગારીયાધાર બાયપાસ રોડ પર સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ નજીક અગાઉ ચોરીના ગુનામાં ઝડપાયેલ વિજય ઉર્ફે કાદર હિંમતભાઈ મકવાણા શંકાસ્પદ હાલતમાં સ્પ્લેન્ડર મોટરસાઇકલ સાથે ઊભો છે અને તેની પાસે રોકડ રકમ તેમજ તાળા તોડવાના સાધનો છે.

બાતમીના આધારે પોલીસે સ્થળ પર પહોંચી તપાસ કરતા વિજય ઉર્ફે કાદર હિંમતભાઈ મકવાણા (ઉ.વ.૩૫) રહે. હાલ સરદાર ચોક, શિહોરને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી રોકડ રૂ.૫૩ હજાર, સાબુ-શેમ્પુ, તાળા તોડવાના સાધનો, ટોર્ચ, બે મોબાઈલ ફોન અને સ્પ્લેન્ડર મોટરસાયકલ સહિત કુલ રૂ.૧,૧૩,૨૦૭નો મુદ્દામાલ મળી આવ્યો હતો. મુદ્દામાલ અંગે કોઈ સંતોષકારક આધાર-પુરાવા રજૂ કરી શક્યો ન હોવાથી પોલીસે તેની ધરપકડ કરી હતી.

આરોપીની સઘન પૂછપરછમાં તેણે ગારીયાધારના ગાંધી ચોક વિસ્તારમાં આવેલી જલારામ સાબુ સોપ નામની દુકાનમાંથી સાબુ, શેમ્પુ અને રોકડ રકમની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. ઉપરાંત ગારીયાધાર મેઈન બજારમાં આવેલી પારેખ પ્રોવિઝન સ્ટોર અને શેફી હાર્ડવેર નામની દુકાનોમાંથી રોકડ રકમની ચોરી કરી હોવાનું તેમજ આશરે બે મહિના અગાઉ નવસારી શહેરના પુષ્પાંજલી એપાર્ટમેન્ટમાં આવેલી આઈડિયા એડવાઈઝિંગ નામની ઓફિસમાંથી રોકડ રકમની ચોરી કરી હોવાનું પણ સ્વીકાર્યું હતું.

પોલીસ તપાસમાં આરોપી સામે રાજકોટ, ભાવનગર, ગીર સોમનાથ, સુરેન્દ્રનગર, સુરત, આણંદ સહિત રાજ્યના વિવિધ શહેરોમાં ઘરફોડ ચોરી, ચોરીના પ્રયાસ અને અન્ય ગુનાઓના કુલ ૧૩થી વધુ ગુનાઓ નોંધાયેલા હોવાનું બહાર આવ્યું છે. આરોપી દિવસ અને રાત્રિના સમયે તક મળતાં જ દુકાનો અને મકાનોનાં તાળાં તોડી ચોરી કરવાની મોડસ ઓપરેન્ડી ધરાવતો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તેને ગારીયાધાર પોલીસ મથકને સોંપ્યો છે. ઉપરાંત નવસારીમાં નોંધાયેલા ગુનાની માહિતી સંબંધિત પોલીસને પણ મોકલવામાં આવી છે. સમગ્ર કામગીરી એલસીબીના પીએસઆઈ આર.એ. વાઢેર તથા સ્ટાફના જયદાનભાઈ લાંગાવદરા, બીજલભાઈ કરમટીયા, જગદીશભાઈ સાંગા, ફાલ્ગુનસિંહ ગોહિલ, શૈલેષભાઈ ચાવડા, રાજુભાઈ વાઘેલા અને નીલેશભાઈ જોશીની ટીમે સફળતાપૂર્વક પાર પાડી હતી. ■

# ભાવનગરના તળાજામાં બે જ દિવસમાં કેરીના ભાવમા ₹ ૪૦૦નો ઉછાળો, છતાંય ટમેટાં મોંઘાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાની તળાજા શાકમાર્કેટમાં અને કેરીની હોલસેલ પીઠના જે ભાવ બહાર આવ્યા છે તે ચોંકાવનારા આવ્યા છે. કેરી, કાંદા અને ટમેટાએ છેલ્લા ત્રણેક દિવસમા ભાવમાં હરીફાઈ કરી હોય તેવું લાગી રહ્યું છે. આર્થિક રીતે સામાન્ય પરિવારો ને આ ત્રણેય વસ્તુઓ હવે બે-પાંચ કિલો એકસાથે ખરીદી કરવી પોસાય તેમ નથી. તેમાંય કેરી કરતાં ટમેટાંના ભાવ તળાજા શાક માર્કેટમાં વધુ બોલાઇ રહ્યા છે.

ડુંગળીના સંગ્રહખોરોએ કાળા બજાર શરૂ કર્યા છે. ત્યારે આગામી સમયમાં ભીમ અગિયારસના દિવસે ખાસ દીકરીને મોસાળમા તેડાવીને કેરી પુરીનું જમણ પીરસવાની પરંપરા છે. ભીમ અગિયારસના દિવસે ઉપવાસ હોય સાથે કેરી ખાવાનું ખાસ મહત્ત્વ આપવામાં આવતું હોય આ દિવસે કેરીનું વેચાણ દરોજ કરતા પાંચ ગણું વધી જાય છે. તેના માટે હોલસેલ વેપારીઓ પાંચ-દસ દિવસ અગાઉ પીઠમાંથી કેરી ખરીદી કરીને પકવવાની તૈયારી કરી દેતા હોય છે.

આમ તો આખી સિઝન સારી કેરીના ભાવ મણદીઠ ૧૪૦૦થી વધારે જ રહ્યા છે. પરંતુ છેલ્લા પાંચ દિવસ દરમિયાન રૂ.૧૨૫૦ આસપાસ બોલાયા બાદ બેજ દિવસમાં મણદીઠ રૂ.૪૦૦ થી વધુનો ઉછાળો આવ્યોછે. આમતો આંબાના ઇજારો રાખનાર અથવાતો ખેડૂતોને આખી સિઝન ભાવને લઈ સરેરાશ સારી રહી. તળાજા પીઠમાં દાણો પડી ગયેલી કાચી કેરીના મળેલા ભાવને લઈ ખેડૂતોના ચહેરા પર ખુશી જોવા મળી હતી. તળાજા પીઠમાં સારી કેરી હોલસેલના ભાવ મણદીઠ રૂ. ૧૬૫૦ જેટલા હરાજીમાં બોલાયા હતા. હજુ આગામી દિવસોમા ભાવ વધે તેવી શક્યતા દર્શાવાઇ રહી છે.

બીજી તરફ ટમેટાના ભાવમા લાલચોળ તેજી નીકળી છે. શાક માર્કેટમાં ટમેટા ૫૦૦ ગ્રામના રૂ. ૫૦ ના ભાવે વેચાતા હતા. કેરી કરતા ટમેટા મોંઘા થવા લાગ્યા છે. ડુંગળીના ભાવ હજુ વધે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. ■

# ભાવનગરમાં આરટીઓ ઈ-ચલાન એપ ડાઉનલોડ કરતા જ વેપારીના ખાતામાંથી ₹ ૭.૮૭ લાખની રકમ સાફ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં ડિજિટલ ફ્રોડનો વધુ એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. વિજયરાજ નગર વિસ્તારમાં રહેતા એક વેપારીના વોટ્સએપ પર અજાણ્યા નંબર પરથી આવેલી લિંક દ્વારા એપીકે ફાઈલ ઈન્સ્ટોલ કરાવી, મોબાઈલનો એક્સેસ મેળવીને સાયબર ગઠિયાઓએ ચાર અલગ-અલગ બેંક ખાતાઓમાંથી કુલ રૂ. ૭,૮૭,૬૧૨/- ની ઓનલાઈન મતાની ઉઠંતરી કરી લીધી હોવાની ફરિયાદ ભાવનગર સાયબર ક્રાઈમ વિભાગમાં નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સાયબર ક્રાઈમના આ બનાવ અંગે મળતી માહિતી મુજબ, વિજયરાજ નગરમાં રહેતા અને ઓઈલની દુકાન ધરાવતા હાર્દિકભાઈ ભરતભાઈ સંઘવી ગત તા. ૦૫/૦૨/૨૦૨૬ના રોજ સાંજે પોતાના વોટ્સએપ પર હતા. તે દરમિયાન અજાણ્યા મોબાઈલ નંબર (૯૦૯૮૯૭૩૫૯૯) પરથી તેમને ''આરટીઓ ઈ ચલાન.એપીકે'' નામની એક ફાઈલ મોકલવામાં આવી હતી. હાર્દિકભાઈએ આ એપ્લિકેશન લિંક પર ક્લિક કરી તેને ફોનમાં ઈન્સ્ટોલ કરી હતી. એપ્લિકેશન ઈન્સ્ટોલ થતાંની સાથે જ વેપારીનું વોટ્સએપ એકાઉન્ટ બંધ થઈ ગયું હતું અને તેમના મોબાઈલ પર એમેઝોન, પૈસાબજાર અને વન મની જેવી એપ્લિકેશન્સના ઓટીપી મેસેજ આવવા લાગ્યા હતા.

વેપારી કંઈ સમજે વિચારે ત્યાં સાયબર ગુનેગારોએ વેપારીના મોબાઈલનો ડેટા હેક કરીને કોટક મહિન્દ્રા બેંકના એચ.યુ.એફ., સગીર પુત્ર સાક્ષીના તેમજ ભાઈ સાથેના જોઈન્ટ એકાઉન્ટ સહિત કુલ ૪ ખાતાઓમાંથી કટકે-કટકે રૂ. ૭.૮૭ લાખથી વધુની રકમ ટ્રાન્સફર કરી લીધી હતી. વેપારીએ તાત્કાલિક બેંકનો સંપર્ક કરી સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી. આ અંગે હાર્દિકભાઈએ ભાવનગર પોલીસમાં કાયદેસરની ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા સાયબર ઠગ વિરુદ્ધ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ■

# ભાવનગરમાં સામાન્ય બાબતે પાંચ શખ્સોનો હિંસક હુમલોઃ એક જ પરિવારના ૩ સભ્યો લોહીલુહાણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના ઘોઘારોડ વિસ્તારમાં આવેલી કૈલાશ સોસાયટીમાં ઠપકો આપવા જેવી સામાન્ય બાબતમાં પાંચ શખ્સોએ એક જ પરિવાર પર લોખંડના પાઇપ અને લાકડાના ધોકા વડે જીવલેણ હુમલો કર્યો હતો. આ હિંસક હુમલામાં યુવક અને તેની માતા-બહેનને ગંભીર ઇજાઓ પહોંચતા સારવાર માટે સર ટી. હોસ્પિટલ ખસેડાયા હતા.

મળતી વિગત મુજબ ભાવનગર શહેરના કૈલાશ સોસાયટીમાં રહેતા હરેશભાઈ અરવિંદભાઈ દિહોરા (ઉ.વ. ૨૧)ની બહેન ને સાંજે ઘરે એકલી હતી ત્યારે પડોશમાં રહેતો પ્રવિણ ગોવિંદભાઈ કિશોરા બોલાચાલી કરી ગયો હતો. આ બાબતનો ઠપકો આપવા હરેશભાઈના માતા હંસાબેન પડોશીના ઘરે ગયા હતા. આ વાતની ખાર રાખી રાત્રે સાડા દસ વાગ્યાની આસપાસ પ્રવિણ દિહોરા, રાજુ ગોવિંદભાઈ દિહોરા અને મહેન્દ્ર વજીરભાઈ દિહોરા લોખંડના પાઇપ અને હરેશભાઈના ઘરે ધસી આવ્યા હતા અને ગાળો આપી હરેશભાઈ તથા તેમની બહેન તેમજ શરીરના ભાગે આડેધડ પાઇપ ફટકાર્યા હતા. આ હિંસક હુમલા દરમિયાન હરેશભાઈને બચાવવા વચ્ચે પડેલા તેમના માતા અને બહેન પર અન્ય બે શખ્સો અમિત હરેશભાઈ ટાપલીયા અને અજય હરેશભાઈ ટાપલીયાએ લાકડાના ધોકા વડે હુમલો કર્યો હતો. અંતે 'હવે પછી ઠપકો આપવા આવશો તો જાનથી મારી નાખીશું' તેવી ધમકી આપી તમામ ધસી ગયા હતા.

દરમિયાન હરેશભાઈ અને તેમની માતાને ગંભીર ઇજા થઈ હતી, તત્કાલિક ૧૦૮ મારફતે હોસ્પિટલ ખસેડાયાં હતાં. આ અંગે હરેશભાઈએ પાંચેય શખ્સો વિરુદ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં ગુનો નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ■

# રાજકોટમાં પતિના અવસાન બાદ પત્નીનું મુંડન કરાવવાનો આક્ષેપ, મહિલા પોલીસ મથકે ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ શહેરમાં અંધશ્રદ્ધા અને સામાજિક કુરિવાજો સાથે જોડાયેલો એક ચોંકાવનારો મામલો પ્રકાશમાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ, પતિના અવસાનના ત્રીજા જ દિવસે પત્નીનું મુંડન કરાવવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ઘટનાને લઈને મહિલા પોલીસ મથકે ગુનો નોંધાતા મામલો ચર્ચાનો વિષય બન્યો છે.

પ્રાથમિક વિગતો અનુસાર, ૧૧ નવેમ્બર ૨૦૨૫ના રોજ ચંદ્રેશ જાગણી નામના વ્યક્તિનું અવસાન થયું હતું. ત્યારબાદ મૃતકની પત્નીનું મુંડન કરાવવામાં આવ્યું હોવાનો આરોપ તેમના સાસુ અને નણંદ સામે લગાવવામાં આવ્યો છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, પરિવારના દબાણ અને આદેશના કારણે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

મહિલાએ નોંધાવેલી ફરિયાદમાં વધુમાં એવો પણ આક્ષેપ કર્યો છે કે પતિ કેન્સરથી પીડિત હોવા છતાં પરિવાર અંધશ્રદ્ધામાં વિશ્વાસ રાખતો હતો. સારવાર અને દવાઓ ચાલુ રાખવાને બદલે ભૂવા અને માન્યતાઓ પર વધુ ભાર મૂકવામાં આવ્યો હતો, જેના કારણે સારવાર પણ અસરગ્રસ્ત થઈ હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે.

હાલ સમગ્ર મામલે મહિલા પોલીસ દ્વારા ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે. તપાસ પૂર્ણ થયા બાદ જ ઘટનાની હકીકત અને જવાબદારી અંગે સ્પષ્ટ ચિત્ર સામે આવશે.

આ ઘટનાએ ૨૧મી સદીમાં પણ અંધશ્રદ્ધા અને મહિલાઓ સામેના સામાજિક ભેદભાવ અંગે ફરી એકવાર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. ■

# ભુજ સાયબર સેલનો સપાટોઃ ભચાઉના નાની ચિરઈ પાસે દારૂના મોટા કટિંગનો પર્દાફાશ, ₹ ૨૭.૯૩ લાખના મુદ્દામાલ સાથે ચાર સાગરીત ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સરહદી રેન્જ ભુજના પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડિયાના માર્ગદર્શન હેઠળ ભુજ સાયબર સેલની ટુકડીએ પૂર્વ કચ્છના ભચાઉ તાલુકાના નાની ચિરઈ ગામની સીમમાં દારૂના એક મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે.

પોલીસે નાની ચિરઈ ગોકુળ ગામ નજીક આવેલા 'સાગર સમ્રાટ સી-વેઝ પ્રાઇવેટ લિમિટેડ'ના ટ્રક પાર્કિંગમાં મોડી રાત્રે આકસ્મિક દરોડો પાડીને મોટા પાયે વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

આ સફળ ઓપરેશન દરમિયાન પોલીસે સ્થળ પરથી ચાર આરોપીને રંગેહાથ ઝડપી લીધા છે, જ્યારે એક બુટલેગર અંધારાનો લાભ ઉઠાવીને નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

સાયબર સેલની ટીમને નાની ચિરઈ પાસે આવેલા ખાનગી પાર્કિંગમાં બહારના રાજ્યમાંથી દારૂનો મોટો જથ્થો લાવીને તેનું કટિંગ કરવામાં આવી રહ્યું હોવા અંગે મળેલી પૂર્વ બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખીને રાત્રિના સમયે દરોડો પાડ્યો હતો. પોલીસ ટુકડી જ્યારે ઘટનાસ્થળે પહોંચી ત્યારે ત્યાં ઊભેલી એક મોટી ટ્રકમાંથી બોલેરો કેમ્પર ગાડીમાં દારૂની પેટીઓ ચડાવવાની કામગીરી ચાલી રહી હતી. પોલીસે સ્થળ પરથી ચાર શખસને દબોચી લીધા હતા.

પોલીસે ઘટનાસ્થળેથી તામિળનાડુ પાસિંગની એક ટ્રક અને ગુજરાત પાસિંગની ગાડી કબજે કરી હતી.

આ બંને વાહનોની સઘન તલાશી લેતાં તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરની કુલ ૧૭૫ પેટી મળી આવી હતી, જેમાં કુલ ૬,૩૨૦ નંગ બોટલ અને ટીનનો જથ્થો છુપાવેલો હતો. જપ્ત કરાયેલા આ શરાબના જથ્થાની અંદાજિત કિંમત રૂ. ૧૧.૭૩ લાખ આંકવામાં આવી છે. પોલીસે દારૂના જથ્થા સહિત ટ્રક, બોલેરો ગાડી, મોબાઈલ ફોન અને અન્ય સામગ્રી મળીને કુલ રૂ. ૨૭.૯૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી આરોપી અરશદ રફીક શાહ, જીતુ ગોપાલ ગ્વાલા, ઉત્તમ ગોપાલ ગ્વાલા અને રેવન સમયલાલ આદિવાસીની ધરપકડ કરી લીધી છે.

પ્રાથમિક પૂછપરછમાં આ જથ્થો કચ્છના સ્થાનિક બુટલેગરોને સપ્લાય કરવાનો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે નાસી છૂટેલા અજ્ઞાત આરોપી તેમ જ આ દારૂનો જથ્થો મગાવનારા મુખ્ય સૂત્રધારને પકડી પાડવા માટે પ્રોહિબિશન એૅક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# મુંદરાનું એરપોર્ટ ખાતે આગામી ૨૩ જૂનથી સ્ટાર એરની વિમાની સેવાઓનો પ્રારંભ, ઓનલાઈન બુકિંગ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ઔદ્યોગિક હબ એવા મુંદરા પંથકના પ્રવાસીઓ માટે લાંબા સમયની પ્રતીક્ષાનો આખરે સુખદ અંત આવ્યો છે. અત્યાર સુધી માત્ર અદાણી ગ્રૂપના ખાનગી વપરાશ પૂરતા સીમિત રહેલા મુંદરા એરપોર્ટને હવે કમર્શિયલ એટલે કે સામાન્ય નાગરિકોની અવરજવર માટે સત્તાવાર મંજૂરી મળી ગઈ છે. આગામી ૨૩મી જૂનથી 'સ્ટાર એર' કંપની દ્વારા અહીંથી નિયમિત વિમાની સેવાઓ શરૂ કરવામાં આવશે. આ એરપોર્ટને 'એમડીએ' કોડ ફાળવવામાં આવ્યો છે અને સામાન્ય પ્રવાસીઓ માટે ૧૦૦ મુસાફરની ક્ષમતાવાળું એક આધુનિક પેસેન્જર ટર્મિનલ પણ સજ્જ કરી દેવાયું છે.

અગાઉ આ સેવા એપ્રિલ માસમાં શરૂ થવાની ધારણા હતી, પરંતુ એરપોર્ટને પ્રાઇવેટમાંથી પબ્લિક કેટેગરીમાં રૂપાંતરિત કરવા માટેની સત્તાવાર પ્રક્રિયા, સીમાવર્તી વિસ્તારની સુરક્ષાવ્યવસ્થા અને વિવિધ સરકારી મંજૂરીઓ મેળવવામાં વિલંબ થયો હતો. હવે આ તમામ પ્રક્રિયા પૂર્ણ થઈ જતાં ૨૩ જૂનથી મુંદરાના આકાશમાં જેટ પ્લેન ઉડાન ભરશે. નવી ફ્લાઇટ શિડ્યૂલ અનુસાર, મુંદરાથી મુંબઈ, હિંડન (દિલ્હી એનસીઆર) ગોવા અને સુરત માટે સીધી ફ્લાઇટ્સ ઉપલબ્ધ બનશે. આ ઉપરાંત મુંદરા થઈને કનેક્ટિંગ ફ્લાઈટ્સ મારફતે પ્રવાસીઓ બેંગલૂરુ, નાંદેડ, કોલ્હાપુર અને બેલગાવી જેવા દેશના મહત્વના શહેરો સાથે વન-સ્ટોપ કનેક્ટિવિટીથી જોડાઈ શકશે.

અંતરંગ સૂત્રોના જણાવ્યા અનુસાર, મુંદરાથી શરૂ થઈ રહેલી આ હવાઈ સેવાનું ભાડું પણ પ્રમાણમાં વાજબી રાખવામાં આવ્યું છે. મુંદરાથી સુરતનું શરૂઆતી ભાડું રૂ. ૩,૦૦૦, મુંબઈ માટે રૂ. ૪,૫૦૦ તેમ જ દિલ્હી અને ગોવા માટે રૂ. ૫,૧૦૦થી શરૂ થશે. આ તમામ રૂટ્સ માટે ઓનલાઈન ટિકિટ બુકિંગનો પ્રારંભ પણ કરી દેવાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છના મુંદરા અને કંડલા બંદરો તેમજ અહીં આવેલી હજારો મોટી ઔદ્યોગિક કંપનીઓને કારણે દેશ-વિદેશના ઉદ્યોગપતિઓ અને પ્રોફેશનલ્સની અવરજવર સતત રહે છે. હાલમાં ભુજ એરપોર્ટ પરથી મુંબઈની ત્રણ તેમ જ દિલ્હી અને સુરતની એક-એક મળીને માત્ર પાંચ ફ્લાઇટ્સ જ કાર્યરત છે. વળી, કંડલા એરપોર્ટનો રનવે નાનો હોવાના કારણે ત્યાંથી ચાલતી એકમાત્ર સ્પાઇસજેટની ફ્લાઇટ પણ ગત ૨૨ એપ્રિલથી બંધ થઈ ચૂકી છે. આ પરિસ્થિતિમાં મુંદરા એરપોર્ટ શરૂ થવું એ ગાંધીધામ અને અંજાર સંકુલના પ્રવાસીઓ માટે કંડલા એરપોર્ટનો શ્રેષ્ઠ અને સક્ષમ વિકલ્પ સાબિત થશે. ઉડ્ડયન ક્ષેત્રના વિશ્લેષકોના મતે, મુંદરાથી નવી એરલાઇન્સ આવવાના કારણે આ ક્ષેત્રમાં હરીફાઈ વધશે, જે આગામી સમયમાં અન્ય એરલાઇન્સના ભાડાં પર પણ અંકુશ લાવવામાં મદદરૂપ થશે. ■